# રાહનુમા-એ-ઝાઈર

ભાગ - ૧

## નજફની ઝિયારતો

: પ્રકાશક :


**હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ**

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર (ગુજરાત-ઈન્ડીયા)

ફોન : ૦૨૭૮-૨૫૧૦૦૫૬, ૨૪૨૩૭૪૬

Website : www.hajinaji.com, E-mail : hajinajitrust@yahoo.com

Facebook : www.facebook.com/hajinajitrust

કિતાબનું નામ

# રાહનુમા-એ-ઝાઈર (ભાગ-૧)

આવૃત્તિ : પહેલી (ફેબ્રુઆરી ૨૦૧૪)

નકલ : ૨૦૦૦

હદિયો : રૂા.૭૦/- (ભાગ-૧ અને ૨)

સંકલન અને પ્રકાશન :

## હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક,
ભાવનગર (ગુજરાત-ઈન્ડીયા)
ફોન : ૦૨૭૮-૨૫૧૦૦૫૬, ૨૪૨૩૭૪૬

# ... બે બોલ ...

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાના ફઝલો કરમથી અને ચહારદા માઅસૂમીનોના વસીલાથી સન ૧૯૯૦માં હાજી નાજી સાહેબના મુખલીસ ચાહકો અને અકીદતમંદોએ આપની મઝહબી અને સામાજિક ખિદમતની કદરદાનીરૂપે આપનાજ નામથી ભાવનગર મુકામે હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટની સ્થાપના કરી. જેમાં મરહૂમ અલ્લામા હાજી નાજી સાહેબની અધૂરી ખ્વાહિશને પૂરી કરવા નિખાલસભાવે મઝહબી અને સામાજિક પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી આજ સુધીમાં નેવું જેટલી દીની

કિતાબોનું પ્રકાશન કરેલ છે સાથે સાથે આજના આધુનિક યુગની જરૂરતોને ધ્યાનમાં લઇ વેબસાઇટમાં કિતાબો મૂકવામાં આવી છે. તે ઉપરાંત આ વેબસાઇટમાં ઓડિયો અને વીડીઓની પણ સુવિધા ઉપલબ્ધ છે. અને એક બોર્ડીંગનું પણ સંચાલન કરવામાં આવે છે જેમાં હાલમાં બાવન બાળકો લાભ લઇ રહ્યા છે.

આ કિતાબ પ્રકાશનનો મકસદ મોટી દળદાર કિતાબોની જગ્યાએ પોકેટ સાઇઝની નાનકડી પુસ્તિકામાં ઝિયારતો, આમાલો, દુઆઓ વગેરે પ્રસ્તુત કરવાનો છે. આ કિતાબમાં ઝિયારતની અગત્યની મુખ્ય મુખ્ય

બધી જ બાબતો આવરી લેવામાં આવી છે. આ કિતાબનાં સંપાદન કરવામાં નીચે મુજબ કિતાબોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૧) તોહફએ નૂર (ભાગ-૮)

૨) મક્કા-મદીના-ઇરાક-ઇરાન અને શામની ઝિયારતો

૩) મફાતીહુલ જિનાન

૪) ઝિયાફતે ઝરીહ

૫) ઉર્દૂ-ગુજરાતી શબ્દકોશ

૬) જોડણીકોશ

૭) ફીરોઝુલ લુગાત

૮) મિસ્બાહુલ લુગાત

આ કિતાબના કાર્યમાં સહકાર આપનાર તમામ ભાઇઓ ખાસ કરીને હાજી કાસમભાઇ જીવાણીનો આભારી છું. આ કિતાબનો લાભ લેનાર તમામ વાંચકોને અમારા માટે દુઆએ ખૈર કરવા વિનંતી છે.

**હાજી ગુલામહુસૈન મેઘાણી**

(મેનેજીંગ ટ્રસ્ટી)
હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | અમુક જરૂરી મસાએલ | ૦૧ |
| ૨ | અમુક અરબી અને ફારસી શબ્દોની સમજણ | ૦૫ |
| ૩ | આદાબે સફર | ૧૧ |
| ૪ | પવિત્ર સ્થળોની વિગત | ૧૭ |
| ૫ | અઇમ્મા અ.સ.ની ઝિયારતના આદાબ | ૨૦ |
| ૬ | નજફે અશરફનો નકશો | ૨૪ |
| ૭ | હઝરત અલી અ.સ.ની ઝિયારતની ફઝીલત | ૨૬ |
| ૮ | હઝરત અલી અ.સ.ની ઝિયારત | ૩૦ |
| ૯ | હ. આદમ અ.સ.ની ઝિયારત | ૮૦ |
| ૧૦ | હ. નૂહ અ.સ. ની ઝિયારત | ૮૨ |

| | | |
|---|---|---|
| ૧૧ | વિદાઅ અમીરૂલ મોઅમેનીન અ.સ. | ૯૦ |
| ૧૨ | મસ્જિદે હન્નાના | ૯૭ |
| ૧૩ | રોઝએ કોમૈલ | ૧૦૬ |
| ૧૪ | મસ્જિદે કૂફાનો નકશો | ૧૦૮ |
| ૧૫ | મસ્જિદે કૂફાની ફઝીલત | ૧૧૦ |
| ૧૬ | મસ્જિદે કૂફાના આમાલ | ૧૧૨ |
| ૧૭ | મકામે ઇબ્રાહીમ અ.સ. | ૧૧૭ |
| ૧૮ | મકામે ખિઝર અ.સ. | ૧૨૭ |
| ૧૯ | દક્કતુલ કઝા | ૧૨૭ |
| ૨૦ | મકામે બૈતુત તશ્ત | ૧૩૦ |
| ૨૧ | મકામે હઝરત મોહમ્મદ મુસ્તુફા સ.અ.વ. | ૧૩૫ |
| ૨૨ | મકામે હઝરત આદમ અ.સ. | ૧૩૭ |
| ૨૩ | મકામે જિબ્રઇલ અ.સ. | ૧૫૮ |

| | | |
|---|---|---|
| ૨૪ | મકામે ઇ.ઝૈનુલ આબેદીન અ.સ. | ૧૬૩ |
| ૨૫ | મકામે હઝરત નૂહ અ.સ. | ૧૭૨ |
| ૨૬ | હઝરત અલી અ.સ.ની મેહરાબ | ૧૭૫ |
| ૨૭ | મકામે ઇ. જઅફર સાદિક અ.સ. | ૧૭૭ |
| ૨૮ | હઝરત અલી અ.સ.નો સુફ્ફો | ૧૮૦ |
| ૨૯ | મુનાજાતે અમીરૂલ મોઅમેનીન | ૧૮૮ |
| ૩૦ | હ.મુસ્લિમ બિન અકીલ અ.સ. ની ઝિયારત | ૧૯૪ |
| ૩૧ | જનાબે હાની બિન ઉરવાહની ઝિયારત | ૨૧૩ |
| ૩૨ | ઝિયારતે મુખ્તારે સકફી (અ.ર.) | ૨૧૭ |
| ૩૩ | મસ્જિદે સેહલાનો નકશો | ૨૨૦ |
| ૩૪ | મસ્જિદે સેહલા | ૨૨૨ |
| ૩૫ | મકામે ઇ. જઅફર સાદિક અ.સ. | ૨૩૧ |
| ૩૬ | મકામે હઝરત ઇબ્રાહીમ અ.સ. | ૨૩૭ |

| | | |
|---|---|---|
| ૩૭ | મકામે હઝરત ઇદરીસ અ.સ. | ૨૪૦ |
| ૩૮ | મકામે હઝરત ખિઝર અ.સ. | ૨૪૨ |
| ૩૯ | મકામે સાલેહીન અ.સ. | ૨૪૪ |
| ૪૦ | મકામે ઇ. ઝૈનુલ આબેદીન અ.સ. | ૨૪૮ |
| ૪૧ | મકામે ઇ.સાહેબુઝઝમાન અ.સ. | ૨૫૦ |
| ૪૨ | ઝૈદ બિન સોહાન અને સાઅસા બિન સોહાનની મસ્જિદ વિશે | ૨૬૩ |
| ૪૩ | ઝૈદ બિન સોહાન (રઝી.)ની મસ્જિદ | ૨૬૪ |
| ૪૪ | સાઅસા બિન સોહાન (રઝી.)ની મસ્જિદ | ૨૭૫ |
| ૪૫ | ઝિયારતે જામેઅહ્ | ૨૮૪ |
| ૪૬ | દુઆએ આલીય્યતુલ મઝામીન | ૨૮૯ |

# અમુક જરૂરી મસાએલ

૧) મુસાફેરતની હાલતમાં ચાર રકાતવાળી નમાઝને કસ્ર એટલે કે બે રકાત પડવાની હોય છે. અને તેના માટે અમુક શર્તો છે. જેમકે આવવા-જવાની મુસાફરીનું અંતર આઠ ફરસખ (લગભગ ૪૫ કી.મી.) હોવું જોઇએ. દસ દિવસ સુધી રોકાવવાનો ઇરાદો ન હોય. વિગેરે...

૨) કોઇ જગ્યાએ દસ દિવસ સુધી રોકાવવાનો ઇરાદો હોય અને એક ચાર રકાતવાળી નમાઝ પઢી લેવામાં આવે. પછી ઇરાદો બદલાય અને દસ દિવસ કરતા ઓછુ રોકાવવાનો ઇરાદો કરે તો જ્યાં સુધી ત્યાં રહેશે. નમાઝ પૂરી પડશે.

૩) કોઇ જગ્યાએ દસ દિવસ સુધી રોકાવવાનો ઇરાદો હોય અને એક ચાર રકાતવાળી નમાઝ પઢ્યા પહેલાં અથવા નમાઝ દરમિયાન ઇરાદો બદલાય અને દસ દિવસ કરતા ઓછું રોકાવવાનો ઇરાદો કરે તો નમાઝ કસ્ર પડશે.

૪) મુસાફરી દરમિયાન બસ, ટ્રેન કે પ્લેનમાંજ નમાઝનો સમય વીતી જાય તેમ હોય તો ચાલુ બસ ટ્રેન કે પ્લેન વગેરેમાં જે શર્તોની જાળવણી શક્ય બને તે શર્તો સાથે નમાઝ પઢવી. જેમ કે, તમામ નમાઝ દરમિયાન કિબ્લા તરફ રહેવું શકય ન હોય. તો ફક્ત તકબીરતુલ અહેરામ કહેતી વખતે કિબ્લા તરફ રહે. રૂકૂઅ, સુજુદ બજાવી લાવવું

શક્ય ન હોય તો બેઠા બેઠા જે રીતે શક્ય બને તે રીતે અંજામ દેવું જોઇએ વિગેરે...

૫) મસ્જિદુલ હરામમાં, મસ્જિદે નબવીમાં અને મસ્જિદે કુફામાં મુસાફર પૂરી નમાઝ પડી શકે છે, બલ્કે મક્કા મદીના અને કુફાના આખાય શહેરમાં પોતાની નમાઝો પૂરી પડી શકશે. ઉપરાંત હઝરત સય્યદુશ્શોહદા ઇમામ હુસૈન અલય્હિસ્સલામના હરમમાં એમની કબ્રે મુબારકથી પચ્ચીસ હાથના અંતર સુધી પૂરી નમાઝ પડી શકે છે.

ઉપર જણાવેલ જગ્યાએ પૂરી નમાઝ પઢવાનો ઇખ્તિયાર છે. એટલે ચાહે તો પૂરી પડે અને ચાહે તો કસ્ર પઢે.

૬) ઔરતોને હૈઝ (માસિકસ્ત્રાવ)ની

હાલતમાં હરમ મુબારકની અંદર ઝરીહવાળા રૂમમાં દાખલ થવું હરામ છે. પરંતુ આસપાસના રવાક (રૂમ)માં ઉભા રહીને ઝિયારત પઢવામાં કોઇ વાંધો નથી.

૭) જ્યારે હોટલ વગેરેમાં જમવા જાય ત્યારે

**(A)** જમવાનું લાવનાર મુસલમાન છે કે નહિ તેની તપાસ કરવી જરૂરી નથી. ભલે પછી તપાસ કરવું આસાન હોય.

**(B)** જમવાનું લાવનાર મુશરિક હોય.

આ બંને હાલતમાં ગોશ્ત અને તેની બનાવટ સિવાયની વસ્તુઓ જો નજીસ થવાનું યકીન ન હોય. તો ખાવામાં કોઇ વાંધો નથી. (જદીદ ફીકહી મસાએલ, મસઅલા નં.૧૫૫-૧૫૬)

# અમુક અરબી અને ફારસી શબ્દોની સમજણ

| ગુજરાતી | અરબી | ફારસી |
|---|---|---|
| પા | રૂબ્અ | રૂબ્અ |
| અર્ધુ | નિસ્ફ | નિમ |
| પોણું | સુલ્સ | સુલ્સ |
| એક | વાહેદ | યેક |
| બે | ઇસ્નૈન | દો |
| ત્રણ | સલાસા | સે |
| ચાર | અરબઅ | ચહાર |
| પાંચ | ખમ્સા | પંજ |
| છ | સિત્તા | શિશ |



અનુક્રમણિકા

## અમુક અરબી અને ફારસી શબ્દોની સમજણ

| | | |
|---|---|---|
| સાત | સબઆ | હફ્ત |
| આઠ | સમાનેયા | હશ્ત |
| નવ | તિસઆ | નોહ |
| દસ | અશરા | દહ |
| અગિયાર | અહદાઅશર | યાઝદા |
| બાર | ઇસ્નાઅશર | દવાઝદા |
| તેર | સલાસાઅશર | સિંઝદા |
| ચઉદ | અરબાઅશર | ચહારદા |
| પંદર | ખમ્સાઅશર | પાંઝદા |
| સોળ | સિત્તાઅશર | શાંઝદા |
| સત્તર | સબઆઅશર | હિફ્દા |
| અઢાર | સમાનેયાઅશર | હિચદા |
| ઓગણીસ | તિસઆઅશર | નુઝદા |

# અમુક અરબી અને ફારસી શબ્દોની સમજણ

| | | |
|---|---|---|
| વીશ | ઇશરૂન | બિસ્ત |
| ત્રીસ | સલાસૂન | સી |
| ચાલીસ | અરબઉન | ચેહલ |
| પચાસ | ખમ્સૂન | પન્જાહ |
| સાઇઠ | સિત્તૂન | શસ્ત |
| સિત્તેર | સબઉન | હફતાદ |
| એંશી | સમાનૂન | હશ્તાદ |
| નેવું | તીસઉન | નવ્વદ |
| સો | મેઅહ | સદ |
| બસો | મેઅતૈન | દવીસ્ત |
| ત્રણસો | સલાસામેઅહ | સીસદ |
| ચારસો | અરબઆમેઅહ | ચહારસદ |
| પાંચસો | ખમ્સામેઅહ | પાંનસદ |

## અમુક અરબી અને ફારસી શબ્દોની સમજણ

| | | |
|---|---|---|
| છસો | સિત્તામેઅહ | શીશસદ |
| સાતસો | સબઆમેઅહ | હફ્તસદ |
| આઠસો | સમાનેયમેઅહ | હશ્તસદ |
| નવસો | તિસઆમેઅહ | નોહસદ |
| હજાર | અલ્ફ | હઝાર |
| શું કિંમત છે ? | કમિલ કિમતો | ચંદે |
| લઇ આવ | જીબ | બિયાવર |
| આવ | તઆલ | બિયા |
| મોંઘુ | ગાલી | ગિરાન |
| સસ્તું | રખીસ | અરજૂન |
| આપ | આઅતે | બેદેહ |
| લઇ લે | ખુઝ | બેગીર |
| બજાર | સૂક | બાજાર |

## અમુક અરબી અને ફારસી શબ્દોની સમજણ

| | | |
|---|---|---|
| આ | હાઝા | ઇન |
| તે | ઝાક | ઉન |
| બેઠી જાવ | ઇરકબ | સવાર શવીદ |
| ઉતરી જાવ | અનઝેલુ | પયાદે શવીદ |
| ગાડી | સય્યારહ | માશીન |
| જુ ઓ | શુફ | બેબીન |
| પાણી | મિયા | આબ |
| રોટલી | ખુબ્ઝ | નાન |
| દૂધ | હલીબ | શીર |
| દહીં | લબન | માસ્ત |
| ગોશ્ત | લહમ | ગુશ્ત |
| ચા | શાય | ચાય |
| ઠંડું | બારીદ | ખુનક |



અનુક્રમણિકા

# અમુક અરબી અને ફારસી શબ્દોની સમજણ

| | | |
|---|---|---|
| ગરમ | હાર | દાગ |
| ફ્રુટ | ફવાકેહ | મેવા |
| ઇંડું | બૈદુન | તુમ્ખે મુરઘ |
| અખબાર | જરીદતુન | રોઝનામે |
| રસ્તા | શારેઅ | ખયાબાન |
| હું બીમાર છું | અના મરીઝુન | મન બીમાર અમ |
| હું આવ્યો | જેઅતો | આમદમ |
| ડુંગળી | બસલ | પિયાઝ |
| ગલી | ઝોકાક | કુંચે |
| | | |
| | | |
| | | |
| | | |

# આદાબે સફર

સફર પર જતા પહેલાં

૧) સફર પર જતા પહેલા ગુસ્લ કરે. બે રકાત નમાઝ પઢે. આયતુલ કુરસી અને સૂરએ અલહમ્દ પઢે. પછી સલવાત પઢીને આ દુઆ પઢે.

**અલ્લાહુમ્મ ઈન્ની અસ્તવંદેઓકલ યવ્મ નફસી વ એહલી વ માલી વ વુલદી વ મન કાન મિન્ની બે સબીલી નીશશાહેદ મિનહુમ વલ ગાએબ. અલ્લાહુમ્મહ ફઝના બે હિફઝીલ ઈમાને વહફઝ અલયના અલ્લાહુમ્મજ અલના ફી રહમતેક વલા તસલુબ્ના ફઝલક ઈન્ના ઈલયક રાગેબુન**

**અલ્લાહુમ્મ ઈન્ના નઉઝોંબેક મિનૅ વઅ્સાંઈસૅ સફરે. વકાબતીલ મુનકૅલબે વ સુઈલૅ મનઝૅર ફીલૅ અહૅલે વલૅ માલે. વલૅ વલદે ફિદદુનિયા વલૅ આખેરતે. અલ્લાહુમ્મ ઈન્ની અતવજજહો ઈલય્ક હાઝૅતૅ તવજજોહ તૅલબનૅ લે મરઝાંતેક વ તકર્રોબનૅ ઈલય્ક. અલ્લાહુમ્મ ફબલ્લીગૅની મા ઓઅમ્મેલોહુ વ અરજુહો ફીક વફી અવલીયાએક યા અરહૅમર રાહેમીન.**

અય અલ્લાહ ! આજના દિવસે મારી જાન, મારૂ ખાનદાન, મારી ઔલાદ અને જે કોઇ મારાથી સંબંધ રાખે છે. ચાહે તે હાજર

હોય કે ગાયબ. તને સોંપુ છું. તારી પનાહમાં આપું છું. અય અલ્લાહ ! અમારી હિફાજત કર. અમારા ઇમાન અને અમારી જાનની હિફાજત કર. અય અલ્લાહ ! અમને તારી રહેમતની છાયામાં રાખ અને અમને તારા ફઝલો કરમથી દૂર ન કર. અમે તારી તરફ રગબત ધરાવનાર છીએ. અય અલ્લાહ સફરમાં મુશ્કેલીઓથી માયુસ થઇને પાછું ફરવાથી અને અમારા ખાનદાન, અમારા માલ અને અમારી ઔલાદની બાબતમાં દુનિયા અને આખેરતની બૂરાઇથી અમે તારી પનાહ માંગીએ છીએ. અય અલ્લાહ ! અમે તારી તરફ તવજ્જો કરીએ છીએ. તારી ખુશનુદી અને તારી નજદીકી હાંસિલ કરવા માટે. બસ

અમારી એ આરજૂઓ સુધી અમને પહોંચાડી દે જે તારાથી અને તારા ઔલિયાઓથી છે. અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

૨) સલામતી માટે સદકો આપે. સદકો આપતી વખતે આ દુઆ પઢે.

**અલ્લાહુમ્મ ઈન્ની શતરયતો બે હાઝેહીસ સદકતે. સલામતી વ સલામત સફરી વમા મઈ અલ્લાહુમ્મહ ફઝની વહ ફઝ મા મઈ વ સલ્લીમની વ સલ્લીમ મા મઈ વ બલ્લીગની વ બલ્લીગ મા મઈ. બે બલા ગેકલે હસનીલ જમીલે**

અય અલ્લાહ ! હું ચાહું છું કે આ સદકાના

બદલામાં મારી સલામતી, મારી સફરની સલામતી અને એ ચીજ-વસ્તુઓની સલામતી જે મારી સાથે છે. અય અલ્લાહ ! મારી હિફાજત કર અને જે મારી સાથે છે તેની હિફાજત કર અને મને સલામતી આપ. અને જે મારી સાથે છે તેને સલામતી આપ. મને અને જે મારી સાથે છે તેને ખૈરો-આફીયત સાથે મંઝિલ પર પહોંચાડી દે.

૩) સલામતી માટે થોડીક ખાકે શિફા સાથે રાખે. અને સાથે રાખતી વખતે આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ હાઝેહી તીનતો કબ્રીલ હુસૈન અલય્હિસ્સલામો વલીય્યેક વબ્ને વલીય્યેક ઈત્તખઝતોહા હિરઝન લેમા અખાફો વ માલા અખાફો.**

અય અલ્લાહ ! આ ઇમામે હુસૈન (અ.સ.)ની કબ્રની માટી છે. જે તારા વલી છે અને તારા વલીના ફરઝંદ છે. એ વસ્તુથી કે જેનાથી હું ડરૂ છું અને એ વસ્તુથી કે જેનાથી હું નથી ડરતો તેની પનાહ માટે આને (ખાકે શિફાને) ઉપાડું છું.

૪) સલામતી માટે અકીક અને ફીરોઝાની વીંટી સાથે રાખવી.

૫) સફરમાં સાથીઓ સાથે સદવર્તન રાખવું.

૬) સફરથી પાછા ફરતી વખતે પોતાના કુટુંબી, સગા સ્નેહીઓ અને દોસ્તો માટે તોહફા (ભાતુ) લાવે.

# પવિત્ર સ્થળોની વિગત

**નજફ : હરમમાં :**

(૧) હઝરત અલી અ.સ.ની કબ્ર (૨) હઝરત આદમ અ.સ. ની કબ્ર (૩) હઝરત નૂહ (અ.સ.)ની કબ્ર (૪) અલ્લામા યુસુફ બિન મઝાહિર હિલ્લી રહ.ની કબ્ર (૫) અલ્લામા મુકદ્દસે અરદબેલી રહ.ની કબ્ર (આ બન્ને કબ્રો હરમના મિનારામાં છુપાએલી છે.)

**હરમની બહાર :**

(૧) મકામે ઇમામ ઝૈનુલ આબેદીન અ.સ. (૨) અલ્લામા શેખ અબુ જઅફર તૂસીનો મકબરો (૩) આયતુલ્લાહ ખુઇની કબ્ર અને મસ્જિદ

**વાદીઉસ્સલામ :**

(૧) હઝરત હુદ અ.સ. નો મકબરો (૨)

હઝરત સાલેહ અ.સ.નો મકબરો (૩) મકામે ઇમામે જઅફર સાદિક અ.સ. (૪) મકામે ઇમામે ઝમાના

## કુફા શહેરની નજદીક :

(૧) હઝરત કુમૈલ બિન ઝિયાદનો મકબરો (૨) મસ્જિદે હનાના (૩) હઝરત ઇબ્રાહીમ ઇબ્ને મુસન્ના ઇબ્ને ઇમામ હસન અ.સ.નો મકબરો (૪) જનાબે મિસમે તમ્મારનો મકબરો, (૫) મસ્જિદે ઝૈદ અને મસ્જિદે સાઅસા (મસ્જિદે સેહલાની નજદીક)

## કુફા :

(૧) મસ્જિદે કુફા : મેહરાબ અને મિમ્બર હઝરત અલી અ.સ., પૈગમ્બરો અને અઇમ્મા અ.સ.ના મુસલ્લા, એ જગ્યા જયાંથી તૂફાને

નૂહની શરૂઆત થઇ હતી, હઝરત મુસ્લિમ બિન અકીલનો મકબરો, જનાબે અમીર મુખ્તારની કબ્ર, જનાબે હાની ઇબ્ને ઉરવાહનો મકબરો, (૨) હઝરત અલી અ.સ.નું ઘર (૩) જનાબે ખદીજા સલા. ઇબ્ને અલી અ.સ.નો મકબરો (૪) હઝરત યુનુસ અ.સ.નો મકબરો (તે જગ્યા કે જયાં આપને માછલીએ પોતાના પેટમાંથી આપને પાછા કાઢયા હતા) મસ્જિદે સેહલા : ઇમામ જઅફર સાદિક અ.સ.નો મુસલ્લો, હઝરત ઇબ્રાહીમ અ.સ.નો મુસલ્લો, હઝરત ઇદરીસ અ.સ.નો મુસલ્લો, હઝરત ખિઝર અ.સ.નો મુસલ્લો, મકામે સાલેહીન, ઇમામ ઝૈનુલ આબેદીન અ.સ.નો મુસલ્લો, મકામે ઇમામે ઝમાના અ.સ.

# અઇમ્મા અ.સ.ની ઝિયારતના આદાબ

(૧) ઝાઇરીન મુસાફરીને નીકળવા પહેલા ગુસલ કરે (૨) માર્ગમાં નકામી વાતો અને લડાઇ ઝઘડાથી બચે (૩) દરેક ઇમામના રોઝાની ઝિયારત માટે જવા પહેલા ગુસલ કરે (૪) નાપાકીથી દૂર રહે, અને બાવઝુ રહે. (૫) પાક સાફ અન સ્વચ્છ કપડા પહેરે (૬) ઇમામ હુસૈન અ.સ.ની ઝિયારત સિવાય બાકીના અઇમ્માની ઝિયારત કરવા જતી વખતે ખુશ્બૂ લગાવે (૭) રોઝા મુબારક ઉપર જતી વખતે હળવે પગલે ચાલે, માથાને જૂકાવીને ચાલે, આજુ બાજુ જુએ નહિ.

તકબીર, હમ્દ અને સલવાત પઢતા રહે . (૮) હરમ મુબારકના દરવાઝા પાસે ઉભા રહી ઇઝને દુખૂલ પઢે, નમ્રતા અને આજીજી સાથે, કોશિશ કરે કે આંખમાંથી આંસુ નીકળે . (૯) હરમ મુબારકમાં દાખલ થતી વખતે પહેલા જમણો પગ અંદર મૂકે અને બહાર નીકળતી વખતે ડાબો પગ. (૧૦) ઝરીહ મુબારકથી એટલા નજીક રહે કે ઝરીહ મુબારકથી વળગી શકાય, ઝરીહ મુબારકને ચૂમે અને હાથોથી પકડે (૧૧) અગર ઉભા ઉભા ઝિયારત પડવામાં કોઇ તકલીફ હોય તો બેસીને પણ ઝિયારત પઢે. (૧૨) ઝિયારતો એવી પઢે કે જે ઇમામોથી રિવાયત થયેલી હોય. પોતાની

જાતે કે બીજાઓની બનાવેલી ઝિયારતો ન પઢે. (૧૩) ઝિયારત પઢી લીધા પછી બે રકાત નમાઝ હદિયએ ઝિયારત પઢે. (૧૪) હરમ મુબારકમાં દાખલ થવા ટાઇમે જો નમાઝ થઇ રહી હોય તો પ્રથમ નમાઝ પઢે. પછી ઝિયારત પઢે. (૧૫) ઝરહી મુબારક પાસે બેસીને કુરઆને મજીદની તિલાવત કરે. (૧૬) પોતાના ગુનાહોની તૌબા કરે અને ઇરાદો કરે કે હવેથી ગુનાહોથી પરહેઝ કરીશ (૧૭) પોતાના શહેરમાં પાછા જતી વખતે દરેક હરમ મુબારકમાં ઝિયારતે વિદાઅ પઢે (૧૮) શેખ, શહીદ રહ. એ ફરમાવ્યું છે કે, જયારે ઝિયારત કરી લે તો ત્યાંથી પાછા

વળવા માટે ઉતાવળ કરે અને બીજી વખત ઝિયારત માટે આવવાની ઇચ્છાઓ વ્યક્ત કરે

(૧૯) પવિત્ર સ્થળોએ ત્યાંના ગરીબ લોકોની ભરપૂર મદદ કરે.

## નજફે અશરફના રોઝાનો નકશો



A હ. અલી અ.સ.ની કબ્ર
B હ. નૂહ અ.સ.ની કબ્ર
C હ. આદમ અ.સ.ની કબ્ર
D અલ્લામા મુકદ્દસ અરદબેલીની કબ્ર
E અલ્લામા હિલ્લીની કબ્ર
F સ્ત્રીઓ માટે નમાઝની જગ્યા
G પરશાળ
H મુખ્ય દરવાજો
I બાબુલ કીબ્લા
J આયતુલ્લાહ ખૂઈની કબ્ર
K આયતુલ્લાહ ખૂઈની મસ્જિદ

# નજફે અશરફ

# હઝરત અલી અ.સ.ની ઝિયારતની ફઝીલત

નજફે અશરફ એ પવિત્ર જગ્યા છે જ્યાં મુશ્કિલ કુશા હઝરત અમીરૂલ મોઅમેનીન ઇમામે મુત્તકીન અલી અ.સ.નો પાક રોઝો આવેલો છે. હદીસોથી પૂરવાર થાય છે કે તેની આસપાસ, જનાબે આદમ અ.સ. જનાબે નૂહ અ.સ. જનાબે હુદ અ.સ. જનાબે સાલેહ અ.સ. જનાબે યુનુસ અ.સ. અને તેમના સિવાય ઘણા નબીઓ અને વસીઓની કબરો આવેલી છે હઝરત ઇમામ જઅફર સાદિક અ.સ. ફરમાવે છે કે, માણસ મારા દાદા

અમીરૂલ મોઅમેનીન અ.ની ઝિયારત બજાવી લાવે અને તે આપના હક્કોને ઓળખતો હોય અને આપને બિલા ફસ્લ ખલીફા માનતો હોય તો ખુદા તેના માટે એક લાખ શહીદોનો સવાબ અતા કરે છે, અને તેના પહેલાંના અને પછીના તમામ ગુનાહોને બક્ષી આપે છે અને તેને કયામતમાં નિર્ભર ઉઠાડવામાં આવશે તેના પર હિસાબ કિતાબ આસાન કરી દેવામાં આવશે.

હદીસોથી વધુમાં જાણવા મળે છે કે ઇમામે હુસૈન અ.સ.નું મસ્તક પણ અહીં દફન કરવામાં આવ્યું છે.

જયારે ઝાઇર ઝિયારત માટે આવે છે ત્યારે ફરિશ્તાઓ તેનું સ્વાગત કરે છે અને વાપસીમાં ઘર સુધી પહોંચાડવા આવે છે.

રસ્તામાં જો બીમાર થઇ જાય તો તેની સારવાર કરે છે, અને મરી જાય તો તેના જનાઝામાં શરીક થાય છે. તેના માટે બક્ષિશની દુઆ કરતા કરતા તેને કબર સુધી પહોંચાડે છે, અને જે કોઇ હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ.ની ઝિયારત માટે જાય છે તો ખુદા તેના દરેક કદમ પર એક મકબૂલ હજ અને પસંદીદા ઉમરાનો સવાબ અતા કરે છે અને જો પગપાળા જાય તો દરેક પગલે બે મકબૂલ હજ અને બે પસંદીદા ઉમરાનો સવાબ આપે છે. ત્યાર પછી આપે ઇબ્ને મારદને સંબોધી ફરમાવ્યું કે અય ઇબ્ને મારદ ! ખુદાની કસમ ! એ માણસને જહન્નમની આગ જલાવશે નહિ, જે હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ.ની

ઝિયારત કરવા ધૂળમાં ખરડાએલી હાલતમાં પગ પાળા અથવા સવારી પર જશે. અય ઇબ્ને મારદ મારી આ વાતને સોનાના પાણીથી લખી લે. ઝિયારતની ફઝીલત અને સવાબ વિશે ઘણી હદીસો ટાંકવામાં આવેલ છે. પણ લંબાણની બીકે આટલું પૂરતું સમજવામાં આવે છે. ધ્યાનમાં રહે કે જ્યારે હઝરત અલી અ.સ.ની ઝિયારત પઢવાનો ઇરાદો કરે ત્યારે પહેલા ગુસલ કરે. પાક સાફ કપડાં પહેરે અને ખુશ્બૂ લગાડે.

# હઝરત અલી અ.સ.ની ઝિયારત

## સહેનના ફાટક ઉપર પહોંચે તો પઢે :

**અલ્લાહુમ્મ ઈન્ન હાઝ઼ લે હ઼રમ હ઼રમોક વલે મક઼ામ મક઼ામોક વ અના અદે ખ઼ોલો ઈલયેહે ઓનાજીક બે મા અનેત અઅ઼લમો બેહી મિન્ની વ મિને સિર્રી વ નજ્વાય અલે હ઼મ્દો લિલ્લાહિલે હ઼ન્નાનિલે મન્નાનિલે મોતતૅવ્વેલિલે લઝ઼ી મિને તતૅવ્વોલેહી સહેહલ લી ઝિયારત મવ્લાય બે એહ઼સાનેહી વ લમે યજ્અ઼લેની અ઼ને ઝિયારતેહી મમ્નૂઅ઼ને વ લા અ઼ને**

**વિલાયતેહી મદ્દકૂઅન બલે તતૅવ્વલ વ મનહૅ અલ્લાહુમ્મ કમા મનનત અલય્ય બે મઅરેફતેહી ફજઅલની મિન શીઅતેહી વ અદખિલનિલ જન્નત બે શિફાઅતેહી યા અરહમર રાહેમીન.**

યા અલ્લાહ ! ખરેખર આ હરમ તારૂં હરમ છે અને આ સ્થળ તારૂં સ્થળ છે અને હું તેમાં મુનાજાત કરતો દાખલ થઇ રહ્યો છું એ ભાન સાથે કે તું મારા દિલની છુપી વાતોને મારાથી વધારે જાણે છે. તમામ વખાણ તે ખુદાને લાયક છે જે મહેરબાની કરવાવાળો, ઉપકાર કરવાવાળો અને માફ કરવાવાળો છે. તેણે પોતાની મહેરબાનીથી મારા મૌલાની

ઝિયારત મારા માટે આસાન કરી દીધી તેણે મને તે જનાબની ઝિયારતથી વંચિત અને તેમની મહોબ્બતથી દૂર ન રાખ્યો બલકે મારા પર મહેરબાની કરી અને મને ઝિયારત નસીબ કરી. અય ખુદાવંદા ! જેમ તેં મને તેમની માઅરેફતથી નવાજ્યો છે તેવી રીતે મારો શુમાર તેઓના માનવાવાળાઓમાં કર અને તેમના વસીલાથી મને જન્નતમાં દાખલ કર, અય સૌથી વધારે રહેમ કરવાવાળા.

**જયારે સહેનમાં દાખલ થાય ત્યારે પઢે :**

**અલ હમદો લિલ્લાહિલ લઝીં અકરમની બે મઅરેફતેહી વ મઅરેફતે રસૂલેહી વ મન ફરઝ અલય્ય તાઅતહૂ રહમતન મિનહૂ**

લી વ તતૅવ્વોલને મિનહૂ અૅલય્ય વ મન્ન અૅલય્ય બિલે ઈમાને અલે હૅમ્દો લિલ્લાહિલે લઝીં અદખૅલની હૅરમ અખીં રસૂલેહી વ અરાનીહે ફી આૅફેયતિન. અલે હૅમ્દો લિલ્લાહિલે લઝીં જઅૅલની મિને ઝુવ્વારે કૅબરે વસીય્યે રસૂલેહી અશહદો અલે લા ઈલાહ ઈલ્લલ્લાહો વહૅદહૂ લા શરીક લહૂ વ અશહદો અન્ન મોહૅમ્મદને અૅબદોહૂ વ રસૂલોહૂ જાૅઅ બિલે હૅકકે મિને ઈનદિલ્લાહે વ અશહદો અન્ન અૅલીય્યને અૅબદુલ્લાહે વ અખૂં રસૂલિલ્લાહે અલ્લાહો અકબરો અલ્લાહો અકબરો અલ્લાહો

અકબરો લા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબરો વલ હમ્દો લિલ્લાહે અલા હિદાયતેહી વ તવફીકેહી લે મા દઆ ઈલયહે મિન સબીલેહી. અલ્લાહુમ્મ ઈન્નક અફઝલો મકસૂદિન વ અકરમો મઅતીયયિન વ કદ અતયતોક મોતકર્રેબન ઈલયક બે નબીય્યેક નબીયયિર રહમતે વ બે અખીહે અમીરિલ મુઅમેનીન અલીયયિબને અબી તાલેબિન અલયહેમુસ સલામો ફ સલ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ લા તોખય્યિબ સઅયી વનઝુર ઈલય્ય નઝરતન રહીમતન તનઅશોની બેહા

**વજઅલની ઈંનદક વજીહન ફિદ દુનયા વલ આખેરતે વ મેનલ મોકર્રરબીન.**

તમામ તારીફ એ ખુદાની જેણે મને તેની માઅરેફતથી નવાજયો, તેના રસૂલની ઓળખાણ કરાવી, તેમની તાબેદારી મારા પર વાજિબ કરી, જે મારા માટે રહેમત છે અને મારા પર એહસાન છે કે મને ઇમાન આપી મારા પર ઉપકાર કર્યો. તમામ તારીફ એ ખુદાની જેણે મને પોતાના રસૂલ સ.અ.વ.ના ભાઇના હરમમાં દાખલ થવાનો મોકો આપ્યો અને તંદુરસ્તી અને સલામતી સાથે તેમની ઝિયારત કરાવી, તમામ તારીફ એ ખુદાની જેણે મને પોતાના નબીના વસીનો ઝાઇર બનાવ્યો.

હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઇ ઇબાદતને લાયક નથી. તે એકલો છે અને તેનો કોઇ ભાગીદાર નથી અને ગવાહી આપું છું કે મોહમ્મદ સ.અ.વ. તેના રસૂલ અને ખાસ બંદા છે. તેઓ અલ્લાહ તરફથી હક લઇને આવ્યા અને ગવાહી આપું છું કે અલી અ.સ. અલ્લાહના ખાસ બંદા છે અને અલ્લાહના રસૂલ સ.અ.વ.ના ભાઇ છે.

અલ્લાહ મહાન છે ! અલ્લાહ મહાન છે ! અલ્લાહ મહાન છે ! અલ્લાહ સિવાય કોઇ ઇબાદત કરવા લાયક નથી અને અલ્લાહ મહાન છે. તમામ તારીફ એ અલ્લાહની જેણે પોતાના માર્ગ તરફ અમને બોલાવ્યા, અમારી હિદાયત કરી અને અમને તૌફીક આપી. અય અલ્લાહ !

ખરેખર તું જ સૌથી શ્રેષ્ઠ મકસૂદ (ધ્યેય) છે અને આપનારાઓમાં સૌથી ઉદાર આપનારો છે. હું તારી પાસે હાજર થયો છું. તારા રહેમતવાળા નબીના અને તેના ભાઇ અમીરૂલ મોઅમેનીન, અબૂ તાલિબના ફરઝંદ અલી અ.સ.ના વાસ્તાથી. બન્ને હઝરત પર અમારા સલામ. પસ મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને મારી આ કોશિશને નકામી ન જવા દે. અમારા પર કૃપા દ્રષ્ટિથી નજર કર. મને તારી સામે માનવંતો કર. દુનિયામાં અને આખેરતમાં અને તારા ખાસ બંદાઓમાં મારો પણ શુમાર કર.

રવાક (પરસાળ)ના દરવાજા
પર પહોંચે તો પઢે :

**અસ્સલામો અ઼લા રસૂલિલ્લાહે, અમીનિલ્લાહે અ઼લા વહ્‌યેહી વ અ઼ઝાએમે અમ્રેહિલ્ ખાતેમે લેમા સબક઼ વલ્ ફાતેહે લે મસ્તુક્બેલ વલ્ મોહયમેને અ઼લા ઝાલેક કુલ્લેહી વ રહ્‌મતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અ઼લા સાહેબિસ્ સકીનતે અસ્સલામો અ઼લલ્ મદ્ફૂને બિલ્ મદીનતે. અસ્સલામો અ઼લલ્ મન્સૂરિલ્ મોઅય્યદે. અસ્સલામો અ઼લા અબિલ્ કાસેમે મોહમ્મદિબ્ને અ઼બ્દિલ્લાહે વ રહ્‌મતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો ! અલ્લાહના રસૂલ પર. અલ્લાહની વહીના અને તેના હતમી હુકમોના અમીન પર. તેની પહેલા આવેલા રસૂલોની શરીઅતોને ખતમ કરનાર અને આવનાર આસમાની પૈગામોની શરૂઆત કરનાર. અને તેનું રક્ષણ કરનાર. તેમના પર ખુદાની રહેમત અને બરકતો હો. સલામ હો આપ પર અય સાહબે સકીના. સલામ હો આપ પર અય મદીનામાં દફન થનારા. સલામ હો આપ પર જેની મદદ કરવામાં આવી. અય અબુલ કાસિમ રહેમત તથા બરકતો થાય.

**પછી રવાકમાં દાખલ થાય અને પોતાનો જમણો પગ પહેલા મૂકે અને રવાકના બીજા દરવાજા પર પહોંચી પઢે :**

અશ્હદો અલ્ લૉ ઈલાહ ઈલ્લલ્લાહો વહ્દહૂ લા શરીક લહૂ વ અશ્હદો અન્ન મોહમ્મદન્ અબ્દોહૂ વ રસૂલોહૂ જાઅ બિલ્ હક્કે મિન્ ઈન્દેહી વ સદ્દકલ્ મુરસલીન. અસ્સલામો અલય્ક યા રસૂલલ્લાહ. અસ્સલામો અલય્ક યા હબીબલ્લાહે વ ખિયરતહૂ મિન્ ખલ્કેહી. અસ્સલામો અલા અમીરિલ્ મુઅમેનીન અબ્દિલ્લાહે વ અખી રસૂલિલ્લાહે યા મવ્લાય યા અમીરલ્ મુઅમેનીન અબ્દોક વબ્નો અબ્દેક વબ્નો અમતેક જાઅક મુસ્તજીરન્ બે ઝિમ્મતેક કાસેદન્ ઈલા હરમેક મોતવજ્જેહન્ ઈલા મકામેક

**મોતવસ્સેલન ઇલલ્લાહે તઆલા બેક. અ અદખોલો યા મવલાય અ અદખોલો યા અમીરલ મુઅમેનીન અ અદખોલો યા હુજજતલ્લાહ અ અદખોલો યા અમીનલ્લાહ અ અદખોલો યા મલાએકતલ્લાહિલ મોકીમીન ફી હાઝલ મશહદ યા મવલાય અ તઅઝનો લી બિદ દોખૂલે અફઝલ મા અઝિનત લે અહદિન મિન અવલેયાએક ફ ઈન લમ અકુન લહૂ અહલન ફ અનત અહલુન લે ઝાલેક.**

હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઇ ઇબાદતને લાયક નથી. તે એકલો છે અને તેનો કોઇ ભાગીદાર નથી.

અને હું ગવાહી આપું છું કે મોહમ્મદ સ.અ.વ. તેના ખાસ બંદા અને રસૂલ છે. તેઓ ખુદા પાસેથી હક લઇને પધાર્યા અને બધા રસૂલોની તેમણે તસ્દીક કરી (સચ્ચાઇની સાક્ષી આપી) સલામ હો આપ પર અય અલ્લાહના રસૂલ. સલામ હો આપ પર અય અલ્લાહના દોસ્ત અને તેના સર્જનોમાં સૌથી શ્રેષ્ઠ. સલામ હો આપ પર અય અમીરૂલ મોઅમેનીન અને અલ્લાહના ખાસ બંદા અને અલ્લાહના રસૂલના ભાઇ. અય મારા મૌલા ! અય અમીરૂલ મોઅમેનીન ! આપનો ગુલામ, આપના ગુલામનો બેટો અને આપની કનીઝનો પુત્ર હાજર થયો છે. આપના આશરા નીચે શરણ લેવા, આપના હરમની ઝિયારત

કરવાના ઇરાદાથી આપના મરતબાને ધ્યાનમાં રાખી, આપના વસીલાથી ખુદાની નઝદીકી મેળવવા.

અય મૌલા ! શું મને અંદર આવવાની રજા છે ? અય અમીરૂલ મોઅમેનીન ! શું હું અંદર દાખલ થઇ શકું છું ? અય હુજ્જતે ખુદા મને ઇજાઝત આપો તો હું દાખલ થાઉં. અય ખુદાના અમાનતદાર, શું હું અંદર આવી શકું છું ? અય આ પવિત્ર મઝારના રખેવાળ ફરિશ્તાઓ શું મને અંદર દાખલ થવાની ઇજાઝત છે ? અય મૌલા ! હું આપના પાસે દાખલ થવાની ઇજાઝત ચાહું છું જે તમે તમારા કોઇ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દોસ્તને આપી હોય. જો કે હું આ વાતને લાયક નથી પણ તમને તો અધિકાર છે.

પછી ચોખટને ચૂમે અને જમણો પગ આગળ મૂકે અને પવિત્ર કુબ્બામાં દાખલ થઈ પઢે :

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ ફી સબીલિલ્લાહે વ અલા મિલ્લતે રસૂલિલ્લાહે સલ્લલ્લાહો અલયહે વ આલેહી અલ્લાહુમ્મ મગફિર લી વરહમની વ તુબ અલય્ય ઈન્નક અન્તત તવ્વાબુર રહીમ.**

દાખલ થાઉં છું હું અલ્લાહના નામ સાથે, અલ્લાહના માર્ગમાં, અને અલ્લાહના રસૂલ સ.અ.વ.ની મિલ્લત પર હોવા સાથે. આપ પર અને આપની ઔલાદ પર અલ્લાહની રહેમત થાય. અય અલ્લાહ ! તું ગુનાહો માફ કરી દે.

મારા પર દયા કર અને મારી તૌબા કબૂલ કર કેમકે તું સૌથી વધારે તૌબા કબૂલ કરનાર અને દયાવાન છે.

પછી આગળ વધે અને પવિત્ર કબરની સામે ઉભા રહે અને ઝરીહ પાસે પહોંચવા પહેલા થોભી જાય અને પઢે :

**અસ્સલામો મેનલ્લાહે અઁલા મોહંમ્મદિન રસૂલિલ્લાહે અમીનિલ્લાહે અઁલા વહ્યેહી વ રિસાલાતેહી વ અઁઝાએમે અમ્રેહી વ મઅ્દેનિલ વહ્યે વત્તનઝીલિલ ખાઁતેમે લે મા સબક વલ ફાતેહે લેમસ્તુક્બેલ વલ મોહયમેને અઁલા ઝાંલેક કુલ્લેહિશ શાહેદે**

અ઼લલ઼ ખ઼લ઼કિસ઼ સ઼રાજિલ઼ મોનીર. વસ્સલામો અ઼લયહે વ રહ઼મતુલ્લાહે વ બરકાતોહ. અલ્લાહુમ્મ સ઼લ્લે અ઼લા મોહ઼મ્મદિંવ઼ વ અહ઼લે બયતેહિલ઼ મઝ઼લૂમીન અફ઼ઝ઼લ વ અક઼મલ વ અરફ઼અ઼ વ અશ઼રફ મા સ઼લ્લયત અ઼લા અહ઼દિન઼ મિન઼ અમ઼બેયાએક વ રોસોલેક વ અસ઼ફ઼યાએક. અલ્લાહુમ્મ સ઼લ્લે અ઼લા અમીરિલ઼ મુઅ઼મેનીન અ઼બ઼દેક વ ખ઼યરે ખ઼લ઼કેક બઅ઼દ નબીયિક વ અખી રસૂલેક વ વસિંય્યે હ઼બીબેકલ઼ લઝી ન઼તજબ઼તહૂ મિન઼ ખ઼લ઼કેક વદ઼ દલીલે અ઼લા મન઼ બઅ઼સ઼તહૂ બે રિસાલાતેક વ

દય્યાનિદે દીને બે અઁદલેક વ ફસ્લે
કઁઝાએક બયન ખઁલ્કેક વસ્સલામો
અઁલયહે વ રહઁમતુલ્લાહે વ બરકાતોહ.
અલ્લાહુમ્મ સઁલ્લે અઁલલે અઈમ્મતે મિને
વુલ્દેહિલે કઁવ્વામીન બે અમ્રેક મિને
બઅઁદેહિલે મોતઁહહરીનલે લઝીનરે
તઝઁયતહુમે અનસાઁરને લે દીનેક વ
હઁફઝઁતને લે સિર્રેક વ શોહદાઅ અઁલા
ખઁલ્કેક વ અઅઁલામને લે એઁબાદેક
સઁલવાતોક અઁલયહિમે અજમઈન.
અસ્સલામો અઁલા અમીરિલે મુઅમેનીન
અલીયયિબ્ને અબી તાઁલેબિને વસીય્યે
રસૂલિલ્લાહે વ ખઁલીફતેહી વલે કાઁએમે બે

અમ્રેહી મિન્ બઅ્દેહી સય્યેદિલ્ વસીય્યીન વ રહ્મતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અ્લા ફાત્મત બિન્તે રસૂલિલ્લાહે સ્લ્લલ્લાહો અ્લય્હે વ આલેહી સય્યેદતે નિસાઈલ્ આ્લમીન. અસ્સલામો અ્લલ્ હ્સને વલ્ હુસય્ને સય્યદય્ શબાબે અહ્લિલ્ જન્નતે મેનલ્ ખ્લ્કે અજ્મઈન. અસ્સલામો અ્લલ્ અઈમ્મતિર્ રાશેદીન. અસ્સલામો અ્લલ્ અમ્બિયાએ વલ્ મુર્સલીન. અસ્સલામો અ્લલ્ અઈમ્મતિલ્ મુસ્તવ્દેઈન. અસ્સલામો અ્લા ખ્વાસ્સ્તિલ્ લાહે મિન્ ખ્લ્કેહી. અસ્સલામો અ્લલ્

**મોતવસ્સેમીન. અસ્સલામો અલલ મુઅમેનીનલ લઝીન કામૂ બે અમરેહી વ વાઝરૂ અવલેયા અલ્લાહે વ ખાફૂ બે ખવફેહિમ. અસ્સલામો અલલ મલાએકતિલ મોકર્રરબીન. અસ્સલામો અલયના વ અલા એબાદિલ લાહિસ સાલેહીન.**

અલ્લાહના તરફથી સલામ થાય મોહમ્મદ સ.અ.વ. અલ્લાહના રસૂલ પર, જેઓ અલ્લાહની વહીના અને તેના પૈગામના અમાનતદાર છે, તેના હુકમોને પહોંચાડનાર છે, વહી અને અલ્લાહના તરફથી નાઝિલ થનાર હુકમોની ખાણ છે. પહેલાની

શરીઅતોનું સમર્થન કરનાર અને ભાવિની શરીઅત (ઇસ્લામ) નું ઉદ્‌ઘાટન કરનાર છે અને શરીઅતના રક્ષક છે અને સર્જનના ગવાહ છે અને રોશન ચિરાગ (રિસાલતના આફતાબ) છે. આપના પર સલામ હો અને અલ્લાહની રહેમતો તથા બરકતો હો અય અલ્લાહ ! મોહમ્મદ સ.અ.વ. પર અને તેના મઝલૂમ એહલેબૈત પર દુરૂદ નાઝિલ કર. એવી દુરૂદ જે સૌથી ઉત્તમ, સંપૂર્ણ, ઉચ્ચત્તમ અને અને અશરફ હોય, જે તેં આજ સુધીમાં નબી રસૂલો અને સુફીઓને મોકલ્યા હોય તે બધાથી.

અય અલ્લાહ તું સલવાત મોકલ અમીરૂલ મોઅમેનીન પર કે જે તારા ખાસ બંદા, તારા

નેક સર્જન, તારા રસૂલના ભાઇ અને તારા હબીબના નાયબ ઉપર જેમને તેં તારા સર્જનોમાંથી ચૂંટી કાઢયા અને જે તારા રસૂલના પ્રતિનિધિ છે. દીનને ન્યાય સાથે કાયમ કરનાર છે, લોકો વચ્ચે ઇન્સાફપૂર્વક ફેંસલા કરનાર છે. તેમના પર સલામ હો અને અલ્લાહની રહેમતો અને બરકતો નાઝિલ થાય. અય અલ્લાહ સલવાત મોકલ તેમની ઔલાદમાંના ઇમામો ઉપર જેઓ તારા હુકમોને સ્થાપિત કરનાર છે, જેઓ પાક પાકીઝા છે, જેને તે પસંદ ફરમાવ્યા છે, જે તારા દીનની મદદ કરનારા છે, તારા ભેદોની હિફાઝત કરનારા છે. તારા સર્જન ઉપર ગવાહ છે, તારા બંદાઓના રહેબર છે, તારી એ બધા

પર રહેમત, નાઝિલ થાય.

સલામ હો, અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલિબ પર અને અલ્લાહના રસૂલના વસી અને ખલીફા પર અને તેમના પછી તેમના હુકમો પર અમલ કરાવનાર વસીઓના સરદાર પર તેમના પર અલ્લાહની રહેમતો અને બરકતો નાઝિલ થાય. સલામ હો, દુનિયાની ઔરતોની સરદાર, રસૂલુલ્લાહની બેટી ફાતેમા પર. સલામ હો જન્નતના જવાનોના સરદાર અને તમામ મખલૂકાતના સરદાર ઇમામ હસન અને ઇમામ હુસૈન પર. સલામ હો, હકની હિદાયત કરનાર ઇમામો ઉપર. સલામ હો તમામ નબીઓ અને રસૂલો પર સલામ હો અલ્લાહના ભરોસાપાત્ર

ઇમામો ઉપર. સલામ હો, અલ્લાહના ખાસ બંદાઓ ઉપર, સલામ હો એ આગેવાનો પર જેઓ લોકોને તેના ઇમાન અને કુફ્ર દ્વારા ઓળખી લે છે. સલામ હો, એ મોઅમેનો ઉપર જેઓ અલ્લાહના હુકમ પર સાબિત કદમ રહ્યા, અલ્લાહના દોસ્તોની મદદ કરી અને તેઓના ડરની સાથે તેઓ અલ્લાહના ખોફથી ડરતા રહ્યા.

સલામ હો અલ્લાહના નિકટના ફરિશ્તાઓ પર સલામ હો અમારા પર અને નેક બંદાઓ ઉપર.

પછી ઝરીહ મુબારકની પાસે કિબ્લા તરફ મોં કરી પઢે :

**અસ્સલામો અંલયંક યા અમીરલ મુઅમેનીન. અસ્સલામો અંલયંક યા હંબીબલ્લાહ. અસ્સલામો અંલયંક યા સંફવતલ્લાહ. અસ્સલામો અંલયંક યા વલીયલ્લાહ. અસ્સલામો અંલયંક યા હુંજજતલ્લાહ. અસ્સલામો અંલયંક યા ઈમામલ હોદા. અસ્સલામો અંલયંક યા અંલમત્તોકાં. અસ્સાલમો અંલયંક અય્યોહલ વસીંય્યુલ બરરૂત તકીંય્યુન નકીંય્યુલ વફીય્યો. અસ્સલામો અંલયંક યા અબલ હંસને વલ હુંસયંન. અસ્સલામો**

અલયક યા અમુદદ દીન. અસ્સલામો અલયક યા સય્યેદલ વસીય્યીન વ અમીન રબ્બિલ આલમીન વ દય્યાન યવમિદ દીન વ ખયરલ મુઅમેનીન વ સય્યેદસ સિદદીકીન વસ્સફવત મિન સોલાલતિન નબીય્યિન વ બાબ હિકમતે રબ્બિલ આલમીન વ ખાઝેન વહયેહી વ અયબત ઈલમેહી વન નાસેહ લે ઉમ્મતે નબીય્યેહી વત તાલેય લે રસૂલેહી વલ મોવાસેય લહૂ બે નફસેહી વન નાતેક બે હુજજતેહી વદ દાઈય ઈલા શરીઅતેહી વલ માઝેય અલા સુન્નતેહી. અલ્લાહુમ્મ ઈન્ની અશહદો અન્નહૂ કદ બલ્લગ અન રસૂલેક

મા હુમ્મેલ વ દઆઁ મસ્તુહ્ફેઝઁ વ હ્ફેઝઁ મસ્તૂદેઅઁ વ હ્લ્લલ હ્લાલક વ હ્ર્રમ હ્રામક વ અકાઁમ અહ્કામક વ જાહદને નાકેસીઁન ફી સબીલેક વલે કાસેતીન ફી હુકમેક વલે મારેકીન અને અમ્રેક સાબેરન મુહ્તસેબન લા તઅખોઝોહૂ ફીક લવ્મતો લાએમિન. અલ્લાહુમ્મ સલ્લે અલયહે અફઝલ મા સલ્લયત અલા અહ્દિમ મિન અવ્લેયાએક વ અસ્ફેયાએક વ અવ્સેયાએ અમ્બેયાએક અલ્લાહુમ્મ હાઝાઁ કબ્રો વલીય્યેકલે લઝી ફરઝ્ત તાઅતહૂ વ જઅલ્ત ફી અઅ્નાકે એબાદેક

**મોબાયઅ઼તહૂ વ ખ઼લીફતેકલ લઝીં બેહી તાઅખો઼ઝોં વ તુઅ઼્તી વ બેહી તોસીબો વ તોઆ઼કેબો વ કદ઼ે કસદ઼તોહૂ તમઅ઼ન લે મા અઅ઼દદતહૂ લે અવલેયાએક ફ બે અ઼ઝીમે કદરેહી ઈ઼નદક વ જલીલે ખ઼તરેહી લદયક વ કુરબે મનઝેલતેહી મિનક સ઼લ્લે અ઼લા મોહ઼મ્મદિવ વ આલે મોહ઼મ્મદ. વફઅ઼લ બી મા અનત અહલોહૂ ફ ઈન્નક અહલુલ કરમે વલ જૂદે વસ્સલામો અ઼લયક યા મવલાય વ અ઼લા ઝજીઅ઼યક આદમ વ નૂહિવ વ રહ઼મતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય અમીરૂલ મોઅમેનીન. સલામ હો આપ પર અય

અલ્લાહના દોસ્ત. સલામ હો આપ પર અય અલ્લાહના ચૂંટેલા બંદા. સલામ હો આપ પર અય અલ્લાહના વલી. સલામ હો આપ પર અય અલ્લાહની હુજ્જત. સલામ હો આપ પર અય હિદાયત આપનારા ઇમામ. સલામ હો આપ પર અય તકવાના નિશાન. સલામ હો આપ પર અય અલ્લાહના વસી. નેકીના કરનાર, પરહેઝગાર, પાકીઝા અને વફાદાર. સલામ હો આપ પર અય દીનના સુતૂન. સલામ હો આપ પર અય વસીઓના સરદાર, આલમીનના પાલનહારના અમાનતદાર, અને કયામતના દિવસના હાકીમ અને મોઅમેનોમાં સૌથી શ્રેષ્ઠ અને સાચાઓના સરદાર, નબીઓના વંશમાંથી ચૂંટાયેલા અને

આલમોના પાલનહારની હિકમતના દરવાજા અને તેની વહીઓના ખજાનચી, તેના ઇલ્મના સુપાત્ર અને તેના નબીની ઉમ્મતને નસીહત કરનાર, તેના નબીની સાથે રહેનાર અને તેમના સુખદુઃખના સાથી, તેના અધિકારથી બોલનાર, તેની શરીઅતની દાવત દેનાર અને તેની ઉમ્મતના ખલીફા અને તેના તરીકા ઉપર ચાલનાર.

અય અલ્લાહ ! હું ગવાહી આપું છું કે તેમણે એ વસ્તુ પહોંચાડી દીધી જેનો રસૂલે તેમના પર ભાર મૂકયો હતો અને જે વસ્તુની રક્ષા કરવાનું કહ્યું હતું તેની રક્ષા કરી અને જે વાત પર તેમનો ભરોસો કર્યો હતો તેમાં વફાદાર રહ્યા. તે જે વસ્તુને હલાલ કરી હતી

તેને હલાલ ઠેરવી અને જેને હરામ કરી હતી તેને હરામ ગણી. તારા હુકમોને કાયમ કર્યા અને તારા માર્ગમાં વચનભંગ કરનારાઓ સાથે જેહાદ કર્યો, તારા હુકમોનો અનાદર કરનારા સાથે લડયા અને તારી સામે બંડ પોકારનારા સાથે લડયા, મક્કમતાથી તારી ખૂશ્નૂદીની આશામાં, તેને કોઇ નિંદાખોરની નિંદા સત્યમાર્ગથી હટાવી નથી શકતી. અય અલ્લાહ તું રહેમત નાઝિલ કર સૌથી શ્રેષ્ઠ એ બધામાં જે તેં તારા દોસ્તોમાંથી કોઇ પર અથવા ચૂંટાએલા બંદાઓમાંથી કોઇ પર યા નબીઓમાંથી કોઇ પર નાઝિલ કરી હોય. બારે ઇલાહા ! આ તારા વલીની કબર છે, જેની પૈરવી અમારા પર ફરઝ છે, તારા બંદાઓની ગરદનો પર તેમની બૈઅત તેં

વાજિબ કરી છે. આ તારા ખલીફાની કબર છે જેના વાસ્તાથી તું અમારા આમાલ કબૂલ કરે છે અને સુંદર બદલો આપે છે, જેના થકી અમારી નેકીઓમાં વધારો કરે છે અને અમારા (ગુનાહના કારણે અમારા) પર અઝાબ નાઝિલ થાય છે. મેં એ આશામાં ઇરાદો કર્યો છે કે તે જે કંઇ તેમને મહત્તા આપી છે તેનો લાભ મને પણ મળે. તો તારી પાસે તેમની જે મહત્તા છે, તેમનો જે માન મોભો છે અને તારી નિકટતા જે તેમને પ્રાપ્ત છે એના પ્રતાપે મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલ ઉપર રહેમત મોકલ અને મારી સાથે એવો વર્તાવ કર જે તને શોભે છે. ખરેખર તું મહેરબાન અને દયાળુ છે અને સલામ હો આપ પર અય મારા મૌલા ! અને આપના પડખામાં સુનારા બંને

નબીઓ આદમ અ.સ. અને નૂહ અ.સ. પર અલ્લાહની રહેમતો અને બરકતો નાઝિલ થાય.

પછી ઝરીહને ચૂમે અને સિરહાના પાસે ઉભા રહી પઢે :

**યા મવ્લાય ઈલયક વોફૂદી વ બેક અતવસ્સલો ઈલા રબ્બી ફી બોલૂગેં મક્સૂદી વ અશ્હદો અન્નલ મોતવસ્સેલ બેક ગૈરો ખાએબિન વત્ તાલેબ બેક અન મઅ્રેફતિન ગૈરો મરદૂદિન ઈલ્લા બે કઝાએ હવાએજેહી ફ કુન લી શફીઅન ઈલલ્લાહે રબ્બેક વ રબ્બી ફી કઝાએ હવાએજી વ તય્સીરે ઓમૂરી વ કશ્ફે શિદ્દતી વ ગુફ્રાને ઝંમ્બી વસઅતે**

રિઝ્કી વ તત્વીલે ઉમ્રી વ એઅ્તાએ સુઅ્લી ફી આખેરતી વ દુનયાય. અલ્લાહુમ્મલઅન કતલત અમીરિલ મુઅમેનીન. અલ્લાહુમ્મલઅન કતલતલ હસને વલ હુસયન. અલ્લાહુમ્મલઅન કતલતલ અઈમ્મતે વ અઝઝિંબહુમ અઝાંબન અલીમન લા તોઅઝઝેંબોહૂ બેહી અહદન મેનલ આલમીન અઝાંબન કસીરન લન કતાઅ લહૂ વ લા અજલ વલા અમદ બે મા શાક્કૂ વોલાત અમ્રેક વ અઈદ્દ લહુમ અઝાંબન લમ તોહિલ્લહૂ બે અહદિન મિન ખલકેક. અલ્લાહુમ્મ અદખિલ અલા કતલતે અનસારે રસૂલેક

વ અૅલા કૅતલતે અમીરિલ મુઅમેનીન વ અૅલા કૅતલતિલ હૅસને વલ હુંસયને વ અૅલા કૅતલતે અન્સાંરિલ હૅસને વલ હુંસયને વ કૅતલતે મન કાંતેલ ફી વિલાયતે આલે મોહૅમ્મદિન અજમઈન અૅઝાંબન અલીમન મોઝાંઅૅફન ફી અસ્ફલે દરકિન મેનલ જહીમે લા યોખૅફ્ફફો અૅનહોમુલ અૅઝાંબો વ હુમ ફીહે મુબલેસૂન મલઊનૂન નાકેસૂ રોઉસેહિમ ઈંનદ રબ્બેહિમ કૅદ આંયનુન નદામત વલ ખિંઝયતં તંવીલ લે કૅતલેહિમ ઈંતરત અમ્બેયાએક વ રોસોલેક વ અતબાઅૅહુમ મિન અૅબાદેકસ સાંલેહીન.

**અલ્લાહુમ્મે મલએનહુમ્મે ફી મુસતસિર્રિસ્સે સિર્રે વ ઝાહેરિલ અલાનેયતે ફી અરઝેક વ સમાએક. અલ્લાહુમ્મે મજઅલ લી કદમ સિદકિન ફી અવલેયાએક વ હબબિલ ઈલચ્ય મશાહેદહુમ્મે વ મુસતકર્રહુમ્મે હત્તા તુલહેકની બેહિમ્મે વ તજઅલની લહુમ્મે તબઅન ફિદ દુનયા વલ આખેરતે યા અરહમર રાહેમીન.**

અય મારા મૌલા ! હું તમારી સેવામાં હાજર થયો છું. આપના થકી અલ્લાહ સુધી પહોંચવામાં તમારો સાથ માંગુ છું અને હું ગવાહી આપું છું કે તમારો સાથ લેવાવાળા કદી હતાશ નથી થતા અને આપના વાસ્તાથી

માંગનારા માઅરેફત મેળવ્યા વિના પાછા નથી ફરતા અને પોતાની માગણીઓ પૂરી કરાવીને રહે છે. એટલે હું તમને વિનંતી કરૂં છું કે તમે અલ્લાહ પાસે મારી ભલામણ કરો, જે તમારો અને મારો પાલનહાર છે, કે મારી હાજતો પૂરી કરે. મારા કામોને સરળ બનાવે, મારા સંકટોને દૂર કરે, મારા ગુનાહોને માફ કરી આપે, મારી રોજીમાં વધારો કરે, મારી ઉમરમાં વધારો કરે, દુનિયા અને આખેરતમાં મારી માંગણીઓ પૂરી કરે.

અય અલ્લાહ ! અમીરૂલ મોઅમેનીનના કાતિલો ઉપર લાનત મોકલ, અય અલ્લાહ લાનત મોકલ ઇમામ હસન અને ઇમામ હુસૈન અ.સ.ના કાતિલો ઉપર. અય અલ્લાહ લાનત

મોકલ ઇમામો અ.સ.ના કાતિલો પર અને તેઓ ઉપર એવો સખ્ત અઝાબ કર જેવો તેં આજ સુધી તમામ જહાનોમાં કોઇના ઉપર ન કર્યો હોય. અઝાબ ઘણો હોય, અખૂટ હોય, ન તેનો કોઇ અંત હોય ન ખતમ થવાની આશા હોય. કેમકે તેઓએ તારા હુકમોને નાફીઝ કરનારાઓનો વિરોધ કર્યો અને તેમના પર એવો અઝાબ તૈયાર કર જેવો તેં તારા સર્જનોમાં કોઇ એક પર પણ નાઝિલ ન કર્યો હોય.

અય અલ્લાહ ! રસૂલના અન્સારોના કાતિલોને, અમીરૂલ મોઅમેનીનના કાતિલોને, ઇમામે હસન અને ઇમામે હુસૈન અ.સ.ના કાતિલોને અને તેમના અન્સારોના કાતિલોને

અને આલે મોહમ્મદની દોસ્તીમાં માર્યા જનારા દોસ્તના કાતિલોને, સખ્તમાં સખ્ત અઝાબ કર બલ્કે તેમને જહન્નમના સૌથી નીચા તબક્કામાં નાખી દે, અઝાબમાં વધારો કર અને તેના અઝાબમાં કંઇ ઓછું ન કરજે અઝાબમાં સડવા દે, ધિક્કારપાત્ર રહેવા દે, ત્યાં સુધી કે તેમના હકીકી પાળવાવાળા અલ્લાહ સામે માથું નમાવવું પડે અને એ વાતનું ભાન થાય કે તારા રસૂલ અને નબીઓની ઔલાદને કતલ કરવાના કારણે કેવી લાંબી રૂસ્વાઇ બરદાશ્ત કરવી પડે છે.

અને તારા નેક બંદાઓમાંથી અંબિયાના તાબેદારો પર ઝુલ્મ કરવાનો કેવો અંજામ આવે છે. અય અલ્લાહ ! લાનત મોકલ તેઓ

પર ખાનગીમાં, ખાનગી રીતે અને જાહેરમાં તારી જમીનમાં અને તારા આસમાનોમાં.

અય અલ્લાહ ! તેમના (મોહમ્મદ અને આલે મોહમ્મદ અ.મુ.સ.) વિશે મારા કદમમાં સચ્ચાઇ અતા કર અને તેમની શહાદતની જગ્યા અને તેમના રહેઠાણ વિશે મારા દિલમાં મહોબ્બત ભરી દે ત્યાં સુધી કે દુનિયામાં અને આખેરતમાં તું મને તેમના સાથે મેળવી દે. અય સૌથી વધુ રહેમ કરનારા તમામ રહેમ કરવાવાળાઓમાં.

**પછી ઝરીહને ચૂમે, આંખો પર લગાડે અને પીઠ કિબ્લા તરફ અને મોં કરબલા તરફ કરી સય્યદુશ્શોહદાની ઝિયારત પઢે :**

**અસ્સલામો અલયક યા અબા અબ્દિલ્લાહ. અસ્સલામો અલયક યબ્ન રસૂલિલ્લાહ. અસ્સલામો અલયક યબ્ન અમીરિલ મુઅમેનીન. અસ્સલામો અલયક યબ્ન ફાતેમતઝ ઝહરાએ સય્યદતે નિસાઈલ આલમીન. અસ્સલામો અલયક યા અબલ અઈમ્મતિલ હાદીનલ મહદીય્યીન. અસ્સલામો અલયક યા સરીઅદ દમઅતિસ સાકેબહ. અસ્સલામો અલયક યા સાહેબલ મોસીબતિર રાતેબહ. અસ્સલામો અલયક વ અલા જદ્દેક વ અબીક. અસ્સલામો અલયક વ અલા ઉમ્મેક વ અખીક. અસ્સલામો**

અલયક વ અલલ અઈમ્મતે મિન ઝુરરીય્યતેક વ બનીક. અશહદો લકદ તય્યેબલ્લાહો બેકત તોરાબ વ અવઝહ બેકલ કિતાબ વ જઅલક વ અબાક વ જદદક વ અખાક વ બનીક ઈબરતન લે ઓલિલ અલબાબે યબનલ મયામીનિલ અતયાબિત તાલીનલ કિતાબ વજેજહતો સલામી ઈલયક સલવાતુલ્લાહે વ સલામોહૂ અલયક વ જઅલ અફએદતન મેનન નાસે તહવી ઈલયક મા ખાબ મન તમસ્સક બેક વ અમેન મન લજોઅ ઈલયક.

સલામ હો આપ પર અય અબા અબ્દિલ્લાહ ઇમામ હુસૈન અ.સ., સલામ હો આપ પર અય રસૂલુલ્લાહના પુત્ર. સલામ હો આપ પર અય અમીરૂલ મોઅમેનીન અ.સ.ના પુત્ર. સલામ હો આપ પર અય ફાતેમા ઝહેરા તમામ આલમોની નારીઓની સરદારના પુત્ર. સલામ હો આપ પર અય હિદાયત કરવાવાળા અને હિદાયત પામેલા ઇમામોના પિતા. સલામ હો આપ પર અય આંસુ સારનારાઓની ફરિયાદ. સલામ હો આપ પર અય સંકટો પર સંકટો વેઠનાર. સલામ હો આપ પર, આપના નાના પર અને આપના પિતા પર. સલામ હો આપ પર, આપની માતા પર અને આપના ભાઇ પર, સલામ હો આપ પર અને આપની

ઔલાદ અને વંશમાં થનારા ઇમામો પર.

હું ગવાહી આપું છું કે ખરેખર અલ્લાહએ આપના લીધે (કરબલાની) માટી પવિત્ર બનાવી અને આપના મારફત અલ્લાહએ કુરઆનને સ્પષ્ટ કર્યું અને આપને આપના પિતાને અને આપના ભાઇને, આપના નાનાને અને આપની ઔલાદને સમજદારોના રહેબર બનાવ્યા. અય કુરઆનના પૈરવોના મુબારક અને પાકીઝા ફરઝંદ, હું મારા સલામને આપની તરફ મોકલું છું. આપ પર અલ્લાહની રહેમત થાય અને તેના સલામ હો આપ પર ! અલ્લાહ લોકોના દિલોને દરેક કાળમાં આપની તરફ વાળી દે, આપની સાથે સંપર્ક સાધનાર કોઇ શખ્સ નિરાશ નથી થતો અને આપના

આશરે આવનાર નિર્ભય થઇ ગયો.

પછી પાંયતી તરફ ઉભા રહી પઢે :

**અસ્સલામો અ઼લા અબિલ્ અઈમ્મતે વ ખ઼લીલિન્ નોબુવ્વતે વલ્ મખ઼્સૂસે બિલ્ ઓખૂવ્વતે. અસ્સલામો અ઼લા યઅ઼્સૂબિદ્ દીને વલ્ ઈમાને વ કલેમતિર્ રહ઼્માને. અસ્સલામો અ઼લા મીઝાનિલ્ અઅ઼્માલે વ મોક઼લ્લેબિલ્ અહ઼્વાલે વ સયફે ઝિલ્ જલાલે વ સાકિ઼સ્ સલ્સબિલિઝ્ ઝોલાલે. અસ્સલામો અ઼લા સાલેહિલ્ મુઅ્મેનીન વ વારેસે ઈલ્મિન્ નબીય્યિન્ વલ્ હાકિમે યવ્મદ્ દીન. અસ્સલામો અ઼લા શજરતિત્ તક઼્વા વ સામેઈસ્ સિર્રે વન્ નજ્વા.**

અસ્સલામો અલા હુજ્જતિલ લાહિલ બાલેગતે વ નેઅમતિહિસ સાબેગતે વ નિકમતેહિદ દામેગતે. અસ્સલામો અલસ સેરાતિલ વાઝેહે વન નજમિલ લાએહે વલ ઈમામિન નાસેહે વલ ઝિનાદિલ કાદેહે વ રહમતુલ્લાહે વ બરકાતોહ. અલ્લાહુમ્મ સલ્લે અલા અમીરિલ મુઅમેનીન અલી યિબ્ને અબી તાલેબિન અખી નબીય્યિક વ વલીય્યેહી વ નાસેરીહી વ વસીય્યેહી વ વઝીરેહી વ મુસતવદએ ઈલ્મેહી વ મવઝેએ સિર્રેહી વ બાબે હિકમતેહી વન નાતેકે બે હુજ્જતેહી વદ દાઈ ઈલા શરીઅતેહી વ ખલીફતેહી ફી ઉમ્મતેહી વ

**મોફર્રેરેજિલે કરબે અંને વજેહેહી કાંસેમિલે કફરતે વ મુરગેંમિલે ફજરતિલે લઝીં જઅંલેતહૂ મિને નબીયિ્યક બે મનઝેલતે હારૂન મિમે મૂસા. અલ્લાહુમ્મ વાલે મને વાલાહૂ વ આંદે મને આંદાહૂ વનેસુંરે મને નસંરહૂ વખંઝુંલે મને ખંઝંલહૂ વલેઅંને મને નસંબ લહૂલે અંદાવત મેનલે અવ્વલીન વલે આખેંરીન વ સંલ્લે અંલયેહે અફઝંલ મા સંલ્લયેત અંલા અહેંદિને મિને અવેસંયાએ અમેબેયાએક યા રબ્બલે આંલમીન.**

સલામ હો આપ પર અય ઈમામોના બાપ, અને નબુવ્વતના દોસ્ત, ભાઇ સાથે

ખાસ સંબંધ ધરાવનાર, દીન અને ઇમાનના ધણી તથા અલ્લાહના કલામ, આપ પર સલામ હો, સલામ હો આપ પર અય અમારા અમલોને પરખ (ચકાસણી) કરનાર, સ્થિતિને ફેરવી નાખનાર, કિર્તિવાન અલ્લાહની તલવાર, સાફ સબસબીલના પીવરાવનાર, સલામ હો આપ પર અય મોઅમેનીનમાં સૌથી નેક, નબીઓના ઇલ્મના વારસદાર, અને કયામતના દિવસે હુકૂમત કરનાર, સલામ હો આપ પર પરહેઝગારીના વૃક્ષ, ભેદો અને રહસ્યોને સાંભળનાર, સલામ હો આપ પર અય અલ્લાહની પૂર્ણ હુજ્જત પર, સંપૂર્ણ નેઅમત પર: અને તેના સખ્ત કોપ ઉપર, સલામ હો આપ પર અય જે ખુલ્લા રસ્તા પર અડગ છે, ઝળહળતો સિતારો છે : અને

નસીહત કરનાર ઇમામ છે. રોશની દેનાર છે. આપ પર અલ્લાહની રહેમત હો અને બરકતો ઉતરે. અય અલ્લાહ તું રહેમત નાઝિલ કર અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અ.સ. પર તારા નબીના ભાઇ તેના વલી, તેના મદદગાર તેના વસી, તેના વઝીર, તેના ઇલ્મના વારસ, તેના રહસ્યોનું સ્થાન, તેની હિકમતનો દરવાજો, તેની હુજ્જતના વકતા, તેની શરીઅતની દાવત આપનાર અને ઉમ્મત પર તેમના ખલીફા છે. તેમના ચેહરા પરથી વેદના હટાવનાર છે. કાફરોને તોડનાર અને ફાજીરોના નાક રગડનાર છે, જેને તેં નબીની સાથે એ મરતબો આપ્યો જે હારૂનને મૂસા સાથે હતો.

અય અલ્લાહ ! જે લોકો તેનાથી દોસ્તી

રાખે તેની સાથે તું દોસ્તી રાખ, જે તેની સાથે દુશ્મની કરે તેની સાથે તું દુશ્મની રાખ. તેમને મદદ કરનારની તું મદદ કર જે તેને રૂસ્વા કરે તેને તું રૂસ્વા કર. અવ્વલીન (પૂર્વજો) અને આખેરીન (અનુજો) માંથી જે કોઇ તેમની દુશ્મની કરે તેના પર તું લાનત કર અને તેમ (હઝરત અલી અ.સ.)ના દોસ્તો પર સલવાત મોકલ, સૌથી શ્રેષ્ઠ સલવાત જે તેં તારા વસીઓ અને નબીઓમાંથી કોઇ એક પર પણ મોકલી હોય, અય તમામ જહાનોંના પાલનહાર.

**ત્યાર પછી સિરહાના તરફ જઇ હઝરત આદમ અ.સ.ની અને નૂહ અ.સ.ની ઝિયારત પઢે.**

# હઝરત આદમ અ.સ.ની ઝિયારત

અસ્સલામો અંલયંક યા સંફીય્યલ્લાહ. અસ્સલામો અંલયંક યા હંબીબલ્લાહ. અસ્સલામો અંલયંક યા નબીયલ્લાહ. અસ્સલામો અંલયંક યા અમીનલ્લાહ. અસ્સલામો અંલયંક યા ખંલીફતલ્લાહે ફી અરંઝેંહી. અસ્સલામો અંલયંક યા અબલં બશર. અસ્સલામો અંલયંક વ અંલા રૂહેંક વ બદનેંક વ અંલતં તાંહેરીન મિનં વુલંદેંક વ ઝુંર્રીય્યતેંક વ સંલ્લલ્લાહો અંલયંક સંલાતનં લા યુહંસીહા ઈલ્લા હોવ વ

**રહેમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય અલ્લાહના વરાએલા બંદા ! સલામ હો આપ પર અય અલ્લાહના હબીબ ! સલામ હો આપ પર અય અલ્લાહના નબી ! સલામ હો આપ પર અય અલ્લાહના અમાનતદાર ! સલામ હો આપ પર અય ધરતી પર અલ્લાહના પ્રતિનિધિ ! સલામ હો આપ પર અય માનવ-પિતા ! સલામ હો આપ પર આપની રૂહ પર આપના દેહ પર અને આપની નેક પાક ઔલાદ પર અલ્લાહની રહેમત હો આપ પર એવી રહેમત જેની ગણત્રી તેના સિવાય કોઇ નથી કરી શકતું અલ્લાહની રહેમત અને બરકતો થાય આપ પર.

# હઝરત નૂહ અ.સ.ની ઝિયારત

**અસ્સલામો અ઼લય્ક યા નબીયલ્લાહ અસ્સલામો અ઼લય્ક યા સ઼ફીયલ્લાહ. અસ્સલામો અ઼લય્ક યા વલીય્યલ્લાહ. અસ્સલામો અ઼લય્ક યા હ઼બીબલ્લાહ. અસ્સલામો અ઼લય્ક યા શય્ખ઼લ્ મુર્સલીન. અસ્સલામો અ઼લય્ક યા અમીનલ્લાહે ફી અર્ઝ઼ેહી સ઼લવાતુલ્લાહે વ સલામોહૂ અ઼લય્ક વ અ઼લા રૂહ઼ેક વ બદનેક વ અ઼લત્ ત઼ાહેરીન મિન્ વુલ્દેક વ રહ઼્મતુલ્લાહે વ બરકાતોહ.**

અય અલ્લાહના નબી આપ પર મારા સલામ હો, સલામ હો આપ પર અય અલ્લાહના વરાએલા બંદા, સલામ હો આપ પર અય અલ્લાહના વલી, સલામ હો આપ પર અય અલ્લાહના હબીબ, સલામ હો આપ પર અય રસૂલોના આગેવાન, સલામ હો આપ પર અય ધરતી પર અલ્લાહના અમાનતદાર, અલ્લાહની સલવાત થાય આપ પર તેના સલામ ઉતરે આપની રૂહ ઉપર આપના દેહ ઉપર અને આપની પાકીઝા ઔલાદ અને પુત્રો પર અલ્લાહની રહેમત અને બરકતો નાઝિલ થાય.

**પછી હઝરત અલી અ.સ.ની ઝિયારતની બે રકાત નમાઝ પઢે, અને જનાબે સૈયદા સ.અ.ની તસ્બીહ પઢી**

આ દુઆ પઢે :

અલ્લાહુમ્મ ઈન્ની સ઼ૅલ્લયતો હાતયનિરે રકઅતયને હદીય્યતન મિન્ની ઈલા સય્યેદી વ મવલાય વલીય્યેક વ અખી રસૂલેક અમીરિલ મુઅમેનીન વ સય્યેદિલ વસીય્યીન અલીયયિબને અબી તાલેબિન સ઼લવાતુલ્લાહે અલયહે વ અલા આલેહી અલ્લાહુમ્મ ફ સ઼લ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ તકબ્બલહા મિન્ની વજઝેની અલા ઝાલેક જઝાઅલ મુહસેનીન. અલ્લાહુમ્મ લક સ઼લ્લયતો વ લક રકઅતો વ લક સજદતો વહદક લા શરીક લક લે અન્નહૂ લા

**તકૂનુસ સલાતો વર રોકૂઓ વસ સોજૂદો ઈલ્લા લક લે અન્નક અનતલ્લાહો લા ઈલાહ ઈલ્લા અનત અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ તકબ્બલ મિન્ની ઝિયારતી વ અઅતેની સુઅલી બે મોહમ્મદિવ વ આલેહિત તાહેરીન.**

અય અલ્લાહ મેં આ બે રકાત નમાઝ જે પઢી છે તેને હું મારા તરફથી મારા આકા અને મૌલાને હદિયો કરૂં છું, જે આપના વલી અને રસૂલના ભાઇ અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબિ તાલિબ અ.સ. છે. તેમના પર અને તેમની ઔલાદ પર તારી રહેમત નાઝિલ

કર . એટલે તું મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલ પર દુરૂલ મોકલ અને મારી આ નમાઝને કબૂલ કરી લે : અને આ નમાઝ પર મને ભલાઇ કરવાવાળાનો બદલો આપ.

અય અલ્લાહ ! મેં તારી નમાઝ પઢી છે અને તારી રૂકૂઅ કરી છે અને તારા સજદા કર્યા છે, તને એક અને ભાગીદાર વગરનો જાણીને. નમાઝ, રૂકૂઅ અને સજદા તારા સિવાય કોઇના માટે યોગ્ય નથી, તારા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી, અય અલ્લાહ મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર રહેમત નાઝિલ કર અને મારી આ ઝિયારતને કબૂલ કરી લે અને મારી માંગણી પૂરી કર. મોહમ્મદ સ.અ.વ. અને તેમની પાક આલના સદકામાં.

પછી બે રકાત નમાઝ જનાબે આદમ અ.સ. અને બે રકાત જનાબે નૂહ અ.સ.ને હદિયાની નિય્યતથી બજાવી લાવે. પછી શુક્રનો સિજદો કરે અને સિજદામાં આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ ઈલય્ક તવજ્જહ્તો વ બેકઅ્ તસંમ્તો વ અ્લય્ક તવક્કલ્તો. અલ્લાહુમ્મ અન્ત સૈ્કતી વ રજાઈ ફક્ફેની મા અહમ્મની વ મા લા યોહિમ્મોની વ મા અન્ત અઅ્લમો બેહી મિન્ની અઝ્ઝ જારોક વ જલ્લ સંનાઓક વ લા ઈલાહ ગ્ંયરોક સંલ્લે અ્લા મોહમ્મદિવ્ વ આલે મોહમ્મદિવ્ વ ક્રરિબ્ ફરજહુમ.**

અય અલ્લાહ ! તારી તરફ ધ્યાન ધરૂં છું અને તારા શરણે આવ્યો છું અને તારા પર ભરોસો રાખ્યો છે. અય અલ્લાહ તું મારો વિશ્વાસુ અને  મારી આશા છે, તો મને દરેક ગમથી બચાવી લે અને એ વાતથી પણ કે જે મને ગમગીન કરે અને એ વાતથી પણ કે જેને તું મારાથી વધારે જાણે છે મને તારો પાડોશ ગમે છે, તારી પ્રસંશા કિર્તિમાન છે અને તારા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી. મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલ પર રહેમત નાઝિલ કર અને તેમની ખુશ્નુદી કરીબ કરી દે.

પછી જમણો ગાલ સજદગાહ પર રાખીને પઢે :

**ઇરહેંમે ઝુંલ્લી બયેન યદયેક વ તઝેંર્રોઈં**

**ઈલયક વ વહ્શતી મેનન્ નાસે વ ઉન્સી બેક યા કરીમો યા કરીમો યા કરીમો.**

અય અલ્લાહ રહેમ કર મારા પર જે તારી સમીપ છે. તારી પાસે રોકકળ કરે છે, લોકોના ભયથી મને મુક્ત કર, તારી તરફ મારા પ્રેમને વધારી દે, અય કૃપાળુ અય કૃપાળુ અય કૃપાળુ.

**પછી પઢે :**

**લા ઈલાહ ઈલ્લા અન્ત રબ્બી હક્કન્ હક્કન્ સજદ્તો લક યા રબ્બે તઅબ્બોદન્ વ રિક્કન્ અલ્લાહુમ્મ ઈન્ન અમલી ઝઈફુન્ ફ ઝાઈફ્હૂ લી યા કરીમો યા કરીમો યા કરીમ.**

તારા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી, તું સાચામાં સાચો છે. તને હું સિજદો કરૂં છું એક ગુલામ અને એક બંદાની હેસીયતથી, અય અલ્લાહ મારા આમાલ ખરેખર નબળા છે તો તેને વધારી દે એ કૃપાળુ, એ કૃપાળુ એ કૃપાળુ.

# વિદાઅ અમીરૂલ મોઅમેનીન અ.સ.

**અસ્સલામો અલયક વ રહમતુલ્લાહે વ બરકાતોહ. અસતવ દેઓકલ્લાહ વ અસતરઈક વ અકરઓ અલયકસ સલામ આમન્ના બિલ્લાહે વ બિર રોસોલે વ બે મા જાઅત બેહી વ દઅત ઈલયહે વ દલ્લત**

અલયહે ફકતુબના મઅશ શાહેદીન. અલ્લાહુમ્મ લા તજઅલ્હૂ આખેરલ અહદે મિન ઝિયારતી ઈય્યાહૂ ફ ઈન તવફફયતની ફબલ ઝાલેક ફ ઈન્ની અશહદો ફી મમાતી અલા મા શહિદતો અલયહે ફી હયાતી. અશહદો અન્ન અમીરલ મુઅમેનીન અલીય્યન વલ હસન વલ હુસયન વ અલીય્યબનલ હુસયને વ મોહમ્મદબન અલીયયિન વ જઅફરબન મોહમ્મદિવ વ મૂસબન જઅફરિન વ અલીય્યબન મૂસા વ મોહમ્મદબન અલીયયિન વ અલીય્યબન મોહમ્મદિવ વલ હસનબન અલીયયિન

વલે હુંજેજતબેનલે હંસને સંલવાતોક અંલયેહિમે અજેમઈંન અઈમ્મતી વ અશેહદો અન્ન મને કંતલહુમે વ હૉરબહુમે મુશેરેકૂન વ મને રદેદ અંલયેહિમે ફી અસેફલે દરકિને મેનલે જહીંમે વ અશેહદો અન્ન મને હૉરબહુમે લના અઅંદાઉને વ નહેંનો મિનેહુમે બૉરાઉ વ અન્નહુમે હિંઝેબુશે શયેતાંને વ અંલા મને કંતલહુમે લઅંનતુલ્લાહે વલે મલૉએકત વને નાસે અજેમઈંન વ મને શરેક ફી હિમે વ મને સરેરહૂ કંતેલહુમે અલ્લાહુમ્મ ઈન્ની અસેઅલોક બઅંદસેં સંલાતે વતે તસેલીમે અને તોસંલ્લેય અંલા મોહંમ્મદિને વ

**અલીયયિન વ મોહમ્મદિવ વ જઅફરિવ વ મૂસા વ અલીયયિવ વલ હસને વલ હુજજતે વ લા તજઅલહૂ આખેરલ અહદે મિન ઝિયારતેહી ફ ઈન જઅલતહૂ ફહ શુરની મઅ હાઓલાઈલ મોસમ્મિયનલ અઈમ્મતે અલ્લાહુમ્મ વ ઝલલિલ કોલૂબોના લહુમ બિત તાઅતે વલ મોનાસહતે વલ મહબ્બતે વ હુસનિલ મોવાઝરતે વત તસલીમે.**

સલામ થાય આપ પર, અલ્લાહની રહેમત ઉતરે અને બરકતો. હું આપને અલ્લાહને સોંપુ છું. આપનું ધ્યાન ચાહું છું અને

આપને સલામ કરૂં છું. અલ્લાહ પર ઇમાન રાખું છું, રસૂલો પર અને તેઓ જે પૈગામ લાવ્યા છે તેના પર, જેના તરફ દાવત આપી અને જેના તરફ માર્ગ સૂચવ્યો, એટલે મારૂ નામ સાક્ષી આપવાવાળામાં લખી લે.

અય અલ્લાહ ! આ ઝિયારતને મારી છેલ્લી ન ઠેરવજે, એટલે જો હું આ પહેલા મરી જાઉં તો બેશક, મારી મર્યા પછીની ગવાહી પણ એજ હશે, જે હું મારી હયાતીમાં આપી રહ્યો છું.

હું એ વાતની ગવાહી આપું છું કે મોઅમેનોના અમીર હઝરત અલી, હસન, હુસૈન, અલી ઇબ્ને હુસૈન, મોહમ્મદ ઇબ્ને અલી, જઅફર ઇબ્ને મોહમ્મદ, મૂસા ઇબ્ને

જઅફર, અલી ઇબ્ને મૂસા, મોહમ્મદ ઇબ્ને અલી, અલી ઇબ્ને મોહમ્મદ, હસન ઇબ્ને અલી અને હુજ્જત ઇબ્ને હસન. એ બધા પર તારી રહેમત થાય આ મારા ઇમામો છે.

અને ગવાહી આપું છું કે તેની સાથે લડાઇ કરનારા અને તેમને કતલ કરનારા મુશરિકો છે, જેઓએ તેમના હુકમોનું ઉલંઘન કર્યુ એ બધા જહન્નમના સૌથી નીચેના ભાગમાં હશે.

અને ગવાહી આપું છું કે જેઓ એમનાથી લડે, તેઓ અમારા દુશ્મનો છે, અને અમે તેઓને ધિક્કારીએ છીએ કેમકે તેઓ શૈતાનના ટોળા છે, અને જેઓએ ઇમામો અ.સ.ને કતલ કર્યા, તેઓ પર લાનત થાય અલ્લાહની અને બધા ફરિશ્તાઓ અને

ઇન્સાનોની અને એ લોકો પર પણ લાનત થાય જેઓએ તેમના કતલમાં ભાગ લીધો અને એ વાત પર ખુશ થયા.

અય અલ્લાહ ! હું દુરૂદ અને સલામ પછી તને સવાલ કરૂં છું કે રહેમત ઉતાર મોહમ્મદ સ.અ.વ. અલી અ.સ. ફાતેમા સલા., હસન અને હુસૈન અ.સ., અલી, મોહમ્મદ, જઅફર, મૂસા, અલી, મોહમ્મદ, અલી, હસન અને હુજ્જત અ.સ. પર અને મારી આ ઝિયારતને છેલ્લી ઝિયારત ન નિર્માણ કરજે. જો તું એમ કરે તો મને એ લોકો સાથે ઉઠાડજે, જે ઇમામો અ.સ.ના નામ લેવામાં આવ્યા. અય માઅબૂદ ! અમારા દિલોને એમની તાબેદારીમાં નમાવી

દે, અને તેમનાથી શિખામણ ગ્રહણ કરવામાં તેમનાથી મોહબ્બત રાખવામાં, તેમની સેવામાં હાજર થવામાં અને તેમના હુકમો માનવામાં લગાવી દે.

# મસ્જિદે હન્નાના

આ મસ્જિદ નજફે અશરફ અને કૂફા વચ્ચે આવેલી છે અહીં જ્યારે એહલેબૈત અ.સ. ને કેદ કરી કૂફા લાવવામાં આવ્યા ત્યારે ઇમામે હુસૈન અ.સ.નું સર મુબારક રાખવામાં આવ્યું હતું.

**જ્યારે મસ્જિદના દરવાજા પર પહોંચે તો કહે :**

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ મેનલ્લાહે વ ઈલલ્લાહે વ ખૈરૂલ અસ્માએ લિલ્લાહે તવક્કલ્તો અલલ્લાહે અલ્લાહુમ્મ કદ્ દખલ્તો બયતક વ અના આમેનુન બેક ફ આમિન્ની મેનન્નારે વજ્અલ્ની મેનલ મુઅમેનીનલ અખ્યારે વહ્શુરની ફી ઝુમરતિલ અઈમ્મતિલ અતહારે બે રહ્મતેક યા અરહમરરાહેમીન.**

જે કંઇ છે એ અલ્લાહના નામથી અને બરકતથી છે અને તેના જ લીધે છે અને તેના તરફથી જ છે અને તેના તરફ છે અને અલ્લાહના બધા નામો સુંદર છે. હું અલ્લાહ પર ભરોસો રાખું છું. અય અલ્લાહ ! હું તારા

ઘરમાં દાખલ થઇ રહ્યો છું અને હું તારો આશરો માગું છું તો તું મને જહન્નમની આગથી તારી પનાહમાં રાખ અને મારો શુમાર મોઅમેનીનોમાં કર, જેઓ નેક છે અને પાક ઇમામો અ.સ.ના વર્તુળમાં મારો શુમાર કર. અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર તને તારી રહેમતોનો વાસ્તો.

## પછી મસ્જિદમાં દાખલ થાય અને આ ઝિયારત પઢે :

**અસ્સલામો અલયક યબન રસૂલિલ્લાહ. અસ્સલામો અલયક યબ્ન અમીરિલ મુઅમેનીન. અસ્સલામો અલયક યબ્નસ સિદદીકતિત તાહેરતે સય્યેદતે નિસાઇલ**

આ઼લમીન. અસ્સલામો અ઼લયક વ મવ઼લાય યા અબા અ઼બ્દિલ્લાહે વ રહ઼મતુલ્લાહે વ બરકાતોહ. અશ્હદો અન્નક ક઼દ અક઼મ્તસ્સ઼લાત વ આતય્તઝ્ઝકાત વ અમરત બિલ્ મઅ઼રૂફે વ નહય્ત અ઼નિલ્ મુન્કરે વ તલવ્તલ્ કિતાબ હ઼ક઼્ક઼ે તિલાવતેહી વ જાહદ્ત ફી સબીલિલ્લાહે હ઼ક઼્ક઼ે જેહાદેહી વ સ઼બર્ત અ઼લલ્ અઝાં ફી જમ્બેહી મોહ઼્તસેબન્ હ઼ત્તા અતાકલ્ યક઼ીનો વ અશ્હદો અન્નલ્ લઝીન ખ઼ઝંલુક વલ્લઝીન ક઼તલુક મલ્ઉ઼નુન અ઼લા લેસાનિન્ નબીય્યિલ્ ઉમ્મિય્યી વ ક઼દ

**ખાબ મનિફતરા લઅનલ્લાહુઝ ઝાલેમીન લકુમ મેનલ અવ્વલીન વલ આખેરીન વ ઝાઅફ અલયહેમુલ અઝાબલ અલીમ અતયતોક યા મવલાય યબન રસૂલિલ્લાહે ઝાઈરન આરેફન બે હકકેક મોવાલેયન લે અવલીયાએક મોઆદેયન લે અઅદાએક મુસતબસેરન બિલ હોદલ્લઝી અનત અલયહે આરેફન બે ઝલાલતે મન ખાલફક ફશફઅલી ઈનદ રબ્બેક વસ્સલામો અલયક વ રહમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામો હો આપ પર અય અલ્લાહના રસૂલ સ.અ.વ.ના પૂત્ર. સલામ હો આપ પર અય

અમીરૂલ મોઅમેની અ.સ.ના પુત્ર સલામ હો આપ પર અય સિદ્દીકા, તાહેરા, તમામ જહાનની ઔરતોની સરદાર જનાબે સય્યદા સલા.ના પુત્ર. સલામ હો આપ પર અય મારા આકા, અય અબૂ અબ્દિલ્લાહ, અલ્લાહની રહેમતો અને બરકતો થાય આપ પર.

હું ગવાહી આપું છું કે આપે નમાઝો કાયમ કરી, ઝકાત અદા કરી, નેક કામોની હિદાયત કરી અને બૂરા કોમાથી લોકોને રોકયા અને કુરઆને શરીફની તિલાવતે લાયક તિલાવત કરી અને જેહાદ કરવાનો હક હતો એવો અલ્લાહની રાહમાં જેહાદ કર્યો અને અલ્લાહની ખુશનુદીની ખાતર દરેક જાતના સંકટો ઉઠાવ્યા ત્યાં સુધી કે તમે મૌતને જઇ ભેટયા. અને હું

ગવાહી આપું છું કે જે લોકોએ આપનો વિરોધ કર્યો અને આપની સાથે લડાઇ કરી અને આપને છોડી દીધા અને આપને શહીદ કર્યા. એ બધા લાનતોના હકદાર છે. ઉમ્મી નબીના કથન મુજબ અને અલ્લાહની રહેમતથી તેઓ નાઉમ્મીદ છે જેઓએ આપ પર બોહતાન બાંધ્યું. અલ્લાહની લાનત તેઓ પર જેઓએ આપ પર ઝુલ્મ કર્યો. પછી તે અવ્વલીનમાંથી હોય કે આખેરીનમાંથી અને તેમના પર સખ્ત અઝાબમાં અલ્લાહ વધારો કરે.

હું આપની સેવામાં હાજર થયો છું અય મારા આકા,, અય અલ્લાહના રસૂલ સ.અ.વ.ના ફરઝંદ, એક ઝાઇર બનીને, આપના હકના ભાન સાથે, હું આપના દોસ્તોને

દોસ્ત રાખું છું અને આપના દુશ્મનોથી દુશ્મની. આપની હિદાયતથી રોશની મેળવીને અને હું જાણું છું કે જેઓએ આપનો વિરોધ કર્યો એ ગુમરાહ થયો. તો આપ અલ્લાહની બારગાહમાં મારા માટે ભલામણ કરો. સલામ હો આપ પર અને અલ્લાહની રહેમતો અને બરકતો નાઝિલ થાય.

પછી બે રકાત નમાઝ પઢે અને પછી આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ ઈન્નક તરા મકાની વ તસ્મઓ કલામી વલા યખ્ફા અલયક શયઉન મિન અમ્રી વ કયફ યખ્ફા અલયક મા અન્ત મોકવ્વેનોહૂ વ બારેઓહૂ વ કદ જેઅતોક મુસ્તશ્ફેઅન**

**બે નબીય્યેક નબીયેયિરે રહેમતે વ મોતવસ્સેલને બે વસીંય્યે રસૂલેક ફ અસેઅલોક બેહા સંબાતલે કંદમે વલેહોદા વલે મગંફેરત ફિદે દુનેયા વલે આખેરહ.**

અય અલ્લાહ ! તું મારા સ્થાનને જોઇ રહ્યો છે અને મારી યાચનાને સાંભળી રહ્યો છે, તારાથી મારી કોઇ વાત છુપી નથી અને કેમ છુપી રહી શકે એ વસ્તુ જેનો તુ સર્જનહાર છે અને પૈદા કરનાર છે, હું તારા દરબારમાં તારા નબી, તારા રહેમ દિલ નબી અને તારા રસૂલ સ.અ.ના વસીના વસીલા સાથે હાજર થયો છું એટલે હું એ બંનેના વાસ્તા સાથે દુઆ કરૂં છું કે તું મને હિદાયત પર સાબિત કદમ રાખ અને દુનિયા તથા આખેરતમાં મને બક્ષી આપ.

# રોઝએ કોમૈલ

આ રોઝો હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ.ના ખાસ સહાબી જનાબે કોમૈલ બિન ઝિયાદનો છે. આ રોઝામાં જનાબે કોમૈલ બિન ઝિયાદ, રૂશૈયદ હુજરી અને અહનફ બિન કૈસની કબરો છે. બે રકાત નમાઝ હાજતની પઢી અને પછી આ મુજબ પઢે :

**અલ્ હમ્દો લિલ્લાહે અલા મખ્તસ્સની બેહી મિન્ તય્યેબિલ્ મવ્લદે વસ્તખ્લસ્ની ઇક્રામન્ બેહી મેનલ્ મવાલાતે લિલ્ અબ્રારિલ્ સફરતિલ્ અત્હારે વલ્ ખ્ય્યરતિલ્ અઅ્લામે અલ્લાહુમ્મ ફ તકબ્બલ્ સઅ્યી ઇલય્ક વ**

**તઝુંર્રરોઈં બયેન યદયેક વગેંફિરે લેયઝેં ઝેંનુબલ્લતી લા તખેંફા અંલયેક ઈન્નકલે મલેકુલે ગેંફ્ફાર.**

તમામ તારીફ એ અલ્લાહ માટે સઝાવાર છે જેણે મને પવિત્ર જન્મ સાથે મખ્સુસ કર્યો અને પોતાના કરમથી મને ખાલિસ (નિર્મળ) કર્યો નેક સાથે મહોબ્બત કરવામાં અને પાકીઝા એલચીઓ અને ચૂંટાએલા નામવાર લોકો સાથે મહોબ્બત કરવામાં.

અય અલ્લાહ ! મારી આ કોશિશને કબૂલ કરી લે અને તારી સામે મારા કરગરવાને સ્વીકારી લે અને મારા એ બધા ગુનાહો બક્ષી દે જે તારાથી છુપા નથી. તું જ માલિક અને માફ કરવાવાળો છે.

# મસ્જિદે કૂફાનો નકશો



A જનાબે મુખ્તાર
B જનાબે મુસ્લિમ બીન અકીલ અ.સ.
C વઝુ કરવાની જગ્યા
D જ. હાની બીન ઉરવા
E મકામે ઈમામ જાફર સાદિક અ.સ.
F હઝરત અલી અ.સ.ની અદાલત
G મોઅજીઝાની જગ્યા
H મકામે ઝરબત
I મકામે નૂહ અ.સ.
J મકામે ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.
K મકામે આદમ અ.સ.
L મકામે જિબ્રઈલ અ.સ.
M મકામે હ. મોહમ્મદ સ.અ.વ.
N હ. નૂહ અ.સ. નો કૂવો
O મકામે હ. ખિઝર અ.સ.
P મકામે જનાબે ઈબ્રાહીમ અ.સ.
Q મુખ્ય પ્રવેશ દ્વાર

# મસ્જિદે કૂફાની ફઝીલત

રિવાયતમાં છે કે, જેવી રીતે મક્કએ મોઅઝ્ઝમહ અલ્લાહનું હરમ છે એવી જ રીતે કૂફા હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ.નું હરમ છે. કૂફામાં એક દિરહમ સદકો આપવાનો સવાબ બીજી જગ્યાએ સો આપવા બરાબર છે. મસ્જિદે કૂફા એ મસ્જિદ છે જ્યાં હજારો નબીઓએ નમાઝ પઢી છે, મસ્જિદે કૂફામાં એક રકાત નમાઝ પઢવાનો સવાબ બીજી મસ્જિદોમાં હજાર રકાત નમાઝ પઢવા બરાબર છે. આ મસ્જિદે કૂફામાં વાજિબ નમાઝ પઢવાનો સવાબ અલ્લાહના રસૂલ સ.અ.વ. સાથે હજ કરવા જેટલો છે, અને સુન્નત નમાઝ પઢવાનો સવાબ આં હઝરત

સાથે ઉમરા કરવા જેટલો છે. અહીં જનાબે નૂહ અ.સ.એ અલ્લાહના હુકમથી કશ્તી બનાવી હતી. અને અહીંથી જ એક ભઠ્ઠી (કૂવા) માંથી પાણી ઉભરાણું હતું જેણે કશ્તી સિવાય પૂરી દુનિયા ડુબાડી દીધી હતી. જ્યારે મસ્જિદે કૂફા આવવા નીકળો તો રસ્તામાં તસ્બીહાતે અરબા પઢતા રહો.

જ્યારે કૂફા શહેરમાં દાખલ થાવ તો પઢોઃ

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ ફી સબીલિલ્લાહે વ અ્લા મિલ્લતે રસૂલિલ્લાહે સ્લ્લલ્લાહો અ્લયહે વ આલેહી અલ્લાહુમ્મ અન્ઝિલ્ની મુન્ઝલમ્ મોબારક્વ્ વ અન્ત ખ્ંય્રૂમ્ મુન્ઝેલીન.**

દાખલ થાવ છું હું અલ્લાહનું નામ લઇને અને તેનાથી જ મદદ માંગવા સાથે અને હું રસૂલ સ.અ.વ.ની મિલ્લત પર છું. યા અલ્લાહ ! મારૂં અહીં આવવું મુબારક કર, કેમકે તું જ સૌથી શ્રેષ્ઠ ઉતારો આપનાર અને મેઝબાન છે.

## મસ્જિદે કૂફાના આમાલ

મસ્જિદના દરવાજા પર ઉભા રહીને પઢે :

**અસ્સલામો અલા સય્યેદેના રસૂલિલ્લાહે મોહમ્મદિબ્ને અબ્દિલ્લાહે વ આલેહિત તાહેરીન. અસ્સલામો અલા અમીરિલ મુઅમેનીન અલિય્યિબ્ને અબી તાલેબિન વ રહમતુલ્લાહે વ બરકાતોહૂ વ અલા મજાલેસેહી વ મશાહેદેહી વ મકામે**

હિકમતેહી વ આસારે આબાએહી આદમ વ નૂહિન વ ઈબરાહીમ વ ઈસમાઈલ વ તિબયાને બરયેનાતેહી. અસ્સલામો અલલ ઈમામિલ હકીમિલ અદલિસ સિદદીકિલ અકબરિલ ફારૂકે બિલ કિસતિલ લઝી ફરરકલ્લાહો બેહી બયનલ હકકે વલ બાતેલે વલ કુફરે વલ ઈમાને વશ શિરકે વત તવહીદે લે યહલેક મન હલક અમ બરયેનતિન વ યહયા મન હય્ય અમ બરયેનતિન. અશહદો અન્નક અમીરૂલ મુઅમેનીન વ ખાસ્સતો નફસિલ મુનતજબીન વ ઝયનુસ સિદદીકીન વ સાબેરૂલ મુમતહનીન વ અન્નક

**હિકમુલ્લાહે ફી અરઝેહી વ કાઝી અમરેહી વ બાબો હિકમતેહી વ આકેદો અહદેહી વન નાતેકો બે વઅદેહી વલ હબલુલ મવસૂલો બયનહૂ વ બયન એબાદેહી વ કહફૂન નજાતે વ મિન હાજુત્તોકા વદ દરજતુલ ઉલયા વ મોહયમેનુલ કાઝિલ અઅલા યા અમીરલ મુઅમેનીન બેક અતકર્રરબો ઈલલ્લાહે ઝુલફા અનત વલીય્યી વ સય્યેદી વ વસીલતી ફિદ દુનયા વલ આખેરહ.**

સલામ હો આપ પર અય અમારા સરદાર અલ્લાહના રસૂલ મોહમ્મદ બિન અબ્દુલ્લાહ સ.અ.વ. અને આપની પાક આલ પર.

સલામ હો આપ પર અય અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબિતાલિબ અ.સ. અલ્લાહની રહેમતો અને બરકતો હો આપ પર અને સલામ હો તેમની મજલિસો પર. તેમના પાક મઝારો પર અને તેમના શાણપણના સ્થળો પર. તેમના પૂર્વજોની નિશાનીઓ પર. આદમ અ.સ., નૂહ અ.સ., ઇબ્રાહીમ અ.સ. અને ઇસ્માઇલ અ.સ. પર અને તેમના મોઅજીઝાઓ જાહેર થવા પર. સલામ હો આપ પર અય જ્ઞાની ઇમામ, જે આદિલ છે, સૌથી મહાન તસ્દીક કરનાર છે, જે હક અને બાતિલમાં ફરક કરનાર છે. અલ્લાહે તેમના દ્વારા હક અને બાતિલમાં, કુફ્ર અને ઇમાનમાં, શિર્ક અને તૌહીદમાં ફરક કરી બતાવ્યો. જેથી જે નાશ પામે એ દલીલ સાથે

અને જીવતો રહે તો દલીલ સાથે.

હું ગવાહી આપું છું કે તમે ખરેખર મોઅમેનીનના અમીર છો. મુન્તખબ લોકોના આગેવાન, સિદ્દીકોની શોભા, અને ઇમ્તેહાન આપનારાઓમાં ધીરજવાન, અને ખરેખર તમે જમીન પર અલ્લાહ તરફથી પસંદ કરેલા લવાદ છો, તેના હુકમો મુજબ ફેંસલા આપનાર છો અને તેની હિકમતના દરવાજા છો તેના વચનથી બાંધનારા છો અને તેના વાયદા પર વચનબદ્ધ છો અને તેના તથા તેના બંદાઓ વચ્ચે સંબંધની કડી છો. નજાતનું સ્થળ છો, તકવાનો રસ્તો છો, આપના મરતબા ઊંચા છે, આપના ફેંસલા અટલ છે, અય અમીરૂલ મોઅમેનીન અ.સ. આપની

મારફત હું અલ્લાહની નિકટતા ચાહું છું તમે જ મારા વાલી છો મારા સરદાર છો અને દુનિયા તેમજ આખેરતમાં મારો વસીલો છો.

**પછી મસ્જિદમાં દાખલ થાય. અને મસ્જિદે કૂફાના આમાલ અદા કરે.**

## (૧) મકામે ઈબ્રાહીમ અ.સ.

આ મુસલ્લા પર ચાર રકાત નમાઝ પઢે. પહેલી બે રકાતમાં સૂરએ હમ્દ અને કુલ હોવલ્લાહ. બીજી બે રકાતમાં સૂરએ હમ્દ અને સૂરએ ઇન્ના અનઝલના. નમાઝ પછી જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢીને પોતાની હાજતો માંગે.

પછી પઢે :

**અસ્સલામો અ઼લા અ઼બાદિલ્લાહિસ્ સાલેહીનર્ રાશેદીનલ્ લઝીન અઝ્હબ -લ્લાહો અ઼ન્હોમુર્ રિજ્સ વ તૃહ્હરહુમ્ તત્હીરા. વ જઅ઼લહુમ્ અમ્બેયાઅ મુર્સલીન વ હુજ્જતન્ અ઼લલ્ ખ઼લ્કે અજ્મઈન વ સલામુન્ અ઼લલ્ મુર્સલીન વલ્ હ઼મ્દો લિલ્લાહે રબ્બિલ્ આ઼લમીન ઝાલેક તક઼્દીરૂલ્ અ઼ઝીઝિલ્ અ઼લીમ.**

સલામ થાય અલ્લાહના નેક બંદાઓ ઉપર જેઓ હિદાયત કરવાવાળાઓ છે જેનાથી અલ્લાહે દરેક પ્રકારની ગંદગી દૂર રાખી છે અને એવા પાક બનાવ્યા છે જેવા પાક બનાવવાનો

હક છે. અને તેમને નબીઓ અને રસૂલોમાં ઠરાવ્યા અને સર્જન પર પોતાની હુજ્જત બનાવ્યા. સલામ થાય બધા રસૂલો પર બધી તાઅરીફ એ અલ્લાહ માટે શોભાયમાન છે, જે બધી દુનિયાઓને પાળવાવાળો છે, આ નિર્માણ છે ગાલિબ અને જાણવા વાળા તરફથી.

**પછી સાત વખત કહે :**

**સલામુન અ઼લા નૂહિન ફિલ આ઼લમીન.**

સલામ હો જનાબે નૂહ અ.સ. પર

પછી કહે : **નહ઼નો અ઼લા વસીય્યેતેક યા વલીય્યલ મુઅ્મેનીનલ લતી અવસૈંયત બેહા ઝુંર્રીય્યતક મેનલ મુરસલીન વસ્**

સિદ્દીકીન વ નહ્નો મિન શીઅતેક વ શીઅતે નબીય્યેના મોહમ્મદિન સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ અલય્ક વ અલા જમીઈલ મુર્સલીન વલ અમ્બેયાએ વસ્સાદેકીન વ નહ્નો અલા મિલ્લતે ઈબ્રાહીમ વ દીને મોહમ્મદિન નબીય્યિલ ઉમ્મીય્યે વલ અઈમ્મતિલ મહ્દીય્યીન વ વિલાયતે મવ્લાના અલીય્યિન અમીરિલ મુઅમેનીન. અસ્સલામો અલલ બશીરિન નઝીરે સલવાતુલ્લાહે અલય્હે વ રહ્મતોહૂ વ રિઝ્વાનોહૂ વ બરકાતોહૂ વ અલા વસીય્યેહી વ ખલીફતેહિશ શાહેદે લિલ્લાહે

મિમ્ બઅ્દેહી અ્લા ખ્લ્કેહી અ્લીય્યિન્ અમીરિલ્ મુઅ્મેનીનસ્ સિદ્દીકિલ્ અકબરે વલ્ ફારૂકિલ્ મોબીનિલ્ લઝી અખ્ઝ્ત બય્અ્તહૂ અ્લલ્ આ્લમીન રઝીતો બેહિમ્ અવ્લેયાઅ વ મવાલેય વ હુક્કામન્ ફી નફ્સી વ વુલદી વ અહ્લી વ માલી વ કિસ્મી વ હિલ્લી વ એહ્રામી વ ઈસ્લામી વ દીની વ દુન્યાય વ આખ્રતી વ મહ્યાય વ મમાતી અન્તોમુલ્ અઈમ્મતો ફિલ્ કિતાબે વ ફસ્લુલ્ મકામે વ ફસ્લુલ્ ખિતાબે વ અઅ્યોનુલ્ હય્યિલ્ લઝી લા યનામો વ અન્તુમ્ હોકમાઉલ્લાહે વ બે કુમ્ હકમલ્લાહો વ

બેકુમ ઑરેફ હૅકેંકુલ્લાહે લા ઈલાહ ઈલ્લલ્લાહો મોહૅમ્મદુર રસૂલુલ્લાહે અનતુમ નૂરૂલ્લાહે મિન બયને અયદીના વ મિન ખૅલફેના અનતુમ સુન્નતુલ્લા હિલ લતી બેહા સબકૅલ કૅઝાઁઓ યા અમીરલ મુઅમેનીન અના લકૂમ મોસલ્લેમુન તસલીમન લા ઉશરેકો બિલ્લાહે શયઅન વ લા અત્તખેંઝોઁ મિન દૂનેહી વલીય્યન, અલ હૅમદો લિલ્લાહિલ લઝી હદાની બે કુમ વ મા કુનતો લે અહતદેય લવ લા અન હદાનેયલ્લાહો અલ્લાહો અકબરો અલ્લાહો અકબરો અલ્લાહો અકબરો અલ હૅમદો લિલ્લાહે અૅલા મા હદાના.

અય મોઅમેનીનના વાલી અમે આપની વસિયત પર કાયમ છીએ. જે વસિયત આપે આપની ઔલાદને કરી, જેઓ રસૂલો અને સિદ્દીકોમાંથી છે અને અમે આપના શિયાઓ છીએ અને અમારા નબી મોહમ્મદ સ.અ.વ.ના શિયાઓ છીએ. અલ્લાહની રહેમત થાય તેમના પર તેમની આલ પર અને આપ પર અને બધા રસૂલો પર અને સાચા નબીઓ પર, અને સાચાઓ પર, અને અમે ઇબ્રાહીમ અ.સ.ની મિલ્લત પર છીએ, અને ઉમ્મી નબી મોહમ્મદ સ.અ.વ.ના દીન પર છીએ અને હિદાયત આપનારા ઇમામોના મઝહબ પર છીએ અને અમારા આકા અમીરૂલ મોઅમેનીન સ.અ.ની વિલાયતને

માનનારા છીએ.

સલામ હો, અમને જન્નતની ખુશ ખબરી આપનારા પર અને અમને જહન્નમની આગથી ડરાવી નેકી તરફ વાળનારા પર. અલ્લાહની તેમના પર સલવાત નાઝિલ થાય, તેની ખાસ રહેમતો નાઝિલ થાય, તેની ખુશી પ્રાપ્ત થાય, અને તેની બરકતો નાઝિલ થાય અને તેમના જાનશીન વસી પર અને તેમના ખલીફા પર જેઓ તેમના પછી વિશ્વના લોકો પર અલ્લાહના તરફથી ગવાહ છે, એટલે કે હઝરત અલી અમીરૂલ મોઅમેનીન પર જેઓ સીદ્દીકે અકબર છે અને સ્પષ્ટ રીતે હક અને બાતિલને જુદા કરનાર છે, જેમની બૈઅત તમામ લોકો પાસેથી લેવામાં આવી. હું એ વાત પર ખુશ છું

કે તેઓ વલીઓ છે, મારી જાન પર, દરેક વાતનો અધિકાર ધરાવે છે અને મારા જીવ, મારી ઔલાદ અને મારી ઘરવાળી પર, મારા માલ, મારા ભાગ, મારા હિલ અને હરમ પર, મારા ઇસ્લામ, મારા દીન, મારી દુનિયા અને મારી આખેરત, મારા જીવન અને મારા મરણ પર હકૂમત કરનારા છો. તમે કુરઆનની નસ (હુકમ) મુજબ ઇમામો છો તમારૂં સ્થાન રોશન છે, તમારૂં કથન હક અને બાતિલને અલગ કરનાર છે અને આપની આંખો સદા જાગૃત છે જે કદી ઊંઘતી નથી. અને તેમો ઇમામો, અલ્લાહના તરફથી હાકિમો છો અને આપના દ્વારા જ અલ્લાહના હુકમો જારી થયા અને તમોએ અલ્લાહના હક્કોની પહેચાન

કરાવી. અલ્લાહ સિવાય કોઇ ઇબાદતને લાયક નથી મોહમ્મદ સ.અ.વ. અલ્લાહના રસૂલ છે. અને આપ સાહેબો અલ્લાહના નૂર છો અમારી સામે અને અમારી પાછળ પણ. તમે સાહેબો અલ્લાહની એ સુન્નત છો જે અલ્લાહની રજા પર રાજી રહેવામાં આગળ વધી ગયા.

અય અમીરૂલ મોઅમેનીન મેં આપના દ્વારા એવો ઇસ્લામ કબૂલ કર્યો છે જેવો કબૂલ કરવાનો હક છે અને હું ન તો કોઇને અલ્લાહનો ભાગીદાર ગણું છું અને ન તેના સિવાય કોઇને મારો સરપરસ્ત ગણું છું તમામ તારીફ એ અલ્લાહની છે જેણે મારી હિદાયત કરી આપના વિશે અને હું કદાપી હિદાયત ન પામત જો અલ્લાહ મારી હિદાયત ન કરતે અલ્લાહ મહાન

છે, અલ્લાહ મહાન છે, અલ્લાહ મહાન છે, બધા વખાણ એને લાયક છે જેણે અમને સદ્માર્ગ દેખાડયો.

**પછી પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે**

## (૨) મકામે ખિઝર અ.સ.

આ મુસલ્લા પર પઢવાની દુઆ કિતાબમાં લખેલી નથી, અહીં બે રકાત નમાઝ પઢે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ બાદ પોતાની હાજતો માંગે.

## (૩) દક્કતુલ કઝા

આ મુસલ્લા પર બે રકાત નમાઝ પઢે અને જનાબે સય્યદા અ.સ.ની તસ્બીહ પઢીને આ

દુઆ પઢે :

**યા માલેકી વ મોમલ્લેકી વ મોતગમ્મેદી બિને નેઅમિલે જેસામે મિને ગયરિસે તેહકાકિને વજેહી ખાઝેઉને લેમા તઅલૂહુલે અકદામો લે જલાલે વજેહેકલે કરીમે લા તજઅલે હાઝેહિશે શિદેદત વ લા હાઝેહિલે મિહેનત મુત્તસેલતને બિસતી-સાલિશે શઅફતે વમેનહેની મિને ફઝલેક યા લમે તમેનહે બેહી અહેદને મિને ગયરે મસઅલતિને અનેતલે કંદીમુલે અવ્વલુલે લઝી લમે તઝલે વ લા તઝાલો સલ્લે અલા મોહમ્મદિવે વ આલે મોહમ્મદિવે વગફિરે લી વરહેમેની વ ઝકકે અમલી વ બારિકે લી ફી**

**અજલી વજ્હેલની મિન્ આતકાએક વ તોલકાએક મેનન્નારે બે રહ્મતેક યા અરહમર રાહેમીન.**

અય મારા માલિક અને મને માલિક બનાવનાર, મને પોતાની મોટી મોટી નેઅમતોથી વગર હકે નવાઝનાર. તારા કૃપાળુ અને કિર્તિવાન ચહેરા સામે મારૂં મસ્તક નમેલું છે અને મારી મહેનત અને શ્રમને નાશની સાથે ન જોડજે અને મને તારા ફઝલથી એ અતા કર જે તું કોઇને પણ માંગ્યા વગર નથી આપતો. તું કદીમ (સનાતન) છે અને એવો પહેલો છે જે હંમેશાથી છે અને હંમેશા રહેશે. મોહમ્મદ સ.અ. પર સલવાત મોકલ અને મને બક્ષી દે, મારા પર દયા કર, મારા કાર્યોને નેક બનાવી દે,

અને મારા માટે મોત મુબારક કર, અને મને જહન્નમથી આઝાદ થયેલા લોકોમાં ગણતરી કર. તારી રહેમતના વાસ્તાથી અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

પછી પોતાની હાજત અલ્લાહ તઆલાથી માંગે

## (૪) મકામે બૈતુત તશ્ત

આ મુસલ્લા પર બે રકાત નમાઝ પઢે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ બાદ આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ ઈન્ની ઝઁખઁરતોં તવ્હીદી ઈય્યાક વ મઅ્રેફતી બેક વ ઈખ્લાસી લક વ ઈક્રારી બે રોબૂબીય્યતી બેક વ**

ઝંખંરતો વિલાયત મને અનેઅંમેત અંલય્ય બે મઅંરેફતેહિમે મિને બરીય્યતેક મોહંમ્મદિંવે વ ઈતંરતેહી સંલ્લલ્લાહો અંલયેહિમે લે યવ્મે ફઝઈં ઈલયેક અંજેલંવે વ આજેલંવે વ કંદે ફઝેઅંતો ઈલયેક વ ઈલયેહિમે યા મવ્લાય ફી હાઝંલે યવ્મે વ ફી મવ્કેફી હાઝાં વ સઅલેતોક માદેદતી મિને નેઅંમતેક વ એઝાહેંત મા અખંશાહૂ મિને નિકંમતેક વલે બરકત ફી મા રઝકંતનીહે વ તહંસીન સંદરી મિને કુલ્લે હમેમિને વ જાએહેંતિને વ મઅંસેંયતિને ફી દીની વ દુનેયાય વ આખેંરતી યા અરહેંમરે રાહેંમીન.

અય અલ્લાહ ! તારી તૌહીદ વિશે મારી અકીદતને તારા સંબંધમાં મારી જે માઅરેફત છે તેને, અને તારા માટે મારા દિલમાં જે નિર્મળ ભાવ છે તેને. તારા પાલનહાર હોવા વિશેની મારી માન્યતાને મેં મારી મૂડી બનાવી છે અને હું એને પણ મારો સરમાયો સમજું છું જેની માઅરફેતથી તેં મારા પર એહસાન કર્યો એટલે કે મોહમ્મદ સ.અ.વ. અને તેમની ઔલાદ. અલ્લાહની સલવાત હો તેમના પર એ દિવસ માટે, જે મોટા ભયનો છે અને હું પનાહ માગું છું તારી અને તેમની, અય મારા આકા આજના દિવસે અને આજ સ્થળે તારાથી સવાલ કરૂં છું તું મારા પર તારી નેઅમતો હંમેશા જારી રાખ અને તારા અઝાબથી મને

દૂર રાખ કે હું તેનાથી ડરૂં છું અને મને તેં જે રોજી આપી છે તેમાં બરકત આપ અને મારા દિલને દરેક રંજ અને મુસીબતથી બચાવી લે. દીનની મઅસીયતથી બચાવી લે, દુનિયામાં અને આખેરતમાં, અય રહેમ કરવાવાળઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

પછી કહે :

**તકબ્બલ દુઆઈ વસમઅ નજવાય યા સામેઅ કુલ્લે સવતિન યા બારેઅન નોફૂસે બઅદલ મવતે સલ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વસતજિબ લી વગફિર લી વલે વાલેદય્ય વલે જમીઈલ મુઅમેનીન વલ મુઅમેનાતે ઈન્નક ગફુરૂર**

**રહીઁમ વ સઁલ્લલ્લાહો અઁલા મોહઁમ્મદિવઁ વ આલેહી અજ્મઈઁન.**

અંતમાં તું મારી દુઆને કબૂલ કરી લે અને મારૂં કરગરવું સાંભળી લે અય બધી વાતોને સાંભળનાર, અય મોત પછી દરેક જીવને ફરી સજીવન કરનાર સલવાત મોકલ મોહમ્મદ સ.અ.વ. પર અને તેમની આલ પર અને મારી દુઆ કબૂલ કરી લે અને મને માફ કરી દે મારા મા-બાપના ગુનાહોને માફ કરી દે, અને બધા મોઅમિનો અને મોઅમીનાતોને બક્ષી આપ. ખરેખર તું મોટો માફ કરવાવાળો અને દયા કરનાર છે અને સલવાત મોકલ મોહમ્મદ સ.અ.વ. પર અને તેમની ઔલાદ પર.

પછી પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે

## (૫) મકામે હઝરત મોહમ્મદ મુસ્તુફા સ.અ.વ.

આ મુસલ્લા પર બે રકાત નમાઝ પઢે, પહેલી રકાતમાં સૂરએ હમ્દ અને સૂરએ કુલ હોવલ્લાહ અને બીજી રકાતમાં સૂરએ હમ્દ અને સૂરએ કુલ યા અય્યોહલ કાફેરૂન પઢે. પછી જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ બાદ આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ અનતસ સલામો વ મિનકસ સલામો વ ઈલયક યઉદુસ સલામો વ દારોક દારૂસ સલામે હંય્યેના રબ્બના મિનક બિસ સલામે. અલ્લાહુમ્મ ઈન્ની**

**સંલ્લયતો હાઝેહિસ્ સલાતબે તેગાઅ રહમતેક વ રિઝ્વાનેક વ મગફેરતેક વ તઅઝીમન લે મસ્જેદેક. અલ્લાહુમ્મ ફ સંલ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વરફઅહા ફી ઈલ્લીય્યીન વ તકબ્બલહા મિન્ની યા અરહમર રાહેમીન.**

અય અલ્લાહ ! તું જ સલામતી છો અને સલામતી તારા તરફથી છે અને સલામતી તારી તરફ પાછી ફરે છે અને તારૂં ઘર સલામતીનું ઘર છે અય અમારા પાળવાવાળા અમને તારા તરફથી સલામતી સાથે જીવંત રાખ. યા અલ્લાહ ! હું આ નમાઝ તારી રહેમત, તારી ખુશનુદી અને તારી બક્ષિશ હાંસિલ

કરવા આ મસ્જિદની અઝમતના લીધે પઢી રહ્યો છું. અય અલ્લાહ ! તું મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર દુરૂદ મોકલ અને આલા ઇલ્લીયીનમાં તેમના દરજ્જા બુલંદ કર અને અમારી આ દુઆ કબુલ કરી લે. અય સૌથી વધારે રહેમત કરનારા. તમામ રહેમત કરવાવાળાઓમા.

**પછી પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.**

## (ડ) મકામે હઝરત આદમ અ.સ.

આ જગ્યા હ. અલી અ.સ. અને ઇમામ હસન અ.સ.ની છે. અહીં અલ્લાહ તઆલાએ જનાબે આદમ અ.સ.ને તૌબા કરવાની તૌફીક આપી હતી.

બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ અ્લા મિલ્લતે રસૂલિલ્લાહે સ્લ્લલ્લાહો અ્લયહે વ આલેહી વ લા ઈલાહ ઈલ્લલ્લાહો મોહ્મ્મદુર્ રસૂલુલ્લાહે. અસ્સલામો અ્લા અબીના આદમ વ ઉમ્મેના હ્વ્વાઅ. અસ્સલામો અ્લા હાબીલલ્ મક્તૂલે ઝુ્લ્મંવ્ વ ઉદ્વાનન્. અસ્સલામો અ્લા મવાહેબિલ્લાહે વ રિઝ્વાનેહી. અસ્સલામો અ્લા શીસ્ સ્ફ્વતિલ્લાહિલ્ મુખ્તારિલ્ અમીને વ અ્લસ્ સિફ્વતિસ્ સાદેકીન મિન્ ઝુર્રીયતેહિત્ તય્યેબીન અવ્વલેહિમ્ વ આખેરેહિમ. અસ્સલામો અ્લા ઈબ્રાહીમ વ ઈસ્માઈલ વ ઈસ્હાક્ વ

યઅઁકૂબ વ અઁલા ઝઁરરીય્યતેહેમુલ મુખ઼્તારીન. અસ્સલામો અઁલા મૂસા કલીમિલ્લાહ. અસ્સલામો અઁલા ઈસા રૂહિલ્લાહ. અસ્સલામો અઁલા મોહમ્મદિબ્ને અઁબ્દિલ્લાહે ખાતમિન્ નબીરિય્યન. અસ્સલામો અઁલા અમીરિલ મુઅમેનીન વ ઝુઁરરીય્યતેહિત તય્યેબીન વ રહમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અઁલયકુમ ફિલ અવ્વલીન. અસ્સલામો અઁલયકુમ ફિલ આખેરીન. અસ્સલામો અઁલા ફાતેમતઝ ઝહરાઅ. અસ્સલામો અઁલલ અઈમ્મતિલ હાદીન શોહદાઈલ્લાહે અઁલા ખલ્કેહી. અસ્સલામો અઁલર રકીબિશ શાહેદે અઁલલ

**ઓમમે લિલ્લાહે રબ્બિલ આંલમીન.**

શરૂ કરૂં છું અલ્લાહના નામથી અને તેનાથી જ મદદ માગું છું અને હું સ.અ.વ.ની ઉમ્મતમાં છું. અલ્લાહ તેમના પર અને તેમની આલ પર રહેમત નાઝિલ કરે. અલ્લાહના સિવાય કોઇ ઇબાદત કરવાને લાયક નથી. હઝરત મોહમ્મદ મુસ્તફા સ.અ.વ. અલ્લાહના રસૂલ છે.

સલામ થાય, અમારા બાપ આદમ અ.સ. પર અને મા હવ્વા પર અને સલામ થાય જનાબે હાબીલ પર જેને અલ્લાહ તરફથી ઇન્આમ મળવાના અને ખુદાની ખૂશ્નૂદી પામવાના કારણે અદાવત અને ઝુલ્મથી શહીદ કરવામાં આવ્યા. સલામ થાય અલ્લાહના બરગુઝીદા, ચૂંટેલા અને અમીન જનાબે શીશ

પર અને તેમની આલમાંના પાક, સાચા અને ચૂંટાએલા અવ્વલીન અને આખેરીનમાંથી બધા પર, સલામ થાય જનાબે ઇબ્રાહીમ પર. જનાબે ઇસ્માઇલ પર, જનાબે ઇસ્હાક પર, જનાબે યઅકૂબ પર અને તેમની ઔલાદ પર. સલામ થાય મૂસા કલીમુલ્લાહ પર, સલામ થાય ઇસા રૂહુલ્લાહ પર. સલામ થાય મોહમ્મદ ઇબ્ને અબ્દિલ્લાહ ખાતેમુન્નબીય્યિન સ.અ.વ. પર. સલામ થાય અમીરૂલ મોઅમેનીન અ.સ. અને તેમની પાક ઔલાદ પર. સાથે અલ્લાહની રહેમત અને બરકતોની. સલામ થાય તમો લોકો અવ્વલીન અને આખેરીનવાળા પર, સલામ થાય જનાબે ફાતેમા ઝહેરા સલા. પર. સલામ થાય તમામ ઇમામો પર જેઓ હિદાયત

દેવાવાળા અને તમામ મખ્લૂક પર ગવાહ છે. સલામ થાય એ નિગેહબાન પર જે બધી ઉમ્મતો પર ગવાહ છે. અલ્લાહ તરફથી. જે તમામ આલમોનો પાળવાવાળો છે.

પછી ચાર રકાત નમાઝ પઢે. પહેલી રકાતમાં સૂરએ હમ્દ પછી સૂરએ ઈન્ના અન્ઝલના અને બીજી રકાતમાં સૂરએ હમ્દ બાદ સૂરએ કુલહોવલ્લાહ અને બાકીની બે રકાત પણ એવી જ રીતે પઢે, પછી જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે અને આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ ઈનેં કુનેંતો કંદેં અંસંયેંતોક ફ ઈન્ની કંદેં અતંઅંતોક ફિલેં ઈમાને**

મિન્ની બેક મન્નને મિનેક અઁલય્ય લા મન્નને મિન્ની અઁલયેક વ અતઁઅઁતોક ફી અહઁબેબિલે અશેયાઁએ લક લમે અત્તખિઁઝે લક વલદંવે વ લમે અદેઓઁ લક શરીકંવે વ કઁદે અઁસઁયેતોક ફી અશેયાઅ કસીઁરતિને અઁલા ગઁયરે વજેહિલે મોકાબરતે લક વ લલે ખોઁરૂજે અઁને ઓઁબૂદીય્યતેક વ લલે જોહૂઁદે લે રોબુબીય્યતેક વ લાકેનિત્તબઅઁતો હવાય વ અઝલ્લનિશે શયેતાઁનો બઅઁદલે હુઁજેજતે અઁલય્ય વલે બયાને ફ ઈને તોઅઁઝઁઝિઁબેની ફ બે ઝોઁનૂબી ગઁયેર

ઝઁાલેમિને લી વ ઈને તઅંફો અંન્ની વ તરેહેંમેની ફ બે જૂદેક વ કરમેક યા કરીમ. અલ્લાહુમ્મ ઈન્ન ઝાંનૂબી લમે યબેકંં લહા ઈલ્લા રજાઓ અંફ્વેક વ કંદે કંદેદમેતો આલતમે હિંરમાને ફ અના અસઅલોક અલ્લાહુમ્મ મા લા અસેતવેજેબોહૂ વ અતંલોબો મિનેક મા લા અસતહિંકંકોહૂ અલ્લાહુમ્મ ઈને તોઅંઝંઝિંબેની ફ બે ઝાંનૂબી વ લમે તઝઁલિમેની શયેઅંવે વ ઈને તગંફિરેલી ફ ખંયરો રાહેંમિને અનેત યા સય્યેદી. અલ્લાહુમ્મ અનેત અનત વ અના અના અનેતલે અંવ્વાદો બિલે

મગ્ફેરતે વ અનલ અવ્વાદો બિઝ્ઝુનૂબે વ અનતલ મોતફઝ્ઝેલો બિલ હિલ્મે વ અનલ અવ્વાદો બિલ જહલે. અલ્લાહુમ્મ ફ ઈન્ની અસઅલોક યા કનઝઝ્ઝોઅફાએ યા અઝીમર રજાએ યા મુનક્કેઝલ ગરકા યા મુનજેયલ હલકા યા મોમીતલ અહયાએ યા મુહયેયલ મવતા અનતલ્લાહો લા ઈલાહ ઈલ્લા અનતલ લઝી સજદ લક શોઆઉશ્શમ્સે વ દવીય્યુલ માએ વ હફીફુશ શજરે વ નૂરૂલ કમરે વ ઝુલ્મતુલ લયલે વ ઝવઉન નહારે વ ખફકાનુત તયરે ફ અસઅલોક.

અલ્લાહુમ્મ યા અઁઝીમો બે હૅક્કેક અઁલા મોહૅમ્મદિવે વ આલેહિસ્ સાઁદેકીન વ બે હૅક્કે મોહૅમ્મદિવે આલેહિસ્ સાઁદેકીન અઁલયક વ બે હૅક્કેક અઁલા અઁલીયયિંવ વ બે હૅક્કે અઁલીયયિને અઁલયક વ બે હૅક્કેક અઁલા ફાતેમત વ બે હૅક્કે ફાતેમત અઁલયક વ બે હૅક્કેક અઁલલ હૅસને વ બે હૅક્કિલ હૅસને અઁલયક વ બે હૅક્કેક અઁલલ હુસયને વ બે હૅક્કિલ હુસયને અઁલયક ફ ઇન્ન હોક્કૂકહુમ અઁલયક મિન અફઝલે ઇનઆમેક અઁલયહિમ વ બિશ શઅનિલ લઝી લક ઇન્દહુમ વ બિશ

શઅનિલ લઝી લહુમ ઈનદક સલ્લે અલયહિમ યા રબ્બે સલાતન દાએમતમ મુનતહા રેઝાક વગફિરે લી બેહેમુઝ ઝાનૂબલ લતી બયની વ બયનક વ અરઝે અન્ની ખલકક વ અતમિમ અલય્ય નેઅમતક કમા અતમમતહા અલા આબાઈ મિન કબલો વ લા તજઅલ લે અહદિમ મેનલ મખલૂકીન અલય્ય ફીહમતેનાનન વમનુન અલય્ય કમા મનનત અલા આબાઈ મિન કબલો યા કાફ હા યા અયન સાદ. અલ્લાહુમ્મ કમા સલ્લયત અલા મોહમ્મદિવ વ આલેહી

**ફસતજિબલી દુઆઈ ફી મા સઅલતો યા કરીમો યા કરીમો યા કરીમો.**

અય અલ્લાહ અગર મેં તારી નાફરમાની કરી છે તો તારા પર ઇમાન લાવવામાં તારી તાબેદારી પણ કરી છે. આમાં પણ મારા પણ તારો અહેસાન છે, મારો કોઇ એહસાન નથી અને તને સૌથી વધુ પસંદ છે એ વાતમાં મેં તારી તાબેદારી કરી એટલે કે મેં કોઇને તારો બેટો નથી માન્યો ન મેં તારો કોઇને ભાગીદાર ઠેરવ્યો છે. મેં ઘણી વાતોમાં તારા ગુનાહ કર્યા પણ હઠાગ્રહથી નહીં અને ન તારા પાલનહાર હોવાનો ઇન્કાર કરીને બલકે મેં મારી મનોકામનાનું અનુસરણ કર્યુ અને મને શૈતાને ગુમરાહ કર્યો જો કે તારી મહોબ્બત અને તારૂ

ભાન મને મળી ચૂકયું હતું. હવે જો તું મારા પર અઝાબ કરશે. તો તે મારા ગુનાહોના કારણે હશે, પણ એમાં કંઇ તારો ઝુલ્મ નહીં હોય અને જો તું માફ કરીશ તો એ તારી ઉદારતા અને કૃપા કહેવાશે.

અય કૃપાળુ ! બારે ઇલાહા ! મારા ગુનાહો માટે કોઇ વસ્તુનો આશરો નથી સિવાય કે તારાથી બક્ષિશની આશા, નિરાશાનો સામાન તો મેં પહેલેથી જ તારા દરબારમાં રવાના કરી દીધો છે. એટલે અય અલ્લાહ હું તારાથી એ માંગુ છું જે માંગવાનો મને અધિકાર નથી અને હું માંગી રહ્યો છું જેને હું લાયક નથી. એટલે હવે જો તું મારા પર અઝાબ કરે તો એ મારા ગુનાહોનો નતીજો છે અને જો તું બક્ષી આપે

તો એ તારી ભલાઇ અને દયા છે. તું મારો માલિક છે.

અય અલ્લાહ ! તું તું અને હું હું છું. તું વારંવાર બક્ષવાવાળો છે જ્યારે હું વારંવાર ગુનાહ કરૂં છું. તું તારી સહિષ્ણુતાને કારણે મારા પર કૃપા કરતો રહે છે જ્યારે હું જેહાલતના કારણે ગુનાહો આચરતો રહું છું. અય અલ્લાહ ! હું તારાથી યાચના કરૂં છું, અય કમજોરોની મૂડી, અય મોટી આશા, અય ડૂબતાઓને તારનાર, નાશ પામનારાઓને નજાત આપનાર, અને જીવતાઓને મૃત્યુ દેનાર, અને મુર્દાઓને સજીવન કરનાર તું જ અલ્લાહ છે. તારા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી, તું એ જાત છે જેને સૂર્યના કિરણોએ નમન કર્યું. અને

પાણીના વહેણોએ સિજદા કર્યા, અને વૃક્ષોની હારમાળાએ સિજદા કર્યા, ચાંદની રોશનીએ, રાતના અંધારાએ, સુબ્હના ઉજાલાએ, અને પંખીઓના ટોળાઓએ સિજદા કર્યા.

હું તારાથી માંગણી કરૂં છું અય અલ્લાહ, અય મહાન તારા હકના વાસ્તાથી, જે મોહમ્મદ સ.અ.વ. અને તેની હકીકી ઔલાદ પર છે અને મોહમ્મદ સ.અ.વ. અને તેમની ઔલાદના હકના વાસ્તાથી જે તારા પર છે અને તારા એ હકનો વાસ્તો જે અલી અ.સ. પર છે અને અલી અ.સ.ના એ હકનો વાસ્તો જે તારા પર છે અને તારા એ હકનો વાસ્તો જે ફાતેમા સ.અ. પર છે અને જનાબે ફાતેમા સ.અ.ના એ હકનો વાસ્તો જે તારા પર છે

અને તારા એ હકનો વાસ્તો જે ઇમામ હસન અ.સ. પર છે અને ઇમામે હસન અ.સ.ના એ હકનો વાસ્તો જે તારા પર છે અને તારા એ હકનો વાસ્તો જે ઇમામ હુસૈન અ.સ. પર છે અને ઇમામ હુસૈન અ.સ. ના એ હકનો વાસ્તો જે તારા પર છે. કેમકે ખરેખર તેમના હકો જે તારા પર છે એ તારા શ્રેષ્ઠ ઇનઆમમાંથી છે જે તે એમને અર્પણ કર્યા છે અને તારી એ શાનનો વાસ્તો જે તેમની નજદીક છે અને તેમની એ શાનનો વાસ્તો જે તારી નજદીક છે કે તું સલવાત મોકલ તેમના પર અય પાલનહાર, એવી નિરંતર સલવાત જે તારી અનહદ ખુશીના પ્રતાપે હોય અને તેમના વાસ્તાથી મારા એ ગુનાહો બક્ષી આપ જે

તારી અને મારી વચ્ચે છે અને તારી મખ્લૂકને મારાથી રાજી રાખ અને મારા પર તારી નેઅમતો તમામ કર. જેવી રીતે તેં તમામ કરી નેઅમતોને મારા બાપ-દાદાઓ પર. આ પહેલા અને આ વિષયમાં મારા પર તારી એક પણ મખલૂકનો એહસાન ન ચડવા દે અને મારા પર એવો એહસાન કર જેવો તેં આ પહેલાં મારા બાપદાદાઓ પર કર્યો છે. અય કાફ, હા, અયન, સ્વાદ. બારે ઇલાહા ! જેવી રીતે તેં મોહમ્મદ સ.અ.વ. અને તમેની આલ પર દુરૂદ નાઝિલ કર્યુ છે એવી રીતે મારી દુઆ પણ કબૂલ કરી લે. અય કૃપાળુ હું તારાથી સવાલ કરૂં છું અય કૃપાળુ અય કૃપાળું.

પછી સિજદામાં જઈ પઢે :

યા મંય યકદેરો અલા હવાએજિસ સાએલીન વ યઅમલ મા ફી ઝમીરિસ સામેતીન યા મલ લા યહતાજો એલત તફસીરે યા મન યઅલમો ખાએનતલ અઅયોને વ મા તુખફિસ સોદૂરો યા મન અનઝલલ અઝાબ અલા કવમે યૂનુસ વ હોવા યોરીદો અંય યોઅઝઝેબહુમ ફ દઅવહૂ વ તઝર્રઉ ઈલયહે ફ કશફ અનહોમુલ અઝાબ વ મત્તઅહુમ ઈલા હીનિન કદ તરા મકાની વ તસમઓ દુઆઈ વ તઅલમો હાજતી ફકફેની મા અહમ્મની મિન અમરે દીની વ દુનયાય વ આખેરહ.

અય માંગવાવાળાઓની હાજતોને પૂરી કરવા શક્તિમાન, અને ચૂપ રહેનારાઓના મનને વાંચનારા અય તે કે જેને વિસ્તારથી સમજાવવાની જરૂરત નથી, અય આંખોની ચોરીને પારખી લેનાર, અને દિલોના ભેદોને જાણનાર, અય કે જેણે કોમે યુનુસ ઉપર અઝાબ નાઝિલ કર્યો પણ હજી અઝાબ નાઝિલ કરવાનો ઇરાદો જ ઝાહિર કર્યો હતો ત્યાં તો તેણે દુઆ અને કાકલૂદીને સ્વીકારી અઝાબ ટાળી દીધો અને તેમને એક મોહલત આપી કે તેઓ નેકી કરી લે. ખરેખર તું મારી સ્થિતિને જાણે છે, મારા બોલને સાંભળે છે અને મારી હાજતોને જાણે છે, તો તું મારા રંજને દૂર કર, જે મને દીનના એહકામમાં,

દુનિયાના કારોબારમાં કે આખેરતના હિસાબમાં ગમગીન કરે.

પછી સિજદામાં ૭૦ વખત કહે **યા સય્યદી** (અય મારા સરદાર)

સિજદામાંથી માથું ઉઠાવી અને પઢે :

**ગૅંદવૅતો બેહૅંવૅલિલ્લાહે વ કુૅંવ્વતેહી ગૅંદવૅતો બે ગૅંયૅરે હૅંવૅલિમૅ મિન્ની વલા કુૅંવ્વતિવૅ વલા કિમૅ બેહૅંવૅલિલ્લાહે વ કુૅંવ્વતેહી યા રબ્બે અસૅઅલોક બરકત હાઝૅંલૅ મવૅઝૅંઅૅ વ બરકત અહૅલેહી વ અસૅઅલોક અનૅ તરૅઝોકૅંની મિનૅ રિઝૅકૅંકલૅ હૅંલાલતૅં તૅંય્યેબિલૅ વાસેઅૅ**

**રિઝકિંન હલાલન તય્યેબન વાસેઅન તસૂકોહૂ એલય્ય બે હવલેક વ કુવ્વતેક વ અના ફી હિફઝિમ મિનક ખાએઝુંન ફી આફેયતિન યા અરહમર રાહેમીન.**

મે અલ્લાહની મદદ અને શક્તિ સાથે દિવસનો આરંભ કર્યો, મેં કંઇ મારી શક્તિ અને બળથી સવાર નથી કરી પણ અલ્લાહની શક્તિ અને મદદથી કરી છે. અય પાલનહાર, હું માંગણી કરૂં છું, કે તું મને તારી પાકીઝા હલાલ અને વિશાળ રિઝકમાંથી પાકીઝા, હલાલ અને વિશાળ રોજી અતા કર અને તારી મદદ અને શક્તિથી તેને મારી તરફ મોકલ અને હું તારા આશરામાં સુરક્ષિત અને સુખી રહું. અય સૌ રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે

રહેમ કરનાર.

પછી પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.

## (૭) મકામે જિબ્રઈલ અ.સ.

આ મુસલ્લા પર બે રકાત નમાઝ પઢે, પછી જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે અને પછી આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક બે જમીએઁ અસમાએક કુલ્લેહા મા અઁલિમના મિનહા વ મા લા નઅઁમલો વ અસઅલોક બિસમેકલ અઁઝીમિલ અઅઁઝમિલ કબીરિલ અકબરિલ લઝી મન દઆંક બેહી અજબતહૂ વ મન સઅલક બેહી**

અઅ઼ૅતંયેતહૂ વ મનિસે તનેસૅરક બેહી નસૅરેતહૂ વ મનિસે તગઁફરક બેહી ગઁફરેત લહૂ વ મનિસે તઆઁનક બેહી અઅ઼ૅનતહૂ વ મનિસે તરેઝકૅક બેહી રઝકૅતહૂ વ મનિસે તગાઁસંક બેહી અગઁસેતહૂ વ મનિસે તરેહૅમક બેહી રહિમેતહૂ વ મનિસે તજારક બેહી અજરેતહૂ વ મને તવકેકલ અૅલયેક બેહી કફયેતહૂ વ મનિસે તઅૅસૅમક બેહી અૅસૅમેતહૂ વ મનિસે તનેકૅઝંક બેહી મેનને નારે અનેકૅઝૅતહૂ વ મનિસે તઅૅતૅફક બેહી તઅૅત્તૅફેત લહૂ વ મને અમ્મલક બેહી અઅ઼ૅતંયેતહુલે લઝીતે તખૅઝૅત બેહી આદમ સૅફીય્યને વ નૂહૅને નજીયંવે વ

**ઈબ્રાહીમ ખલીલેક વ મૂસા કલીમેક વ ઈસા રૂહેક વ મોહમ્મદન હબીબેક વ અલિય્યેન વસીય્યેન સલ્લલ્લાહો અલયહિમ અજમઈન અન તકઝીય લી હવાએજી વ તઅફોવ અમ્મ સલફ મિન ઝોનૂબી વ તતફઝ્ઝલ અલય્ય બેમા અન્ત અહલોહૂ વ લે જમીઈલ મુઅમેનીન વલ મુઅમેનાતે લિદ દુનયા વલ આખેરતે યા મોફર્રેજ હમ્મિલ મહમૂમીન વ યા ગેયાસલ મલહૂફીન લા ઈલાહ ઈલ્લા અન્ત સુબ્હાનક યા રબ્બલ આલમીન.**

અય અલ્લાહ હું સવાલ કરૂં છું તારા એ બધા નામોના વાસ્તાથી જેને હું જાણું છું અને જેને હું

નથી જાણતો અને હું તારા ઇસ્મે આઝમના વાસ્તાથી સવાલ કરૂં છું, જે ઘણું મોટું નામ છે. મહાનમાં મહાન નામ છે, એવું નામ છે કે જે કોઇ એ નામથી તારા પાસે દુઆ માંગે તો તે કબૂલ થાય છે અને એ નામથી માંગણી કરે તો તું તેને આપે છે અને તે નામથી તારી મદદ માંગે તો તું તેની મદદ કરે છે. અને તારા એ નામ સાથે તૌબા કરે તો તું તેની તૌબા કબૂલ કરી લે છે. આ નામથી જો કોઇ સહાય માંગે તો તું તેને સહાય કરે છે. જો રોજી માંગે તો તું રોજી આપે છે. જે તારાથી ફરિયાદ કરે તો તેની ફરિયાદને પહોંચે છે અને જે દયા માંગે તેને તું દયા કરે છે. આ નામથી જો કઇ પનાહ માંગેતો તું તેને પનાહ આપે છે. એના વાસ્તાથી તારા પર

ભરોસો કરે તો તું તેને માટે કાફી છે, આ નામથી જો કોઇ રક્ષણ માંગે તો તું તેનું રક્ષણ કરે છે. આ નામથી જો કોઇ દોઝખની આગથી બચવા ચાહે તો તું તેને બચાવે છે. જો કોઇ આ નામ થકી તારી મહેરબાની ચાહે તો તું તેના પર મહેરબાની કરે છે. આ નામ થકી કોઇ આરઝૂ કરે તો તું તેની આરઝૂ પૂરી કરે છે. આ નામ વડે તેં આદમ અ.સ.ને સફી, નૂહ અ.સ.ને નજાત પામનારા, ઇબ્રાહીમ અ.સ.નો દોસ્ત, મૂસા અ.સ. ને વાત કરનાર, અને ઇસા અ.સ.ને તારી રૂહ અને મોહમ્મદ સ.અ.વ. ને તારા હબીબ બનાવ્યા અને અલી અ.સ.ને વસી, એ તમામ પર તારી સલવાત નાઝિલ થાય. તું અમારી હાજતોને પૂરી કરે દે, અને

અમારા પાછલા ગુનાહોને માફ કરી દે, અને તું અમારા પર ફઝલ કર જે તારી શાનને લાયક છે. બધા મોઅમેનો અને મોઅમેનાત પર દૂનિયા અને આખેરતમાં ફઝલ કર. અય ફરિયાદ કરવાવાળાઓની ફરિયાદે પહોંચનાર, અને મદદ માંગનારાઓની મદદે પહોંચનાર, તારી સિવાય કોઇ ઇબાદતને લાયક નથી, તું બધા ઐબોથી પાક છે, અય તમામ દુનિયાઓના પાલનહાર.

## (૮) મકામે ઈમામ ઝૈનુલ આબેદન અ.સ.

આ મુસલ્લા પર બે રકાત નમાઝ પઢે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ

પઢીને આ દુઆ પઢે :

બિસ્મિલ્લાહિર્ રહ્‌માનિર્ રહીમ

અલ્લાહુમ્મ ઈન્ન ઝોનૂબી કદ્ કસોર્વ વ લમ્ યબ્ક લહા ઈલ્લા રજાઓ અફ્વેક વ કદ્ કદ્દમ્તો આલતલ્ હિર્માને ઈલય્ક ફ અના. અસ્અલોક અલ્લાહુમ્મ મા લા અસ્તવ્જેબોહૂ વ અત્લોબો મિન્ક મા લા અસ્ તહિ કકો હૂ. અલ્લાહુમ્મ ઈન્ તોઅઝ્ઝિબ્ની ફ બે ઝોનૂબી વ લમ્ તઝ્લિમ્ની શય્અંવ્ વ ઈન્ તગ્ફિર્ લી ફ ખય્રો રાહેમિન્ અન્ત યા સય્યેદી. અલ્લાહુમ્મ અન્ત અન્ત વ અના અના

અનતલે અંવ્વાદો બિલે મગંફેરતે વ અનલે અંવ્વાદોબિઝંૅ ઝાંનૂબે વ અનતલે મોતફઝંૅઝેલો બિલે હિલેમે વ અનલે અંવ્વાદો બિલે જહેલે. અલ્લાહુમ્મ ફ ઈન્ની અસઅલોક યા કનઝઝંૅ ઝાંઅંફાએ યા અંઝીમર રજાએ યા મુનકેંઝંલે ગંરકા યા મુનજેયલે હલેકા યા મોમીતલે અહંયાએ યા મુહંયેયલે મવંતા અનતલ્લાહુલે લઝી લા ઈલાહ ઈલ્લા અનત અનતલે લઝી સજદ લક શોઆઉંશે શમસે વ નૂરૂલે કંમરે વ ઝુંલમતુલે લયલે વ ઝંવઉન નહારે વ ખંફકાનુંત તંયરે ફ અસઅલોક અલ્લાહુમ્મ યા અંઝીમો બે હંકંકેક યા

કરીમો અલા મોહમ્મદિવ વ આલેહિસ સાદેકીન વ બે હક્કે મોહમ્મદિવ વ આલેહિસ સાદેકીન અલયક વ બે હક્કેક અલા અલીયયિંવ વ બે હક્કે અલીયયિન અલયક વ બે હક્કેક અલા ફાતેમત વ બે હક્કે ફાતેમત અલયક વ બે હક્કેક અલલ હસને વ બે હક્કિલ હસને અલયક વ બે હક્કેક અલલ હુસયને વ બે હક્કિલ હુસયને અલયક ફ ઈન્ન હુકૂકહુમ મિન અફઝલે ઈનઆમેક અલયહિમ વ બિશ શઅનિલ લઝી લક ઈંનદહુમ વ બિશ શઅનિલ લઝી લહુમ ઈંનદક સલ્લે યા રબ્બે અલયહિમ સલાતન દાએમતન

**મુનતહા રેઝાંક વગૈફિરે લી બેહેમુઝૈં ઝાંનૂબલે લતી બયેની વ બયેનક વ અતેમિમે નેઅ્મતક અ્લચ્ચ કમા અતેમમતહા અ્લા આબાઈ મિને કંબલો યા કાફ હા યા અ્યેન સૉવાદ. અલ્લાહુમ્મ કમા સૅલ્લયેત અલા મોહૅમ્મદિંવે વ આલે મોહૅમ્મદિને ફસેતજિબે લી દુઆઈ ફી મા સઅલતોક.**

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે અત્યંત દયાળુ અને કૃપા કરનાર છે. અય અલ્લાહ ! ખરેખર મારા ગુનાહ એટલા વધી ગયા છે કે હવે તારી બક્ષિશની ઉમ્મિદ સિવાય કંઇ બાકી નથી. મેં મારી નિરાશાનું દામન તારી સામે

ફેલાવી દીધુ છે.

અય અલ્લાહ ! હું એ માંગણી કરૂં છું જે હું માંગવાને લાયક નથી. હું તારાથી એ વસ્તુ માગું છું જે માંગવાને હું લાયક નથી. અય અલ્લાહ અગર હવે તું મારા ગુનાહોના બદલામાં તું મારા પર અઝાબ કરે તો તેમાં જરાય ઝુલ્મ કર્યો નહીં કહેવાય અને જો તું બક્ષી આપે તો તારાથી શ્રેષ્ઠ દયા કરનાર બીજું કોણ છે. તું મારો માલિક છે. અય અલ્લાહ તું તું છે અને હું હું છું. તું વારંવાર બક્ષી આપે છે અને હું વારંવાર ગુનાહ કરૂં છું. તુ સહિષ્ણુતાપૂર્વક વિશષ ઉપકાર કરે છે જ્યારે હું વારંવાર મૂર્ખાઇ કરૂં છું. હવે હું તારાથી માંગુ છું અય નિરાધારોના આધાર, અય મારી

આશાનું કેન્દ્ર, અય ડૂબનારાઓના તારણહાર, અય નાશ પામનારાઓને બચાવનાર, અય જીવતાઓને મારનાર અને મુર્દાઓને જીવાડનાર, તું અલ્લાહ છે તારી સિવાય કોઇ ઇબાદતને લાયક નથી. અય તે હસ્તી જેને સૂરજના કિરણોએ સિજદો કર્યો, અને ચાંદની રોશનીએ, રાતના અંધકારે, અને દિવસના ઉજળાએ અને પક્ષીઓના ટોળાઓએ સિજદો કર્યો, એટલે અય મહાન અલ્લાહ હું તારા હકના વાસ્તાથી માંગુ છું.

અય કરીમ તારા એ હકનો વાસ્તો જે મોહમ્મદ સ.અ.વ અને તેની આલ પર તારો હક છે, અને મોહમ્મદ સ.અ.વ. અને તેમની સાચી આલનો હક જે તારા પર છે. તારા

અલી અ.સ. પરના હકનો વાસ્તો અને અલી અ.સ.ના તારા પર હકનો વાસ્તો તારાએ હકનો વાસ્તો જે જનાબે ફાતેમા સલા. પર તારો છે અને તારા પર જે હક જનાબે ફાતેમા ઝહેરા સ.અ.નો છે. તારા એ હકનો વાસ્તો જે હસન અ.સ. પર છે અને તારા પર જે હક હસન અ.સ.નો છે. એ હકનો વાસ્તો જે તારો ઇમામ હુસૈન અ.સ. પર છે અને ઇમામ હુસૈન અ.સ.ના એ હકનો વાસ્તો જે તારા પર છે. ખરેખર તેમને જે હકો તેં આપ્યા છે એ એક મોટું ઇન્આમ છે તારૂં તેઓ પર. તારી એ શાનનો વાસ્તો જે તેઓની પાસે છે એ શાનનો વાસ્તો જે તારી પાસે તેઓની શાન છે. અય પાલનહાર તેમના પર હંમેશા હંમેશાનું દુરૂદ મોકલ જે તારી ખુશ્નૂદીનો અંત હોય, અને

તેમના વાસ્તાથી મારા એ ગુનાહોને બક્ષી આપ જે મારી અને તારી વચ્ચે છે અને મારી ઉપર નેઅમતોને તમામ કર જેવી રીતે તે નેઅમતો તમામ કરી છે. મારા બાપ-દાદા પર. અય કાફ, હા, યા, અયન, સ્વાદ, મારી દુઆઓને કબૂલ ફરમાવ, જે કંઇ મેં તારાથી માંગી છે.

**પછી સિજદામાં જઇ જમણા ગાલને ખાક પર રાખીને ઘણી વખત કહે :**

**યા સય્યેદી યા સય્યેદી યા સય્યેદી સૅલ્લે અૅલા મોહૅમ્મદિવં વ આલે મોહૅમ્મદિવં વગ઼્ફિર લી વગ઼્ફિર લી.**

અય મારા સરદાર, અય મારા સરદાર, અય

મારા સરદાર મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર દુરૂદ નાઝિલ કર અને મને બક્ષી આપ, મને બક્ષી આપ.

પછી ડાબા ગાલને ખાક પર રાખી અને એવી જ રીતે સિજદામાં ઘણી વખત પઢે, અને પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.

## (૯) મકામે હઝરત નૂહ અ.સ.

આ મુસલ્લા પર ચાર રકાત નમાઝ પઢે, અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢીને આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ સઁલ્લે અઁલા મોહઁમ્મદિંવ્ વ આલે મોહઁમ્મદિંવ્ વકઁઝેં હઁાજતી યા**

**અલ્લાહો યા મન લા યખીબો સાએલોહૂ વ લા યનફદો નાએલોહૂ યા કાઝેયલ હાજાતે યા મોજીબદ દઅવાતે યા રબ્બલ અરઝીન વસ સમાવાતે યા કાશેફલ કોરોબાતે યા વાસેઅલ અતીય્યાતે યા દાફેઅન નકેમાતે યા મોબદદેલસ સય્યેઆતે હસનાતિન ઉદ અલય્ય બે તવલેક વ ફઝલેક વ એહસાનેક વસતજિબ દુઆઈ ફી મા સઅલતોક વ તલબતો મિનક બે હક્કે નબીયિક વ વસીય્યેક વ અવલેયાએકસ સાલેહીન.**

અય અલ્લાહ ! મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર સલવાત મોકલ

અને મારી હાજત પૂરી કર. અય અલ્લાહ, અય કે જેની પાસે સવાલ કરનારો નિરાશ નથી થતો ન કોઇ નુકસાનમાં રહે છે. અય હાજતો પૂરી કરનાર, અય દુઆઓ કબૂલ કરનાર, અય આસમાનો જમીનના પાલનહાર, અય દુઃખોને ટાળનાર, અય વિશાળ અતા કરનાર, અય અઝાબને દૂર કરનાર, અય ગુનાહોને નેકીમાં બદલી નાખનાર, મારી સાથે તારી ઉદારતા, તારી કૃપા અને તારા અહેસાન સાથે વર્તાવ કર. મારી દુઆ કબૂલ કરી લે, જે કંઇ મેં તારી પાસે માંગ્યું છે અને જે કંઇ તલબ કર્યુ તે તારા નબી સ.અ.વ. અને તેના વસી અને તેના સાલેહ વલીઓના સદકે મને અતા કર.

# (૧૦) હઝરત અલી અ.સ.ની મેહરાબ

અહીં બે રકાત નમાઝ અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢીને આ દુઆ પઢે :

**યા મને અઝ્હરલે જમીલ વ સતરલે કબીહ યા મને લમ્ યોઆખિઝ્ બિલે જરીરતે વ લમ્ યહ્તેકિસ્ સિત્ર વસ્ સરીરત યા અઝીમલ્ અફ્વે યા હસનત્ તજાવોઝે યા વાસેઅલ્ મગ્ફેરતે યા બાસેતલ્ યદયને બિર્ રહ્મતે યા સાહેબ કુલ્લે નજ્વા યા મુન્તહા કુલ્લે શક્વા યા કરીમસ્ સફ્હે યા અઝીમર્ રજાએ યા**

**સચ્ચેદી સંલ્લે અંલા મોહંમ્મદિંવ વ આલે મોહંમ્મદિંવ વફંઅંલ બી મા અનંત અહલોહૂ યા કરીમ.**

અય નેકીઓને પ્રગટ કરનાર, અને બૂરાઇઓને ઢાંકનાર, અય જે ગુનાહોને માફ કરી દે છે અને પૂછાણું નથી કરતો, ઐયબોને છુપાવી દે છે અને બંદાઓને બદનામ નથી કરતો એ મહાન બક્ષવાવાળા, અય સારી રીતે દરગુઝર કરનારા, અય ગુનાહોને ઉદારતાથી માફ કરનાર, અય દીની અને દુન્યવી નેઅમતોને રહેમતની સાથે ફેલાવનાર, અય દરેક ગુપ્ત વાતોને સાંભળી લેનાર. અય શિકાયત કરનારાની શિકાયતો સાંભળનાર,

અય દરગુઝર કરનાર અને અય મહાન આશા દેનાર, અય સરદાર, મોહમ્મદ સ.અ.વ. પર અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર દુરૂદ નાઝિલ કર અને મારા સાથે એવું વર્તન જે તને શોભે અય મહાન કૃપાળું.

પછી પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.

## (૧૧) મકામે ઈમામ જઅફર સાદિક અ.સ.

આ મુસલ્લા પર બે રકાત નમાઝ અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢીને આ દુઆ પઢેઃ

યા સાઁનેઅઁ કુલ્લે મસઁનૂઈંવે વ યા જાબેર કુલ્લે કસીરિંવે વ યા હાઁઝેંર કુલ્લે મલઈંવે વ યા શાહેદ કુલ્લે નજ્વા વ યા આઁલેમ કુલલે ખઁફીય્યતિંવે વ યા શાહેદને ગઁય્રે ગાઁએબિંવે વ યા ગાઁલેબને ગઁય્રે મગઁલૂબિંવે વ યા કઁરીબિંને ગઁય્રે બઈદિંવે વ યા મૂનેસ કુલ્લે વહીંદિંવે વ યા હઁય્યને હીંન લા હઁય્ય ગઁય્રોહૂ યા મુહઁય્યેયલે મવ્તા વ મોમીતલે અહઁય્યાઈલે કાઁએમ અઁલા કુલ્લે નફ્સિમે બે મા કસબતે લા ઈલાહ ઈલ્લા અનેત સઁલ્લે અઁલા મોહઁમ્મદિંવે વ આલે મોહઁમ્મદ.

અય દરેક વસ્તુના બનાવનાર અય ભગ્ન દિલોને સાંધનાર અય દરેક મજમામાં હાજર, અય દરેક છુપી વાતોના ગવાહ, અય દરેક છુપી વાતોને જાણનાર, અય એવા મોજૂદ જે કદી ગાયબ નથી. એવો જીતનાર જે કદી પરાજિત નથી થતો એવા પાસે રહેનાર કે કદી દૂર નથી થતો, અય દરેક એકલવાયાના મદદગાર, અય જીવંત એવો જીવંત કે જયારે કોઇ જીવતું ન હતું, અય મુરદાને સજીવન કરનાર અને જીવતાઓને મોત દેનાર, અય દરેક જીવના તેના સામાન સાથે રક્ષણ કરનાર, તારા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી, મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મોદ અ.મુ.સ. પર દુરૂદ નાઝિલ કર.

પછી પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.

## (૧૨) હઝરત અલી અ.સ.નો સુફ્ફો

અહીં ચાર રકાત નમાઝ, બે બે રકાત કરીને પઢે, જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢીને આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ ઈન્ની હૅલલ્તો બે સાહૅતેક લે ઈૅલ્મી બે વહૅદાનીય્યતેક વ સૅમદાનીય્યતેક વ અન્નહૂ લા કાૅદેર અૅલા કૅઝાએ હાૅજતી ગૅય્રોક વ કૅદ અૅલિમ્તો યા રબ્બે અન્નહૂ કુલ્લમા**

શાહદેતો નેઅંમતક અંલય્યશે તદેદતે ફાકંતી ઈલયક વ કંદે તંરકંની યા રબ્બે મિમ્ મુહિમ્મે અમ્રી મા કંદે અંરફતહૂ લે અન્નક આંલેમુલ ગંયરો મોઅંલ્લમિંવ વ અસઅલોક બિલ ઈસમિલ્લઝી વઝંઅતહ અંલસ્સમાવાતે ફ્ને શકંકંતે વ અંલલે અરઝીંન ફ્ને બસતંતે વ અંલન્નોજુમે ફ્ને તશરતે વ અંલલે જેબાલે ફસ્તકંરત વ અસઅલોક બિલ ઈસમિલ્લઝી જઅંલતહૂ ઈંનદ મોહંમ્મદિંવ વ ઈંનદ અંલીયંયિંવ વ ઈંનદલે હંસને વ ઈંનદલે હુંસયને વ ઈંનદલે અઈમ્મતે કુલ્લેહિમ્ સંલવાતુલ્લાહે અંલયહિમ્ અજમઈંન અને તોસંલ્લેય

**અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ અન તકઝેય લી યા રબ્બે હાજતી વ તોયસ્સેર લી અસીરહા વ તકફેયના મોહિમ્મહા વ તફતહલી કુફલહા ફ ઈલે લમ તફઅલ ફ લકલ હમદો ગયર જાએરીન ફી હુકમેક વલા હાએફીન ફી અદલેક.**

અય અલ્લાહ હું તારા આંગણામાં તારી તૌહીદ અને તારી બેનયાઝીના ઇલ્મ સાથે ઉતરી રહ્યો છું અને હું એ પણ ખાતરીપૂર્વક જાણું છું કે મારી હાજતોને તારી સિવાય કોઇ પૂરી કરી શકતો નથી અને હું એ પણ જાણું છું કે અય મારા પાલનહાર, મેં તારી જેટલી નેઅમતોને જોઇ એટલી જ તેને મેળવવા માટે

મારી જરૂરત વધી ગઇ.

અય પાલનહાર, ઘણા એવા પણ વિકટ પ્રસંગો ઉભા થયા જેને તું જ જાણે છે, કારણ કે તું એવો જાણકાર છે કે જેને કોઇ વાત બતાવવાની જરૂરત નથી અને હું તારા એ નામના વાસ્તાથી સવાલ કરૂં છું જેના કારણે આસમાનો ફેલાઇ ગયા અને ધરતી પથરાઇ ગઇ, અને તારાઓ વિખરાઇ ગયા, અને પહાડો ખોંડાઇ ગયા, અને તારા એ નામના વાસ્તાની સવાલ કરૂં છું, જેને તેં મોહમ્મદ સ.અ.વ. પાસે અને અલી અ.સ. પાસે, ઇમામે હસન અ.સ. પાસે ઇમામે હુસૈન અ.સ. પાસે અને બીજા બધા ઇમામો અ.સ. પાસે મુકર્રર કર્યા છે. તેમના પર તારા દુરૂદ થાય. તું

દુરૂદ નાઝિલ કર મોહમ્મદ સ.અ.વ. પર, અને તેની આલ અ.સ. પર અને મારી દુઆ કબૂલ કર. અય મારા પાલનહાર, તું મારી મુશ્કિલોને આસાન કરી દે, અને મારી કઠણાઇઓને દૂર કર, અને મારા પ્રગતિના દરવાજા ખોલી દે. અગર તું આમ કરે તો તારો આભાર અને ન કરે તો પણ તારો શુક્ર કારણ કે તારા હુકમમાં કદી ઝુલમ નથી હોતો અને તુ ઇન્સાફથી હટવાવાળો નથી.

પછી જમણા ગાલને સિજદગાહ પર રાખીને પઢે.

**અલ્લાહુમ્મ ઈન્ન યુનોસબેન મત્તા અબ્દક વ નબીય્યક દઆંક ફી બતનિલ હુતે ફસ તજબત લહૂ વ અના અદઊક ફસ**

**તજીબલી બે હકકે મોહમ્મદિવ વ આલે મોહમ્મદ**

અય અલ્લાહ ! યુનુસ ઇબ્ને મતા તારા બંદા અને તારા નબી હતા, તેમણે માછલીના પેટમાં તારી પાસે દુઆ કરી તો તેં તેમની દુઆ કબૂલ કરી લીધી અને હું પણ દુઆ કરૂં છું મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ.ના વાસ્તાથી તેને કબૂલ કરી લે.

પછી દુઆ માંગે અને જમણો ગાલ જમીન પર રાખી કહે :

**અલ્લાહુમ ઈન્નક અમરત બિદ દુઆએ વ તકફફલત બિલ ઈજાબતે વ અના અદઊક સલ્લે અલા મોહમ્મદિવ વ આલે**

**મોહંમ્મદિવં વસં તજીબંલી કમા વઅંદંતની યા કરીમ.**

અય અલ્લાહ, તેં દુઆ માંગવાનો હુકમ કર્યો અને તેના પૂરા કરવાની ખાતરી આપી છે એટલે હું દુઆ માંગુ છું જેવો તેં હુકમ કર્યો છે. તો હઝરત મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર, અને તારા વાયદા મુજબ મારી દુઆઓ કબૂલ કરી લે, અય મહા કૃપાળુ.

પછી દુઆ માંગે અને કપાળ જમીન પર રાખી કહે :

**યા મોઈંઝઝ કુલ્લે ઝંલીલિનં વ યા મુઝિંલ્લ કુલ્લે અંઝીઝિનં તઅંલમો**

**કુરબતી ફ સંલ્લે અંલા મોહંમ્મદિંવ વ આલે મોહંમ્મદિંવ વસં તજીબંલી કમા વઅંદંતની યા કરીમ.**

અય દરેક હડધૂતને માનવંત બનાવનાર, અને દરેક માનવંતને ઝલીલ કરનાર, તું મારી બેચેનીનું કારણ જાણે છે તો મોહમ્મદ સ.અ. પર અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર દુરૂદ નાઝિલ કર અને મને આરામ અપર્ણ કર અય મહા કૃપાળુ.

# મુનાજાતે અમીરૂલ મોઅમેનીન

મવ્લાય મવ્લાય અન્તલ્ મવ્લા વ અનલ્ અબ્દો વ હલ્ યર્હમુલ્ અબ્દ ઈલ્લલ્ મવ્લા મવ્લાય મવ્લાય અન્તલ્ અઝીઝો. વ અનઝ્ ઝલીલો વ હલ્ હર્હમુઝ્ ઝલીલ ઈલ્લલ્ અઝીઝો. મવ્લાય મવ્લાય અન્તલ્ ખાલેકો વ અનલ્ મખ્લૂકો વ હલ્ યર્હમુલ્ મખ્લૂક ઈલ્લલ્ ખાલેક. મવ્લાય મવ્લાય અન્તલ્ મુઅ્તી વ અનસ્ સાએલો વ હલ્ યર્હમુસ્ સાએલ ઈલ્લલ્ મુઅ્તી. મવ્લાય મવ્લાય

અન્તલ્ મુગીસો વ અનલ્ મુસ્તગીસો વ હલ્ યરહમુલ્ મુસ્તગીસ ઈલ્લલ્ મુગીસ. મવ્લાય મવ્લાય અન્તલ્ બાકી વ અનલ્ ફાની વ હલ્ યરહમુલ્ ફાની ઈલ્લલ્ બાકી. મવ્લાય મવ્લાય અન્તદ્ દાએમો વ અનઝ્ ઝાએલો વ હલ્ યરહમુઝ્ ઝાએલ ઈલ્લદ્ દાએમ. મવ્લાય મવ્લાય અન્તલ્ હય્યો વ અનલ્ મય્યતો વ હલ્ યરહમુલ્ મય્યત ઈલ્લલ્ હય્ય. મવ્લાય મવ્યાલ અન્તલ્ કવિય્યો વ અનઝ્ ઝઈફો વ હલ્ યરહમુઝ્ ઝઈફ ઈલ્લલ્ કવિય્ય. મવ્લાય મવ્લાય અન્તલ્ કબીરો વ અનસ્ સગીરો વ હલ્ યરહમુસ્

**સગીર ઈલ્લ કબીરો. મવલાય મવલાય અનતલ માલેકો વ અનલ મમલૂકો વ હલ યરહમુલ મમલૂક ઈલ્લલ માલિકો.**

અય મારા માલિક ! અય મારા માલિક ! તું પાલનહાર છે અને હું એક બંદો છું; અને બંદા ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય પાલનહાર;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું શક્તિશાળી છે અને હું તુચ્છ છું; અને તુચ્છ ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય શક્તિશાળી;

અય મારા માલિક ! અય મારા માલિક !

તું સર્જનહાર છે અને હું સર્જિત છું; અને સર્જિત ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય સર્જનહાર;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું અતા કરનાર છે; અને હું માંગનાર છું; અને માંગનાર ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય અતા કરનાર.

અય મારા માલિક ! અય મારા માલિક ! તું મદદગાર છે અને હું જરૂરતમંદ છું; અને જરૂરતમંદ ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય અતા કરનાર;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું અનંત છે અને હું નાશવંત છું; (ફાની છું) અને નાશવંત ઉપર કોણ રહેમ ફરમાવશે

સિવાય અનંત;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું હંમેશા છે અને હું ફના થનાર છું; અને ફના થનાર ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય એ જે હંમેશા છે;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું જીવંત છે અને હું મૃત છું; અને મૃત ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય જીવંત ;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું તાકતવર છે અને હું નિર્બળ છું ; અને નિર્બળ ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય તાકતવર;

અય મારા માલિક ! અય મારા માલિક ! તું તવંગર છે અને હું કંગાળ છું; અને કંગાળ

ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય તવંગર;

અય મારા માલિક ! અય મારા માલિક !

તું મહાન છે અને હું તુચ્છ છું ; અને તુચ્છ ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય મહાન ;

અય મારા માલિક ! અય મારા માલિક !

તું માલિક છે અને હું સેવક છું; અને સેવક ઉપર કોણ રહેમ ફરમાવશે સિવાય માલિક;

# હઝરત મુસ્લિમ બિન અકીલ અ.સ.ની ઝિયારત

રોઝા મુબારકના દરવાજા ઉપર ઉભા રહીને પઢે :

**અલ્ હમ્દો લિલ્લાહિલ્ મલેકિલ્ હક્કિલ્ મોબીનિલ્ મોતસાગેરે લે અઝ્મતેહી જબાબેરતુત્ તાગીનલ્ મુઅ્તરફે બે રોબૂબીય્યતેહી જમીઆ અહ્લિસ્ સમાવાતે વલ્ અરઝીનલ્ મોકિર્રે બે તવ્હીદેહી સાએરૂલ્ ખલ્કે અજ્મઈન વ સલ્લલ્લાહો અલા સય્યેદિલ્ અનામે વ અહ્લે બય્તેહિલ્ કેરામે સલાતન્ તકર્રોબેહા અઅ્યોનોહુમ્ વ**

યરગેમો બેહા અનફો શાનેએહિમે મેનલે જિન્ને વલ ઈન્સે અજમઈન સલામુલ્લાહિલે અલીયેયિલે અઝીમે વ સલામો મલાએકતિલે મોકર્રરબીન વ અમ્બેયાએહિલે મુરસલીન વ અઈમ્મતેહિલે મુન્તજબીન વ એબાદેહિસ સાલેહીન વ જમીઈશ શોહદાએ વસ સિદ્દીકીન વઝ ઝાકેયાતુત તય્યેબાતો ફી મા તગતદી વ તરૂહો અલયક યા મુસલિમબ્ને અકીલિબ્ને અબી તાલેબિન વ રહમતુલ્લાહે વ બરકાતોહ. અશહદો અન્નક અકમ્તસ સલાત વ આતયતઝ ઝકાત વ અમરત બિલ મઅરૂફે વ નહયત

અનિલ મુનકરે વ જાહદત ફિલ્લાહે હક્કે જેહાદેહી કોતિલત અલા મિનહાજિલ મોજાહેદીન ફી સબીલેહી હત્તા લકીતલ્લાહ અઝ્ઝ વ જલ્લ વ હોવ અનક રાઝિન વ અશહદો અન્નક વફયત બે અહદિલ્લાહે વ બઝલત નફસક ફી નુસરતે હુજ્જતિલ્લાહે વબને હુજ્જતેહી હત્તા અતાકલ યકીનો અશહદો લક બિત તસલીમે વલ વફાએ વન નસીહતે લે ખલફિન નબીયયિલ મુરસલે વસ સિબતિલ મુનતજબે વદ દલીલિલ આલેમે વલ વસીયયિલ મોબલ્લેગે વલ મઝલૂમિલ મુહતઝમે ફ જઝાકલ્લાહો અન રસૂલેહી વ

અઁને અમીરિલ મુઅમેનીન વ અઁનિલ હઁસને વલ હુઁસયને અફઝલલ જઝાએ બે મા સઁબરત વહઁતસબત વ અઅઁનત ફ નેઅઁમ ઉકઁબદ દારે લઅઁનલ્લાહો મને કઁતલક વ લઅઁનલ્લાહો મમ ઝઁલમક વ લઅઁનલ્લાહો મનિફતરા અઁલયક વ લઅઁનલલાહો મને જહેલ હઁકઁકઁક વસતખઁફ્ફ બે હુઁરમતેક વ લઅઁનલ્લાહો મને બાયઅઁક વ ગઁશશક વ ખઁઝઁલક વ અસલમક વ મને અલબ્બ અઁલયક વ લમ યોઈઁનેક અલ હઁમદો લિલ્લાહિલ લઝી જઅઁલને નાર મસઁવાહુમ વ બેઅસલ વિરદુલ મવરૂદો અશહદો અન્નક કોઁતિલત

**મઝ્લૂમન વ અન્નલ્લાહ મુનજેઝુન લકુમ મા વઅદકુમ જેઅતોક ઝાએરન આરેફન બે હક્કેકુમ મોસલ્લેમન લકુમ તાબેઅન લે સુન્નતેકુમ વ નુસરતી લકુમ મોઅદદતુન હત્તા યહકોમલ્લાહો વ હોવ ખયરૂલ હાકેમીન ફ મઅકુમ મઅકુમ લા મઅ અદુવ્વેકુમ સલવાતુલ્લાહે અલયકુમ વ અલા અરવાહેકુમ વ અજસાદેકુમ વ શાહેદેકુમ વ ગાએબેકુમ વસ સલામો અલયકુમ વ રહમતુલ્લાહ વ બરકાતોહ. કતલલ્લાહો ઉમ્મતન કતલતકુમ બિલ અયદી વલ અલસોન.**

તમામ તારીફ અલ્લાહને માટે છે, જે

બરહક અને ઝાહિર માલિક છે, જેની મહાનતા આગળ સરકશ અને ઝાલિમ હકીર બની ગયા અને તમામ આસમાનો અને જમીનોના રહેવાસીઓએ તેના પાલનહાર હોવાનો સ્વીકાર કર્યા અને તમામ મખ્લૂકે તેની વહેદાનિયતનો ઇકરાર કર્યો.

અય અલ્લાહ સલવાત મોકલ ખલ્કના સરદાર અને તેમની માનવંત ઔલાદ પર, એવી સલવાત જે તેમની આંખોને ઠંડક આપે અને તેમના દુશ્મનોનું નાક ઘસડાવે પછી તે જિન્નાતોમાંથી હોય કે ઇન્સાનોમાંથી. સલામ થાય મહાન અલ્લાહના અને તેમના નિકટ રહેનારા ફરિશ્તાઓના અને મુરસલીન નબીઓના, અને વરાએલા ઇમામોના અને

નેક બંદાઓના અને તમામ શહીદોના અને સિદ્દીકોના જનાબે મુસ્લિમ બિન અકીલ અ.સ. પર સવાર સાંજ પાક અને પાકીઝા તોહફાઓ અને અલ્લાહની રહેમતો અને બરકતો નાઝિલ થાય.

હું ગવાહી આપું છું કે બેશક તમોએ નમાઝ કાયમ કરી, ઝકાત અદા કરી, ભલાઇના કામોની ભલામણ કરી અને બૂરાઇના કામોથી લોકોને રોકયા અને અલ્લાહની રાહમાં જેવો જેહાદ કરવો જોઇએ એવો જેહાદ કર્યો અને મુજાહિદોની અદાથી આપ શહાદત પામ્યા ત્યાં સુધી કે પરિણામે તમે અલ્લાહના ઇઝ્ઝતવાન અને કીર્તિમાન દરબારમાં મુકર્રબ બન્યા અને તે આપથી

રાજી થયો. હું ગવાહી આપું છું કે આપે અલ્લાહ સાથે કરેલ વાયદાનું પાલન કર્યુ અને તેની નુસરતમાં આપે પોતાની જાનનું નજરાણું પેશ કર્યુ અને અલ્લાહની હુજ્જત અને તેના ફરઝંદની નુસરતમાં જાન આપી દીધી ત્યાં સુધી કે આપ મોતને ભેટયા.

હું ગવાહી આપું છું કે તમે તસ્લીમ થનારા, વફાદાર અને નસીહત કરનાર હતા. નબીએ મુરસલના ફરઝંદની, તેમના નવાસાના, દુનિયાના રેહનુમા, વસીએ રસૂલ, દીનની તબ્લીગ કરનારાના અને જેના હક્કો છીનવી લેવામાં આવ્યા એવા મઝલૂમના એલચી હતા. અમીરૂલ મોઅમેનીન અ.સ. તરફથી અને ઇમામ હસન અને ઇમામ હુસૈન

અ.સ. તરફથી અલ્લાહ શ્રેષ્ઠ બદલો આપે એ માટે કે આપે ધીરજ ધરી અને અલ્લાહથી બદલાની આશા રાખી અને આપે એ લોકોની મદદ કરી, તો કયામતમાં તેનો કેવો સારો બદલો છે.

અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપને કતલ કર્યા અને અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપને કતલ કરવાનો હુકમ આપ્યો અને અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપ પર ઝુલ્મ કર્યા અને અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપ પર તોહમત લગાવી. અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપના હકનો અનાદર કર્યો અને આપની ઇઝ્ઝત ઘટાડી. અલ્લાહ લાનત

કરે એ શખ્સ પર જેણે આપની બૈઅત કરી પણ સાથ ન આપ્યો. બધી તારીફો અલ્લાહ માટે છે જેણે આવા લોકો માટે જહન્નમનું બિસ્તર બનાવ્યું અને એ કેટલું ખરાબ સ્થળ છે. હું ગવાહી આપું છું કે આપ પર ઝુલ્મ કરી આપને કતલ કરવામાં આવ્યા અને અલ્લાહ ખરેખર તમારા સાથે કરેલ વાયદાને પૂરો કરનારો છે. હું આપના પાસે આપની ઝિયારત કરવાના ઇરાદાથી આવ્યો છું. હું આપના હકને ઓળખું છું અને તેનો સ્વીકાર કરૂં છું અને હું આપના નકશે કદમ પર ચાલું છું અને આપની મદદ માટે તૈયાર છું. ત્યાં સુધી કે અલ્લાહ હુકમ આપે અને તે શ્રેષ્ઠ હુકમ આપવાવાળો છે. બસ હું આપની સાથે જ છું આપના

દુશ્મનો સાથે હરગિજ નથી. આપ પર અલ્લાહની રેહમત થાય અને આપની રૂહ પર. આપના જિસ્મ પર. આપના ઝાહિર પર અને આપના બાતિન પર. સલામ થાય આપ પર અને અલ્લાહની રેહમતો અને બરકતો થાય. અલ્લાહ કતલ કરે એ ટોળાને જેણે હાથોથી અને જીભોથી આપને કતલ કર્યા.

પછી રોઝામાં દાખલ થાય અને ઝરીહ મુબારકથી લિપટીને કહે :

**અસ્સલામો અલયક અય્યોહલ અબ્દુસ મોતીઓ લિલ્લાહે વ લે રસૂલેહી વ લે અમીરિલ મુઅમેનીન વલ હસને વલ હુસયને અલયહેમુસ સલામો અલ હમદો**

લિલ્લાહે વ સલામુન અ઼લા અ઼બાદેહિલ લઝીનસ઼તફા મોહ઼મ્મદિવ વ આલેહી વસ્સલામો અ઼લયકુમ વ રહ઼મતુલ્લાહે વ બરકાતોહૂ વ મગ઼ફેરતોહૂ વ અ઼લા રૂહ઼ેક વ બદનેક. અશ્હદો અન્નક મઝ઼યત અ઼લા મા મઝ઼ા અ઼લયહિલ બદરીય્યૂનલ મોજાહેદુન ફી સબીલિલ્લાહિલ મોબાલેગ઼ૂન ફી જિહાદ અઅ઼દાએહી વ નુસ઼રતે અવલેયાએહી ફ જઝાકલ્લાહો અફઝ઼લલ જઝ઼ાએ વ અકસ઼રલ જઝ઼ાએ વ અવફર જઝ઼ાએ અહ઼દિન મિમ્મન વફા બે બયઅ઼તેહી વસ્તજાબ લહૂ દઅ઼વતહૂ વ અતા઼અ઼ વોલાત અમરેહી. અશ્હદો

અન્નક કંદ બાલગ્ત ફિન નસીહતે વ અઅ્તંચ્ત ગાયતલ મજેહૂદે હત્તા બઅસંકલ્લાહો ફીશ શોહદાએ વ જઅલ રૂહક મઅ અરવાહિસ સોઅદાએ વ અઅ્તાક મિન જિનાનેહી અફસહહા મનઝલેન વ અફઝલહા ગોરફવ વ રફઅ ઝિંકરક ફિલ ઈલ્લીચ્ચીન વ હશરક મઅન નબીચ્ચીન વસ સિદદીકીન વશ શોહદાએ વસ સાલેહીન વ હસોન ઓલાએક રફીકા. અશહદો અન્નક લમ તહિન વ લમ તનકુલ વ અન્નક કંદ મઝયંત અલા બસીરતિમ મિન અમરેક મુકતદેયન બિસ સાલેહીન વ મુત્તબેઅન લિન નબીચ્ચીન

**ફ જમઅ્લ્લાહો બયનના વ બયનક વ બયન રસૂલેહી વ અવલયાએહી ફી મનાઝેલિલ મુખ્બેતીન ફ ઈન્નહૂ અરહમુર રાહેમીન.**

સલામ હો આપ પર અય અલ્લાહના નેક બંદા. અલ્લાહની તાબેદારી કરનારા અને તેના રસૂલ સ.અ.વ.ની અને અમીરૂલ મોઅમેનીન અ.સ.ની અને ઇમામ હસન અને ઇમામ હુસૈન અ.સ.ની, તેઓ સર્વો પર સલામ. સર્વ તારીફ અલ્લાહની અને સલામ હો તેમના બંદા મોહમ્મદ મુસ્તુફા સ.અ.વ. અને તેમની આલ પર. સલામ હો આપ પર અને અલ્લાહની રેહમતો અને બરકતો નાઝિલ થાય આપ પર અને તે બક્ષી આપે આપની રૂહને અને

આપના જિસ્મને.

હું ગવાહી આપું છું કે આપે એ કામ અંજામ આપ્યું જે કામ બદર વાળાઓએ કર્યુ હતું. એટલે કે અલ્લાહની રાહમાં જેહાદ કર્યો અને અનહદ કોશિશ કરી દુશ્મનો સામે જેહાદ કરવામાં અને તેના વલીઓને મદદ કરવામાં અલ્લાહ આપને ઉત્તમમાં ઉત્તમ બદલો આપે અને ખૂબ બદલો આપે અને વિશાળ બદલો આપે. દરેક એ શખ્સનો જેણે તેની બૈઅતમાં વફાદારી કરી અને તેઓની દાવતને કબૂલ કરી અને તેઓના વલીએ અમ્રની ઇતાઅત કરી.

હું ગવાહી આપું છું કે આપે નસીહત પહોંચાડવાની પૂરી કોશિશ કરી અને ઇતાઅત કરવામાં એટલા પ્રવત્ત રહ્યા કે અલ્લાહ

તઆલાએ આપનો શુમાર શહીદોમાં કરી લીધો અને આપની રૂહને નેક લોકોની રૂહ સાથે મેળવી દીધી અને આપને જન્નતોમાં એક એવી જન્નત અતા કરી કે જેમાં વિશાળ આરામ કરવાના સ્થાનો છે અને જેના મકાનો સૌથી શ્રેષ્ઠ છે અને ઇલ્લીયીનમાં આપનો ઝિક્ર બાકી રાખ્યો અને નબીઓ સાથે આપનો હશર કર્યો અને સિદ્દીકો, શહીદો અને નેક લોકો સાથે આપને મેળવ્યા અને આ કેટલા સારા સાથીઓ છે.

હું ગવાહી આપુંછું કે ન તો તમે આળસ કરી કે ન તમે પાછી પાની કરી અને આપે ઇલ્મે યકીનની સાથે અમલને અંજામ આપ્યો. નેક લોકોની પૈરવી કરી. નબીઓના નકશે કદમ

પર ચાલ્યાં અંતમાં અલ્લાહ આપને અને અમોને તથા તેના રસૂલ અને તેના વાલીઓને એક સાથે ભેગા કરે વિનમ્ર લોકોના સ્થાનમાં. ખરેખર તે સૌ રહેમ કરવાવાળાઓમાં શ્રેષ્ઠ રહેમ કરવાવાળો છે.

પછી બે રકાત નમાઝ પઢી જનાબે મુસ્લીમ અ.સ.ને હદિયો કરે અને આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ સંલ્લે અંલા મોહંમ્મદિવં વ આલે મોહંમ્મદિવં વલા તદઅં લી ફી હાઝંલે મકાનિલ મુકર્રમે વલ મશહદિલ મુઅંઝઝંમે ઝંમબનં ઈલ્લા ગંફરતહૂ વ લા હમ્મનં ઈલ્લા ફર્રજતહૂ વલા મરઝંનં ઈલ્લા શફયતહૂ વ લા અંયબનં ઈલ્લા સતરતહૂ**

**વલા રિઝકંન ઈલ્લા બસતંતહૂ વ લા ખંવફન ઈલ્લા આમનતહૂ વ લા શમલન ઈલ્લા જમઅંતહૂ વ લા ગાંએબન ઈલ્લા હંફિઝંતહૂ વ અદનયતહૂ વ લા હાંજતમ મિન હંવાએજિદ દુનયા વલ આખંરતે લક ફીહા રેઝંન વલંય ફીહા સંલાહુંન ઈલ્લા કંઝંયતહા યા અરહમર રાહેંમીન.**

અય અલ્લાહ, રેહમત નાઝિલ કર મોહમ્મદ સ.અ.વ. પર અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર અને ઉન્નત સ્થળ, આ મહાન મકબરાના સદકામાં મારો કોઇ ગુનાહ માફ કર્યા વિના છોડીશ નહીં, અને રંજો ગમને દૂર કર્યા વિના રાખજે નહીં, અને મારી બીમારીને શફા

વગરની ન રહેવા દેજે અને મારો કોઇ ઐબ જાહેર ન થવા દે અને મારી રોજીને વિશાળ કરી દેજે, મારા ખોફને અમાનમાં પલટાવી દેજે અને કોઇ પરેશાનીને દૂર કર્યા વિના ન રાખજે અને મારી ગુપ્ત વાતોને સુરક્ષિત રાખજે. અને દુનિયા તથા આખેરતની હાજતોમાંથી મારી કોઇ હાજત પૂરી થયા વગરની ન રાખજે. જેમાં તારી રઝા હોય અને જેમાં મારા માટે ભલાઇ હોય. અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

**પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.**

# જનાબે હાની બિન ઉરવાહની ઝિયારત

સલામુલ્લાહિલ અઁઝીમે વ સઁલવાતોહૂ અઁલયક યા હાનેયબન ઉરવહ. અસ્સલામો અઁલયક અય્યોહલ અઁબ્દુસ સાલેહુન નાસેહો લિલ્લાહે વ લે રસૂલેહી વ લે અમીરિલ મુઅમેનીન વલ હસને વલ હુસયને અઁલયહેમુસ સલામ. અશહદો અન્નક કોતિલત મઝ્લૂમન ફ લઅનલ્લાહો મન કતલક વસતહલ્લ દમક વહશા કોબૂરહુમ નારન. અશહદો અન્નક લકીતલ્લાહ વ હોવ રાઝિન

**અંનક બેમા ફઅંલ્ત વ નસેહત વ અશહદો અન્નક કંદ બલગ્ત દરજતશ શોહદાએ વ જોઅંલ રૂહોંક મઅં અરવાહિસ સોઅંદાએ બે મા નસેહત લિલ્લાહે વ લે રસૂલેહી મુજતહેદન વ બઝંલત નફસક ફી ઝાંતિલ્લાહે વ મરઝાંતેહી ફ રહેમકલ્લાહો વ રઝેય અંનક વ હંશરક મઅં મોહમ્મદિવ વ આલેહિત તાહેરીન વ જમઅંના વ ઈય્યાકુમ મઅંહુમ ફી દારિન નઈમે વ સલામુન અંલયક વ રહેમતુલ્લાહે વ બરકાતોહ.**

મહાન અલ્લાહના આપ પર સલામ હો અને તમારા પર તેના તરફથી રહેમત ઉતરે

અય હાની ઇબ્ને ઉરવહ રઝી. સલામ હો તમારા પર અય અલ્લાહના નેક બંદા અને તેના રસૂલ સ.અ.વ. અને અમીરૂલ મોઅમેનીન અ.સ. અને ઇમામે હસન અને ઇમામે હુસેન અ.સ. તરફથી નસીહત કરનારા.

હું ગવાહી આપું છું કે તમને ઝુલ્મ કરી શહીદ કરવામાં આવ્યા. બસ અલ્લાહ લાનત કરે તે મરદૂદ પર જેણે તમને  શહીદ કર્યા અને તમારા ખૂન વહાવવાને હલાલ સમજયા અને તે નીચ લોકોની કબ્રોને અલ્લાહ આગથી ભરી દે અને હું ગવાહી આપું છું કે તમે અલ્લાહના દરબારમાં એવી સ્થિતિમાં પહોંચ્યા કે તે તમારાથી રાજી છે. તમે જે કંઇ અંજામ આપ્યું અને જે નસીહત કરી એ માટે.

હું ગવાહી આપું છું કે તમે શહીદોના મરતબા પર પહોંચ્યા અને તમારી રૂહને નેક લોકોની રૂહોમાં શુમાર કરી એ કારણે કે તમે તેના રસૂલ સ.અ.વ. સાથે નિસ્વાર્થપણે વર્તયા અને તમે અલ્લાહ માટે તમારી જાનને કુરબાન કરી દીધી અને તેની મરજી મેળવી તો અલ્લાહ રહેમત કરે તમારા પર અને તમારાથી રાજી થઇ જાય અને તમારો હશર (ગણત્રી) મોહમ્મદ સ.અ.વ. અને તેની પવિત્ર આલ અ.સ. સાથે કરે અને જન્નતમાં તમને તેઓ સાથે રાખે અને તમારા પર સલામ થાય અને અલ્લાહની રહમતો અને બરકતો ઉતરે.

પછી બે રકાત નમાઝ જનાબે હાનીને હદિયો કરે અને દુઆ માંગે.

# ઝિયારતે મુખતારએ સકફી (અ.ર.) કુફા

## બિસ્મિલ્લાહિરે રહેમા નિરે રહીમ

અસ્સલામો અલયક અચ્યોહલ અબ્દુસ્સાલેહો, અસ્સલામો અલયક અચ્યોહલ વલીયુન્નાસેહ, અસ્સલામો અલયક યા અબા ઈસ્હાકિલ મુખ્તાર, અસ્સલામો અલયક અચ્યોહલ અખ્ઝો બિસ્સારિલ મહારેબો બિલ કફરતિલ ફુજ્જારે, અસ્સલામો અલયક અચ્યોહલ મુખ્લેસો લિલ્લાહે ફી તાઅતેહી, વલે ઝયનિલ આબેદીન ફી મોહબ્બતેહી, અસ્સલામો અલયક યામન રઝેય અન્હુન્નબીરિયલમુખ્તાર, વકસીમુલ

**જન્નતે વન્નાર વકાશેફુલે કર્બે વલે ગુંમ્મતે વ કાંએમન મકાંમન લમ્યસિંલે અહેંદુન મેનલે ઉમ્મતે અસ્સલામો અંલયક યા મન બઝંલ નફસહૂ ફી રઝેંયલે અઈમ્મતે ફી નુસંરતિલે ઈંતરતિતં તાંહેરતે, વલે અખંઝં બેસાંરેહિમ મેનલે અંસાંબતિલે મલઉંનત, ફ જઝાકલ્લાહો અંનિન નબીરયે સંલ્લલ્લાહો અંલયહે વ આલેહી વ અંન અહલેબયતેહી અંલયહે મુસ્સલામ.**

સલામ થાય તમારા પર અય નેક બંદા, સલામ થાય તમારા પર અય ભલાઇ ચાહનાર દોસ્ત, સલામ થાય તમારા પર અય ઇસ્હાકના વાલિદ મુખ્તાર, સલામ થાય તમારા પર અય કાફીરો અને ફાજીરો થી લડાઇ મારફત બદલો

લેનાર, સલામ થાય તમારા પર અય અલ્લાહની ઇતાઅત અને ઝૈનુલ આબેદીન (અ.સ.)ની મોહબ્બતમાં મુખ્લીસ. સલામ થાય તમારા પર અય જેનાથી નબીએ મુખ્તાર રાજી થતા અને એ રાજી થાય જે જન્નત-જહન્નમની વહેચણી કરનાર, ગમ અને મુસીબત દૂર કરનાર, અને એ મકામ સુધી પહોંચનાર જયા સુધી ઉમ્મત માંથી કોઇપણ પહોંચ્યુ નથી, સલામ થાય તમારા પર એ જેઓએ પોતાની જાન પાક ઇતરતની મદદમાં અને અઇમ્માહની રઝા હાંસિલ કરવામાં ખર્ચ કરી અને મલઉન લોકોથી તેઓના ખૂનનો બદલો લીધો અલ્લાહ તમને નબી (સ.અ.વ.) અને તેમના અહલેબૈત (અ.સ.) તરફથી બેહતરીન બદલો આપે.

# મસ્જિદે સહલાનો નકશો



A દરવા `

B વઝુની જગ્યા

C મુખ્ય દરવા `

D મકામે સાલેહીન

E મકામે હઝરત ઈબ્રાહીમ અ.

F મકામે હઝરત ઈદરીસ અ.

G મકામે હઝરત ખિઝર અ.

H મકામે ઈમામ ઝયનુલ આબેદીન અ.

I મકામે ઈમામ ફર સાદિક અ.

J મકામે ઈમામ હુજ્જત અ.

# મસ્જિદે સેહલા

મસ્જિદે સેહલા એ પવિત્ર સ્થળ છે. જે જનાબે ઇબ્રાહીમ અ.સ.ના મકાનથી મશહૂર છે અને હઝરતે દાઉદ અ.સ. પણ અહીં રહેતા હતા. જનાબે ખિઝર અ.સ.નું પણ આ રહેણાંક હતું. જનાબે ઇદ્રીસ અ.સ. અહીં સિલાઇ કામ કરતા હતા. બલ્કે હદીસોમાં આવેલ છે કે કોઇ પયગમ્બર એવા નથી થયા જેમણે અહીં નમાઝો ન પઢી હોય અને ઇન્શાઅલ્લાહ ટૂંકમાં જ સાહેબે અમ્ર ઇમામે ઝમાના અ.સ. પોતાના બાલ બચ્ચા સાથે અહીં મકામ કરશે. અહીં મલાએકા હાજરી આપે છે અને અલ્લાહની બંદગી કરે છે અહીં પર જે કંઇ માંગવામાં આવે તે અલ્લાહ

તઆલા કબૂલ ફરમાવે છે. રિવાયતમાં છે કે જે કોઇ વ્યક્તિ અહીં બે રકાત નમાઝ પઢે તો અલ્લાહ તેની વયમાં બે વરસનો વધારો કરશે આ મસ્જિદમાં રહેવું અલ્લાહના રસૂલ સ.અ.વ. સાથે રહેવા બરાબર છે.

મસ્જિદના દરવાજા પર ઉભા રહી કહે :

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ મેનલ્લાહે વ ઈલલ્લાહે વ મા શાઅલ્લાહો વ ખૈરૂલ અસ્માએ લિલ્લાહે તવક્કલતો અલલ્લાહે વ લા હવલ વ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીયચિલ અઝીમ. અલ્લાહુમ્મ મજઅલની મિન ઉમ્મારે મસાજેદેક વ બોયૂતેક. અલ્લાહુમ્મ ઈન્ની અતવજ્જહો**

ઈલયક બે મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ ઓકદદેમોહુમ બયન યદય હવાએજી ફજઅલની. અલ્લાહુમ્મ બેહિમ ઈનદક વજીહન ફિદ દુનયા વલ આખેરતે વ મેનલ મોકર્રરબીન. અલ્લાહુમ મજઅલ સલાતી બેહિમ મકબૂલતન વ ઝમબી બેહિમ મગફૂરવ વ રિઝકી બેહિમ મબસૂતવ વ દુઆઇ બેહિમ મુસતજાબન વ હવાએજી બેહિમ મકઝીય્યતન વનઝુર ઈલય્ય બે વજેહેકલ કરીમે નઝરતન રહીમતન અસતવજેબો બેહિલ કરામત ઈનદક સુમ્મ લા તસરિફેહૂ અન્ની અબદન બે રહમતેક યા અરહમર રાહેમીન. યા મોકલ્લબેલ

કોલૂબે વલે અબસારે સંબબિલે કલબી અલા દીનેક વ દીને નબીય્યેક વ વલીય્યેક વ લા તોઝિગ કલબી બઅદ ઈઝ હદયતની વ હબ લી મિલ લદુનેક રહમતન ઈન્નક અનતલ વહહાબ. અલ્લાહુમ્મ ઈલયક તવજહતો વ મરઝાતક તલબતો વ સવાબકબ તગયતો વ બેક આમનતો વ અલયક તવકકલતો. અલ્લાહુમ્મ ફ અકબિલ બે વજેહેક ઈલય્ય વ અકબિલ બે વજેહી ઈલયક.

અલ્લાહના નામથી અને તેની જ મદદથી આશા સાથે તેની તરફ રજુ થાઉં છું એ જે ચાહે

તે કરે છે અને બધા સારા સારા નામ તેના જ છે. હું અલ્લાહ પર ભરોસો રાખું છું મારી ગણના મસ્જિદો અને તારા ઘરોને આબાદ કરનારાઓમાં કર. અય અલ્લાહ હું ખરેખર તારી તરફ ધ્યાન ધરૂં છું અને મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલ મારફત અને હું તેમના વાસ્તાથી  સવાલ કરૂં છું કે તું મારી હાજતોને પૂરી કર અને અય અલ્લાહ મારો શુમાર તેઓની સાથે કર અને દુનિયા અને આખેરતમાં તેઓને કારણે મને માનવંત કર અને મને તારા ખાસ બંદાઓમાં દાખલ કર. અય અલ્લાહ મારી નમાઝને તેઓના સદકે કબૂલ કર અને મારા ગુનાહોને માફ કરી દે અને તેમના સદકે મારી રોજી વિશાળ કર અને મારી

દુઆઓને તેઓના તુફેલથી કબૂલ કરી લે અને તેમના સદકે મારી હાજતો પૂરી કર.

અય અલ્લાહ ! તારા માનવંત ચેહરાના સદકામાં મારા પર દયાદ્રષ્ટિ કર, જેને કારણે હું તારી પાસે માનવંત બનું. પછી તારી કૃપાદ્રષ્ટિને મારાથી પાછી ફેરવજે નહીં કયારે પણ નહિ. તારી રહેમતનો વાસ્તો અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનારા. અય દિલો અને નજરોને પલટાવનારા. મારા કદમને તારા દીન પર જમાવી દે અને તારા નબીના દીન પર અને તેના વલીના દીન પર. તેં જયારે મારી હિદાયત કરી છે તો પછી મારા દિલને પાછું વળવા ન દેજે અને મને તારા તરફથી રહેમત અતા કર. તું તો હંમેશા ઉદાર

દિલે આપવાવાળો છે અય અલ્લાહ હું તારા તરફ ધ્યાન ધરૂં છું અને તારો રાજીપો ચાહું છું. તારા સવાબની આશા રાખું છું. હું તારા પર ઇમાન લાવું છું અને તારા પર જ ભરોસો રાખું છું. અય અલ્લાહ તું મારા તરફ ધ્યાન આપ અને મારા લક્ષને તારી તરફ ફેરવી દે.

**પછી આયતલ કુરસી પઢે અને સૂરએ કુલ અઉઝો બે રબ્બિલ ફલક અને સૂરએ કુલ અઉઝો બે રબ્બિન્નાસ પઢે અને સાત વખત કહેઃ**

**સુબ્હાનલ્લાહે વલ્ હમ્દો લિલ્લાહે વ લા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અક્બર**

અલ્લાહ પાક અને પાકિઝા છે, તમામ

તારીફ તેના માટે જ છે, તેના સિવાય કોઇ ઇબાદતને લાયક નથી, અને અલ્લાહ મહાન છે.

પછી પઢે :

**અલ્લાહુમ્મ લકલ હમ્દો અલા મા હદયતની લકલ હમ્દો અલા મા ફઝ્ઝલતની વ લકલ હમ્દો અલા મા શર્રફતની વ લકલ હમ્દો અલા કુલ્લે બલાઇન હસનિન તલયતની. અલ્લાહુમ્મ તકબ્બલ સલાતી વ દુઆઇ વ તહહિર કલબી વશરહ લી સદરી વ તુબ અલય્ય ઇન્નક અન્તત તવ્વાબુર રહીમ.**

અય અલ્લાહ તમામ તારીફ તારા માટે જ છે કે તેં મારી હિદાયત કરી અને તમામ તારીફ તારા માટે જ છે કે તે મારા પર એહસાન કર્યો અને તમામ તારીફ તારા માટે જ છે કે તેં મને ઉન્નતિ આપી અને તારો શુક્ર એ વાત પર છે કે તેં મારૂં સરસ ઇમ્તેહાન લીધું. અય અલ્લાહ મારી નમાઝ કબૂલ કર. મારી દુઆ કબૂલ કરી લે. મારા દિલને નિર્મળ બનાવી દે અને મારી છાતીને વિશાળ કર અને મારી તૌબા કબૂલ કર. બેશક તું જ વારંવાર તૌબા કબૂલ કરનારો અને રહેમ કરનારો છે.

# મકામે ઇ. જઅફર સાદિક અ.સ.

પછી મસ્જિદમાં દાખલ થાય અને સહનની વચમાં બે રકાત નમાઝ અદા કરે. હઝરત ઇમામ જઅફર સાદિક અ.સ.થી રિવાયત છેકે જે કોઇ મંગળવારના મગરિબ અને ઇશાની વચ્ચે બે રકાત નમાઝ મસ્જિદે સેહલામાં પઢે તો હક તઆલા તેના ગમને જરૂર દૂર કરશે અને આફતને ટાળી દેશે અને તેની હાજતો પૂરી કરશે નમાઝ પઢયા પછી જનાબે સય્યદાની તસ્બીહ પઢે પછી પોતાના બંને હાથોને આસમાન સામે ઊંચા કરી કહે :

**અનતલ્લાહો લા ઈલાહ ઈલ્લા અનત મુબદેઉલ ખલ્કે વ માઈદોહુમ વ**

અનતલ્લાહો લા ઈલાહ ઈલ્લા અનત ખાલેકુલ ખલ્કે વ રાઝેકોહુમ વ અનતલ્લાહો લા ઈલાહ ઈલ્લા અનતલ કાબેઝુલ બાસેતો વ અનતલ્લાહો લા ઈલાહ ઈલ્લા અનત મોદબ્બેરૂલ ઓમૂરે વ બાએસો મન ફીલ કોબૂરે અનત વારેસુલ અરઝે વ મન અલયહા. અસઅલોક બિસમેકલ મખઝૂનિલ મકનૂનિલ હયયિલ કય્યૂમે વ અનતલ્લાહો લા ઈલાહ ઈલ્લા અનત આલેમુસ સિર્રે વ અખ્ફા. અસઅલોક બિસમેકલ લઝી એઝા દુઈત બેહી અજબત વ એઝા સોઈલત બેહી અઅતયત વ અસઅલોક બે હક્કેક અલા

મોહંમ્મદિવે વ અહ્લે બયતેહી વ બે હક્કેહેમુલ લઝી અવજબ્તહૂ અંલા નફ્સેક અન તોસંલ્લેય અંલા મોહંમ્મદિવે વ આલે મોહંમ્મદિવે વ અન તક્ઝેંય લી હાંજતીસ સાઅંતસ સાઅંત યા સામેઅંદ દુઆંઅ. યા સય્યેદાહો યા મવલાહો યા ગેંયાસાંહો. અસઅલોક બે કુલ્લિ ઇસમિન સમ્મયત બેહી નફ્સક અવિસ તાઅસંરત બેહી ફી ઈંલમિલ ગેંયબે ઈંનદક અન તોસંલ્લેય અંલા મોહંમ્મદિવે વ આલે મોહંમ્મદિવે વ અન તોઅંજેજેલ ફરજનસ સાઅંત યા મોકંલ્લબલ કોંલૂબે વલ અબસાંરે યા સમીઅંદ દુઆંઅ.

અય અલ્લાહ, તું જ અલ્લાહ છે. તારા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી. તું જ લોકોને પૈદા કરનાર છે અને મારવા પછી પાછા સજીવન કરનાર છે અને તું જ અલ્લાહ છે, તારા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી. તેં જ લોકોને પૈદા કર્યા અને તું જ એને રોજી આપે છે. તું જ અલ્લાહ છે અને તારા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી તું જ રોકવાવાળો છે અને તું જ ફેલાવવાવાળો છે અને તું જ અલ્લાહ છે અને તારા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી તું જ કાર્યસાધક છે અને મુરદાઓને ફરી ઉભા કરનાર છે અને તું જ જમીનનો ધણી છે અને જે કંઇ પણ તેમાં છે એ બધાનો.

હું તારાથી સવાલ કરૂં છું એ નામના વાસ્તાથી જે છુપુ અને સંઘરેલુ છે, એ નામથી જે જીવંત અને સનાતન છે, અને તું જ અલ્લાહ છે અને તારા સિવાય કોઇ ઇબાદતને લાયક નથી તું દરેક છુપી અને ભેદ ભરેલી વાતોને જાણે છે. હું માંગુ છું તારા એ નામના વાસ્તાથી કે જે થકી દુઆ માંગવામાં આવી, તો કબૂલ થઇ ગઇ અને જે કંઇ માંગવામાં આવ્યું તે આપવામાં આવ્યું.

અને હું માંગણી કરૂં છું તારા એ હકના વાસ્તાથી જે તારો મોહમ્મદ સ.અ.વ. અને તેમની એહલેબૈત અ.સ. પર છે અને એ લોકોના હકનો વાસ્તો જે તેં તારા પર વાજિબ કરી લીધો છે. મોહમ્મદ સ.અ.વ. અને આલે

મોહમ્મદ અ.મુ.સ. પર દુરૂદ નાઝિલ કર અને મારી હાજતો પૂરી કર આ ઘડીએ આ ઘડી એ દુઆઓના સાંભળનાર, અય સરદાર, અય મૌલા અને અય ફરિયાદે પહોંચનારા અને સવાલ કરૂં છું તારા એ દરેક નામથી જે તેં તારા માટે પસંદ કરેલ છે અને ઇલ્મે ગૈબથી તારા પર મખ્સૂસ કર્યા. મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર દુરૂદ નાઝિલ કર અને આ ઘડીએ મને આરામ પહોંચાડ, અય દિલોને પલટાવનાર અને આંખોને ફેરવનાર અય દુઆઓને સાંભળનાર.

**પછી પોતાની હાજતો માંગે અને શુક્રનો સિજદો કરે.**

# મકામે હઝરત ઈબ્રાહીમ અ.સ.

અહીં બે રકાત નમાઝ પઢે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે પછી કહે :

અલ્લાહુમ્મ બે હકકે હાઝેહિલ બુકઅતિશ શરીફતે વ બે હકકે મન તઅબ્બદ લક ફીહા કદ અલિમત હવાએજી ફ સલ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વકઝહો વ કદ અહસયત ઝોનૂબી ફ સલ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વગફિરહા. અલ્લાહુમ્મ અહયેની મા કાનતિલ હયાતો ખયરલ લી વ અમિતની એઝા કાનતિલ

**વફાતોં ખૈંચેરલે લી અૈંલા મોંવાલેતે અવ્લેયાએક વ મોંઆંદાતે અઅંદાએક વફેઅૈંલે બી મા અનેત અહેલોહૂ યા અરહેંમરે રાહેંમીન.**

યા અલ્લાહ, આ મુબારક સ્થળના વાસ્તાથી અને આ સ્થળે તારી ઇબાદત કરનારા બુઝુર્ગોના વાસ્તાથી તું મારી હાજતોને જાણે છે એટલે મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.સ. પર દુરૂદ નાઝિલ કર અને મારી હાજતોને પૂરી કર અને તેં મારા ગુનાહોની ગણત્રી કરી લીધી છે. એટલે મોહમ્મદ સ.અ.વ. પર અને તેમની આલ પર દુરૂદ નાઝિલ કર અને મારા ગુનાહોને માફ કર.

બારે ઇલાહા! જયાં સુધી મારી જિંદગી નેક અને સારા કામોમાં ખર્ચ થાય ત્યાં સુધી મને જીવતો રાખ અને મને એવા સમયે મોત દે, જે સમયે મોત મારા માટે બેહતર હોય. હું તારા દોસ્તોથી દોસ્તી અને તારા દુશ્મનોથી દુશ્મનીને સારી ગણું છું અને મને એવો બનાવી દે જેવો તું ચાહે છે. અય રહેમ કરવાવાળા-ઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

**પછી દુઆ માંગે અને શુક્રનો સિજદો બજાવી લાવે.**

# મકામે હઝરત ઈદરીસ અ.સ.

અહીં બે રકાત નમાઝ પઢે, જનાબે સય્યદા અ.સ.ની તસ્બીહ પઢે પછી બન્ને હાથો આસમાન તરફ ઊંચા કરી કહે :

**અલ્લાહુમ્મ ઈન્ની સલ્લયતો હાઝેહિસ સલાતબે તેગાઅ મરઝાતેક વ તલબ નાએલેક વ રજાઅ રિફદેક વ જવાએઝેક ફ સલ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ તકબ્બલહા મિન્ની બે અહસને કબૂલિવ વ બલેલિગ્ની બે રહમતેકલ મઅમૂલ વફઅલ બી મા અનત અહલોહૂ યા અરહમર રાહેમીન.**

અય અલ્લાહ! મેં આ નમાઝ તારી ખુશનુદી મેળવવાના હેતુથી અને તારી અતાની ઉમ્મીદમાં અને તારા ઇન્આમ અને બક્ષિશની આશામાં પઢી છે. તો તું મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર દુરૂદ નાઝિલ કર અને મારી આ નમાઝ અને દુઆને કબૂલ કરી લે. શ્રેષ્ઠ સ્વીકાર સાથે અને મને તારી રહેમતથી મારા મકસદ સુધી પહોંચાડી દે અને મારી સાથે એવો વર્તાવ કર જેવો તને શોભે, અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

**પછી દુઆ માંગે અને શુક્રનો સિજદો બજાવી લાવે.**

# મકામે હઝરત ખિઝર અ.સ.

અહીં બે રકાત નમાઝ બજાવી લાવે અને જ. સય્યદા અ.સ.ની તસ્બીહ પઢે અને પછી બંને હાથોને આસમાન તરફ ઊંચા કરી કહે

**અલ્લાહુમ્મ ઈને કાનતિઝ઼ ઝોનૂબો વલે ખંતાંયા કંદે અખ્લકંતે વજેહી ઈંનદક ફ લમે તરફઅ લી ઈલયેક સંવેતને વ લમે તસેતજિબે લી દઅંવતને ફ ઈન્ની અસેઅલોક બેક યા અલ્લાહો ફ ઈન્નહૂ લયસે મિસેલક અહેંદુને વ અતવસ્સલો ઈલયેક બે મોહેંમ્મદિવે વ આલેહી વ અસેઅલોક અને તોસેંલ્લેય અંલા**

**મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ અને તુકબેલ ઇલય્ય બે વજહેકલે કરીમે વ તુકબેલ બે વજહી ઇલયક વ લા તોખયેયિબની હીન અદઉક વ લા તહરિમની હીન અરજૂક યા અરહમર રાહેમીન.**

અય અલ્લાહ! મારા ગુનાહો અને ભૂલોએ મારા ચેહરાને તારી સામે અધમૂઓ કરી દીધો છે. જેના કારણે મારી અવાજ તારી સુધી નથી પહોંચતી અને મારી દુઆ કબૂલ નથી થાતી એટલે હું તારો વાસ્તો આપી તારાથી દુઆ કરૂં છું, ખરેખર તારા જેવું કોઇ નથી અને હું તારાથી મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલના

તુફેલથી સવાલ કરૂં છું અને સવાલ કરૂં છું કે મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર દરૂદ નાઝિલ કર અને મારી તરફ નજરે કરમ કર. અને મારૂં ધ્યાન તારી તરફ ફેરવી દે અને મને નિરાશ ન કરજે જયારે હું તારી પાસે દુઆ કરૂં અને હું તારી પાસે આજીઝી કરૂં તો મને વંચિત ન રાખજે અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

પછી દુઆ માંગે અને શુક્રનો સિજદો બજાવી લાવે.

## મકામે સાલેહીન અ.સ.

અહીં બે રકાત નમાઝ પઢે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે

પછી બંને હાથ આસમાન તરફ ઊંચા કરી કહે :

અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક બિસમેક યા અલ્લાહો અન તોસલ્લેય અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ અન તજઅલ ખયર ઉમરી આખેરહૂ વ ખયર અઅમાલી ખવાતીમહા વ ખયર અય્યામી યવમ અલકાક ફીહે ઈન્નક અલા કુલ્લે શયઈન કદીર. અલ્લાહુમ્મ તકબ્બલ દુઆઈ વસમઅ નજવાય યા અલીય્યો યા અઝીમો યા કાદેરો યા કાહેરો યા હય્યન લા યમૂતો સલ્લે અલા

**મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વગફિર લેયઝ ઝોનૂબલ લતી બયની વ બયનક વ લા તફઝહની અલા રોઉસિલ અશહાદે વહરૂસની બે અયનેકલ લતી લા તનામો વરહમની બે કુદરતેક અલય્ય યા અરહમર રાહેમીન વ સલ્લલ્લાહો અલા સય્યેદેના મોહમ્મદિવ વ આલેહિત તાહેરીન યા રબ્બલ આલમીન.**

અય અલ્લાહ હું તારા નામના વાસ્તાથી તારાથી સવાલ કરૂં છું કે મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.સ. પર દુરૂદ નાઝિલ કર અને મારી વયના છેલ્લા ભાગને નેક બનાવી દે અને મારા આખરી આમાલોને નેક આમાલ

બનાવી દે અને મારા મૃત્યના દિવસોને સારા દિવસો બનાવી દે. ખરેખર તું દરેક ચીઝ પર શક્તિ ધરાવે છે. અય અલ્લાહ! મારી દુઆ કબૂલ કર અને મારી ઇલ્તેજા કબૂલ કરી લે.

અય મહાન, અય અઝીમ, અય શક્તિમાન અય ઝબરદસ્ત, અય એવો જીવંત જેને મૃત્યુ નથી. મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ. પર દુરૂદ નાઝિલ કર અને મારી તથા તારી વચ્ચે જે મારા ગુનાહ છે તેને માફ કરી દે મને ગવાહોની સામે રૂસ્વા ન કરજે અને તારી એ આંખથી મારૂં ધ્યાન રાખજે જે કદી બંધ થતી નથી. (સૂતી નથી) મારા પર રહેમ કર તારી એ શક્તિથી જે મારા પર પ્રભુત્વ ધરાવે છે. અય સૌ રહેમ

કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર અને દરૂદ નાઝિલ કર મોહમ્મદ સ.અ.વ. પર અને તેમની પવિત્ર ઔલાદ પર અય તમામ આલમોના પાલનહાર.

પછી દુઆ માંગે અને શુક્રનો સિજદો બજાવી લાવે.

# મકામે ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.

અહીં બે રકાત નમાઝ અદા કરે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે પછી બંને હાથ ઊંચા કરી કહે :

**યા મન્ હોવ અક્રરબો ઈલય્ય મિન્ હબ્લિલ્ વરીદે યા ફઅ્આલન્ લે મા**

**ચોરીદો યા મંચે યહૂંલો બયેનલે મરેએ વ કૅલેબેહી સૅલ્લે અૅલા મોહૅમ્મદિવે વ આલેહી વ હુૅલ્લ બયેનના વ બયેન મને યુઅઝીંના બે હૅવેલેક વ કુૅવ્વતેક યા કાફી મિને કુલ્લે શયેઈંવે વ લા યકૅફી મિનેહૂ શયેઉને ઈકૅફેનલે મોહિમ્મ મિને અમેરિદે દુનેયા વલે આખેરતે યા અરેહૅમરે રાહેમીન.**

અય મારી ધોરી નસથી પણ વધારે નિકટ રહેનારા એ જે ચાહે તે કરી છૂટનારા, અય ઇન્સાનોના દિલ અને તેના ઇરાદાની વચ્ચે આવનારા, મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલ પર દરૂદ નાઝિલ કર અને મારી તથા મને દુઃખ દેનારાની વચ્ચે રૂકાવટ થઇ જા. તારી

કુવ્વત અને તાકત સાથે. અય બધી ચીઝોમાં કિફાયત કરનાર અને જેનાથી કોઇ ચીઝ બેપરવા નથી થઇ શકતી. મારી દુનિયા અને આખેરતના કામોમાં આસાની પૈદા કર. અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

# મકામે ઈમામે સાહેબુઝઝમાન અ.સ.

**અહીં હાજર થઇ આ મુજબ ફરિયાદ કરેઃ**

**સલામુલ્લાહિલ કામેલુત તામ્મુશ શામેલુલ આમ્મો વ સલવાતો હુદ દાએમતો વ બરકાતો હુલ કાએમતુત તામ્મતો અલા હુજ્જતિલ્લાહે વ વલીય્યેહી ફી અરઝેહી વ**

બેલાદેહી વ ખલીફતેહી અલા ખલ્કેહી વ એબાદેહી વ સોલાલતિન નોબુવ્વતે વ બકીય્યતિલ ઈતરતે વસ સફવતે સાહેબિઝ ઝમાને વ મુઝ્હેરિલ ઈમાને વ મોલક્કેને અહકામિલ કુરઆને વ મોતહહેરિલ અરઝે વ નાશેરિલ અદલે ફિત્તૂલે વલ અરઝે વલ હુજ્જતિલ કાએમિલ મહદીય્યિલ ઈમામિલ મુન્તઝરિલ મરઝીય્યે વબ્નિલ અઈમ્મતિત તાહેરીનલ વસીય્યીબ્નિલ અવ સૈયાઈલ મરઝીય્યીનલ હાદીલ મઅસૂમિબ્નિલ અઈમ્મતિલ હોદાતિલ મઅસૂમીન. અસ્સલામો અલયક યા

મોઈઝ્ઝલે મુઅમેનીનલે મુસતઝ્અફીન. અસ્સલામો અલયક યા મોઝિલ્લલે કાફેરીનલે મોતકબ્બેરીનઝ્ ઝાલેમીન. અસ્સલામો અલયક યા મવ્લાય યા સાહેબઝ્ ઝમાને. અસ્સલામો અલયક યબ્ન રસૂલિલ્લાહે. અસ્સલામો અલયક યબ્ન અમીરિલ મુઅમેનીન. અસ્સલામો અલયક યબ્ન ફાતેમતુઝ્ ઝહેરાએ સય્યેદતે નિસાઈલ આલમીન. અસ્સલામો અલયક યબ્નલ અઈમ્મતિલ હોજજિલ મઅસૂમીન વલ ઈમામે અલલ ખલ્કે અજમઈન. અસ્સલામો અલયક યા મવ્લાય સલામ મુખ્લેસિન લક ફિલ

વિલાયતે. અશ્હદો અન્નકલે ઈમામુલે મહદીય્યો કૌવલન વ ફેઅ્લન વ અનતલે લઝી તમ્લઉલ અરઝ કિસતન વ અદલન બઅ્દ મા મોલેઅત ઝુલ્મન વ જવરન ફ અજ્જલલ્લાહો ફરજક વ સહલ મખ્રજક વ કર્રબ ઝમાનક વ કસ્સર અન્સારક વ અઅ્વાનક વ અનજઝ લક મા વઅ્દક ફ હોવ અસ્દકુલ કાએલીન વ નોરીદો અન નમુન્ન અલલ લઝીનસ તુઝ્અફૂ ફિલ અરઝે વ નજ્અલહુમ અઈમ્મતન વ નજ્અલહોમુલ વારેસીન યા મવલાય યા સાહેબઝ ઝમાને યબ્ન રસૂલિલ્લાહે હાઝેહી હાજતી.

પછી પોતાની હાજતો માંગે અને કહે.

ફશ્શ્અ લી ફી નજાહેહા ફ કઝે તવજ્જહતો ઈલયક બે હાજતી લે ઈલ્મી અન્ન લક ઈન્દલ્લાહે શફાઅતન મકબૂલતન વ મકામન મહમૂદન ફ બે હકકે મનિખ તસ્સકુમ બે અમરેહી વર તઝાકુમ લે સિર્રેહી વ બિશ શઅનિલ લઝી લકુમ ઈન્દલ્લાહે બયનકુમ વ બયનહૂ સલિલ્લાહ તઆલા ફી નુજ્હે તલેબતી વ ઈજાબતે દઅવતી વ કશ્ફે કુરબતી.

અલ્લાહના કામિલ, શામિલ, તમામ અને આમ સલામ હો. આપ પર અને તેની હંમેશા

રહેવાવાળી દુરૂદ અને સંપૂર્ણ અને સનાતન બરકાતો ઉતરે અલ્લાહની હુજ્જત પર અને જમીન પરના તેના વલી પર અને તમામ શેહરો પરના હાકિમ અને તેની મખ્લૂકાત અને બંદાઓ પર તેના ખલીફા પર અને એ હુજ્જત પર જે નબુવ્વતનો ખુલાસો છે અને તેની ઔલાદમાં બાકી રહેનાર પર. અને જે મુન્તખબ અને ઝમાનાના ધણી છે. ઈમાનના જાહેર કરનારા છે. કુરઆનના હુકમોની તલકીન (ભલામણ) છે, અને જમીનને પાક કરનાર છે અને જમીનના પટ પર ઇન્સાફને કાયમ કરનારા છે, જે હુજ્જત છે, કાયમ છે, મહેદી છે અને ઈમામ છે જેની વાટ જોવાઇ રહી છે. જે ચૂંટાયેલા છે. પાક ઈમામોના બેટા છે, જે વસી છે અને મુન્તખબ વસીઓના ફરઝંદ

છે, જે હિદાયત પામેલા અને માઅસૂમ છે, અને માઅસૂમ હાદી ઈમામોના ફરઝંદ છે.

સલામ હો તમારા પર અય નિર્બળ મોઅમેનીનોને ઈઝ્ઝતદાર બનાવનાર. સલામ હો તમારા પર અય મગરૂર અને ઝાલિમ કાફિરોને રૂસ્વા કરનાર. સલામ હો તમારા પર અય મારા આકા, અય ઝમાનાના ઈમામ, અય મોહમ્મદ સ.અ.વ.ના ફરઝંદ તમારા પર સલામ હો અય અમીરૂલ મોઅમેનીનના ફરઝંદ. તમારા પર સલામ હો, અય દુનિયા અને અખેરતની ઔરતોની સરદાર જનાબે ફાતેમા ઝેહરા સ.અ.ના ફરઝંદ. તમારા પર સલામ હો, અય માઅસૂમ હુજ્જતો અને ઈમામોના ફરઝંદ. તમારા પર સલામ હો તમે તમામ મખ્લૂક પર ઈમામ છો. સલામ હો

તમારા પર અય મારા આકા આપના આ મુખ્લીસ ચાહકના. આપ પર સલામ હો. હું ગવાહી આપું છું કે આપ વાણી અને વર્તનથી હિદાયત કરનારા છો અને આપ ધરતીને અદલો ઇન્સાફથી ભરી દેનારા છો. જયારે તે ઝુલ્મ અને અત્યાચારમાં જકડાયેલી હશે. અલ્લાહ આપના આવવામાં જલ્દી કરે અને આપને જલ્દી જાહેર કરે અને તમારી હકૂમતનો કાળ અમારાથી નજદીક કરે. તમારા મદદગારોમાં વધારો કરે અને આપના દોસ્તોમાં વધારો કરે અને તમારી સાથે કરેલા વાયદાને અલ્લાહ પૂરો કરે કારણ કે તે વાયદામાં સૌથી સાચો છે. (અને એ ફરમાવે છે) અમારો ઇરાદો છે કે જમીન પર, નિરાધાર કરી દેવાએલા ઉપર અમે એહસાન કરીએ અને તેમને જ અમે

સર્વોપરી બનાવીએ અને તેમને જ જમીનના માલિક બનાવી દઇએ અય મારા મૌલા, અય સમયના માલિક, અય અલ્લાહના રસૂલ સ.અ.વ.ના ફરઝંદ આ મારી હાજતો છે.

**પછી પોતાની હાજતો માંગે અને કહે :**

આ મારી હાજતો પૂરી થવામાં મારી શફાઅત કરો. મેં તમારી પાસે મારી હાજતો એટલે પેશ કરી છે કે અલ્લાહ પાસે તમારી શફાઅત કબૂલ થાય છે અને હું જાણું છું અને તેની પાસે તમારૂં ઊંચું સ્થાન છે. તેના હકનો વાસ્તો જેણે પોતાના હુકમો માટે તમને ખાસ નીમ્યા અને પોતાના રહસ્યો માટે તમારી વરણી કરી અને એ શાનનો વાસ્તો જે તમારી પાસે છે. અલ્લાહથી સવાલ કરો કે તે મારી

માંગણીઓ સ્વીકરી લે અને મારી દુઆને કબૂલ ફરમાવે અને મારી પરેશાનીઓને દૂર કરે.

પછી દુઆ માંગે અને અહીં બે રકાત નમાઝ પઢે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે પછી આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ અઁઝૉમલે બલાઓ વ બરેહલે ખઁફાઓ વને કશફલે ગઁતાઓ વને કતઅરે રજાઓ વ ઝાકતિલે અરઝાં વ મોનેઅતિસે સમાઓ વ અનતલે મુસતઆનો વ ઇલયકલે મુશતકા વ અલયકલે મોઅવ્વલો ફિશે શિદદતે વરે રખાએ. અલ્લાહુમ્મ સઁલ્લે અઁલા મોહમ્મદિવે વ આલે મોહમ્મદિને ઉલીલે**

અમેરિલે લઝીન ફરેઝત અલયનેહા તાઅતહુમે વ અરરફતના બ ઝાલેક મનેઝેલતહુમે ફ ફરેરિજે અન્ના બે હકેકેહિમે ફરજને આજેલને કરીબને કલમેહિલે બસરે અવ હોવ અકરબો યા મોહમ્મદો યા અલીય્યો યા અલીય્યો યા મોહમ્મદો ઈકફેયાની ફ ઈન્નકોમા કાફેયાને વનેસોરાની ફી ઈનેનકોમા નાસેરાને યા મવલાના યા સાહેબઝે ઝમાન અલે ગવસ અલે ગવસ અલે ગવસ. અદરિકની અદરિકની અદરિકની અસ્સાઅત અસ્સાઅત અસ્સાઅત અલે અજલ અલે અજલ અલે અજલ. યા

**અરહમર રાહેમની બે હક્કે મોહમ્મદિન વ આલેહિત તાહેરીન.**

અય પરવરદિગાર ! બલા મોટી થઇ ગઇ. ગુપ્ત વાતો જાહેર થઇ ગઇ. પર્દાઓ ઉઘડી ગયા અને આશાઓ તૂટી ગઇ. જમીન તંગ થઇ ગઇ અને આસમાને (દયાને) રોકી લીધી. હવે માત્ર તારાથી જ શિકાયત કરી શકાય છે અને સુખ દુઃખમાં તારા પર જ ભરોસો કરી શકાય છે. અય અલ્લાહ મોહમ્મદ સ.અ.વ. પર અને તેમની આલ પર દુરૂદ નાઝિલ ફરમાવ. જેમની ઇતાઅત અમારા પર તેં વાજિબ કરી દીધી છે અને તેમના મરતબાનું અમને ભાન કરાવ્યું છે તેમના વાસ્તાથી અમારી મુશ્કિલોને આસાન કર જલ્દી કર, હમણાં જ, ક્ષણ ભરમાં બલકે

તેનાથી પણ નજદીક, અય મોહમ્મદ સ.અ.વ. અય અલી અ.સ. અય અલી અ.સ. અય મોહમ્મદ સ.અ.વ. આપ બન્ને હઝરાત મારી મદદ ફરમાવો કેમે તમે જ મારી મદદ કરી શકો છો અને આપ બન્ને હઝરાત મારી કિફાયત કરો કારણ કે આપ બન્ને જ મારા માટે કાફી છો, અય મારા મૌલા ! અય જમાનાના ધણી ફરિયાદ છે, ફરિયાદ છે, ફરિયાદ છે. મારી મદદ કરો, મારી મદદ કરો, મારી મદદ કરો, આ ઘડીએ, આ ઘડીએ આ ઘડીએ, જલ્દી, જલ્દી જલ્દી. અય બધા રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલના સદકે મારી દુઆ કબૂલ ફરમાવ.

# ઝૈદ બિન સોહાન અને સાઅસા બિન સોહાન ની મસ્જિદ વિશે

ઝૈદ, અને સોઅસા બિન સોહાન બન્ને ભાઇઓ હઝરત અલી અ.સ.ના ખાસ સહાબી હતા. અને હઝરત અલી અ.સ.ની શહાદત પછી મૌલાના ગુસલ કફનમાં પણ શામીલ હતા.

આ મસ્જિદો તેઓના ઘર હતા. અહીં ઇબાદત કરવાનો ઘણો સવાબ છે. અહીંયા ખુદ હઝરત અલી અ.સ.એ પણ નમાઝ પઢી છે અને લગભગ ઇમામો અ.સ. પણ અહીં આવી ચૂકયા છે. અહીં ઇબાદત કરવાનો ઘણો સવાબ છે.

# ઝૈદ બિન સોહાન (રઝી.)ની મસ્જિદ

ઝૈદ બિન સોહાન રઝી. હઝરત અલી અ.સ.ના ખાસ સહાબી હતા. આ મસ્જિદ તેમને સંબંધિત છે.

મસ્જિદમાં દાખલ થતી વખતે દરવાજા પર ઉભા રહી કહે :

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ ખૅયરૅલ અસ્મૉએ લિલ્લાહે તૅવક્કલ્તો અૅલલ્લાહે લા હૅવલ વલા કુૅવ્વત ઈલ્લા બિલ્લાહે અલ્લાહુમ્મ સૅલ્લે અૅલા મોહૅમ્મદિન વ આલે મોહૅમ્મદિન વફ્તૅહ લી અબવાબ રહૅમતેક વ અગ્લીક અૅન્ની અબવાબ**

**મઅસિંય્યતેક વજેઅલ્ની મિને ઝુવ્વાર વ ઉમ્માર મસાજેદેક વ મિમ્મને યોનાજીક બિલે લયલે વન્નહારે વ મેનલ્લઝીન હુમે ફી સંલાતેહિમે ખાંશેઉને વદે હંરે અંન્નીયશે શય્તાંનીરે રજીમ વ જોનુદે ઇબ્લીસ.**

અલ્લાહના નામથી અલ્લાહની મદદથી અલ્લાહ તરફ, દરેક બહેતરીન નામ અલ્લાહ માટે જ છે. અલ્લાહ પર જ ભરોસો કરૂ છું જેના સિવાય કોઇ શક્તિ કે તાકત નથી, અલ્લાહ મોહમંદ અને આલે મોહમંદ ઉપર રહેમત નાઝિલ ફરમાવ મારા ઉપર તારી રહેમત અને તોબાના દરવાજા ખોલી દે અને

ગુનાહના દરવાજા બંધ કરી દે મને તારા ઘરનો ઝિયારત કરનાર, તારી મસ્જિદો આબાદ કરનાર, રાત-દિવસ તારાથી મુનાજાત કરનાર, નમાઝમાં વિનમ્રતા દેખાડનાર બનાવ, શૈતાને રજીમ અને ઇબ્લીસના લશ્કરને મારાથી દૂર કર.

**પછી મસ્જિદમાં દાખલ થાય અને બે રકાત નમાઝ પઢે, અને જનાબે સય્યદા સલા. ની તસ્બીહ પઢે, અને પોતાના હાથો દુઆ માટે ઊંચા કરી કહે :**

**ઈલાહી કંદ મદદ ઈલય્કલ ખોંતૉઉલ મુઝૅનેબો યદય્હે બે હુંસ્ને ઝૅન્નેહી બેક ઈલાહી કંદ જલસલ મોસીઓ બય્ન યદય્ક**

મોકિર્રિરને લક બે સૂએ અમલેહી વ રાજયેયને મિન્કસ્સે સફેહે અને ઝલલેહી. ઈલાહી કંદે રફઅ ઈલયકઝ઼ ઝ઼ાલેમો કફ્ફયહે રાજેયને લે મા લદયક ફ લા તોખય્યેબ્હો બે રહેમતેક મિને ફઝ્લેક. ઈલાહી કંદે જસંલે આએદો એલલે મઆસી બયન યદયક ખાએફને મિને યવ્વેમિને તજેસૂ ફીહિલે ખલાએકો બયન યદયક, ઈલાહી જાઅકલે અબ્દુલે ખાતેઓ ફઝેઅને મુશ્ફેકને વ રફઅ ઈલયક તર્રેફહૂ હઝ્ઝેરને રાજેયને વ ફાઝતે અબ્રેરતોહૂ મુસ્તગ્ફેરને નાદેમને વ ઈઝ્ઝતેક વ જલાલેક મા અરદ્દતો બે મઅસેયતી

મોખાઁલફતક વ મા અઁસઁયતોક ઈઝઁ અઁસઁયતોક વ અના બેક જાહેલુને વ લા લે ઓઁકૂઁબતેક મોતઅઁરરેઝુઁને વ લા લે નઝઁરેક મુસ્તખિઁફેકુને વ લાકિને સવ્વલતે લી નફેસી વ અઓઁનત્ની અઁલા ઝાંલેક શિકઁવતી વ ગઁરેરની સિતેરોકલે મુરેખાઁ અઁલય્ય ફ મેનલે આન મિને અઁઝાંબેક મને યસ્તનકેઁઝાંની વ બે હેઁબ્લે મને અઅઁતસેઁમો ઈને કઁતેઁઅઁત હેઁબ્લક અઁન્ની ફ યા સવ્અતાહો ગેંદને મેનલે વોકૂઁફ બયન યદય્ક એઝાં કીઁલ લિલે મોખિઁફેફીન જૂઝૂ વ લિલે મુસ્કેઁલીન હુઁત્તૂઁ અફમઅઁલે મોખિઁફેફીન અજૂઝાં અમે મઅઁલે

**મુસ્કેલીન અહુત્તોં વચ્લી કુલ્લમા કબીર સિન્ની કસોરતે ઝોનૂબી વચ્લી કુલ્લમા તોલ ઉમરી કસોરતે મઆસીય્ય ફકમે અતૂબો વ કમે અઉદો અમાઓન લી અને અસ્તહીય્ય મિને રબ્બી. અલ્લાહુમ્મ ફ બે હકકે મોહમ્મદિને વ આલે મોહમ્મદિને ઇગફિરલી વરહમ્ની યા અરહમર રાહેમીન. વ ખેંયરલ ગાફેરીન.**

અય અલ્લાહ ગુનેહગાર અને ખતાકાર બંદો નેક ગુમાની સાથે તારી બારગાહમાં હાથ ફેલાવે છે અય અલ્લાહ ગુનેહગાર બંદો તારી સામે છે અને પોતાના ખરાબ આમાલોને કબૂલ કરી રહ્યો છે. એ ઉમ્મીદની

સાથે કે તું તેની ભૂલ તરફ ધ્યાન નહી આપે અય અલ્લાહ તારા તરફ ઝાલીમ બંદાએ પોતાની હથેળી બુલંદ કરેલી છે. જે કાંઇ તારા પાસે છે તેની ઉમ્મીદ લગાવીને, તો તારી રહેમત અને ફઝલો કરમના વાસ્તાથી તેને ના ઉમ્મીદ ન કરજે. અય અલ્લાહ તારી સામે ગુનાહો તરફ પાછા ફરનાર તારા બંદાએ ગોઠણો ટેકયા છે. એ દિવસના ડર સાથે જે દિવસે તમામ મખ્લૂકે તારી સામે ગોઠણ ટેક્યા હશે. અય અલ્લાહ તારી બારગાહમાં ખતાકાર બંદો આવ્યો છે ડરેલો અને ગભરાયેલો છે અને તારી તરફ આશા અને ડરની સાથે જોવે છે અને તેની આંખોથી આંસુ જારી છે અને ગુનાહોથી તૌબા કરી

રહ્યો છે અને પસ્તાવો કરી રહ્યો છે. તારી ઇજ્જત અને ઝલાલની કસમ મેં તારી મુખાલેફતના કારણે ગુનાહ નથી કર્યા. અને એ હાલતમાં પણ ગુનાહ નથી કર્યા કે હું જાહીલ હતો. અને તારી સજાને પાત્ર થવા પણ ન હોતો માંગતો અને ન એ કારણ કે તારી નઝરને હલ્કી ગણતો હતો. પણ મારા નફસે ગુનાહને મારા માટે સુશોભીત કરી દેખાડ્યુ અને મારી બદબખ્તીએ તેની મદદ કરી અને તારી પરદાપોશીએ મને મગરૂર કરી દીધો. અગર તે તારાથી મારો સંબંધ કાપી નાખ્યો તો કાલે કયામતના દીવસે ઉભા રહેવાના સમયે હું રૂસ્વા થઇશ. જ્યારે ઓછા બોજવાળા લોકોને કહેવામાં આવશે કે

પસાર થઇ જાઓ અને વધુ બોજવાળા લોકોને પછાડી દેવામાં આવશે. શું હું તે દિવસે વધુ બોજવાળો બની અને પડી જઇશ? વાય થાય મારા ઉપર જેમ જેમ સમય પસાર થાય છે, તેમ તેમ મારા ગુનાહોનો બોજ વધતો જાય છે. કેટલી તૌબા કરૂ. કેટલો પસ્તાવો કરૂ. શુ. એ વખત નથી આવ્યો કે હું તરત મારા પરવરદીગાર થી શરમ કરૂ. અય અલ્લાહ તને મોહમ્મદ અને આલે મોહમ્મદના હકનો વાસ્તો આપુ છું મને માફ કર, મારા પર મહેરબાની કર. અય મહેરબાની કરનારાઓમાં વધારે મહેરબાન. અય માફ કરનારાઓમાં બેહતરીન.

**પછી રડે અને પોતાનું કપાળ જમીન પર રાખે અને કહે :**

**ઈરહમે મન અસાઅ વકતરફ વસ્તકાન વઅતરફ**

મહેરબાની કર એના ઉપર જેણે ખરાબ કામો કર્યા, ગુનાહના કામમાં હાથ નાખ્યા અને પછી લાચાર થઇ ગયો અને ગુનાહોનો એતરાફ કરે છે.

**પછી પોતાનો જમણો ગાલ જમીન પર રાખે અને કહે :**

**ઈન કુન્તો બેઅસલ અબ્દો ફ અન્ત નેઅમર રબ્બો.**

જોકે હું તારો ખરાબ બંદો છું, પણ તું મારો સારો પરવરદિગાર છે.

પછી પોતાનો ડાબો ગાલ જમીન પર રાખે અને કહે :

**અઝોમઝ ઝંમ્બો મિન અબ્દેક ફલ યહંસોનિલ અફવો મિન ઈન્દેક યા કરીમો.**

બંદા તરફથી ગુનાહ મોટો છે, પણ તારી તરફથી માફી બેહતર છે, અય મહેરબાન.

પછી કપાળને ખાક પર રાખી સો વખત **અલ અફવ અલ અફવ** કહે પછી દુઆ માગે.

# સાઅસા બિન સોહાન રઝી. ની મસ્જિદ

સોઅસા બિન સોહાન રઝી.ની મસ્જિદનું પણ ઘણું મહત્વ છે. અહીં ખુદ હઝરત અલી અ.સ. એ પણ નમાઝ પઢી છે. અને લગભગ ઇમામ અ.સ. પણ અહી આવી ચૂક્યા છે અહીં ઇબાદત કરવાનો ઘણો સવાબ છે.

મસ્જિદમાં દાખલ થાય અને બે રકાત નમાઝ પઢે જનાબે સય્યદા સલા.ની તસ્બીહ પછી આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ યા ઝંલે મેનનિસે સાબેગંતે વલે આલાઈલે વાઝેઅંતે વરે રહેંમતિલે**

વાસેઅંતે વલે કુંદેરતિલે જામેઅંતે વને નેઅંમિલે જસીમતે વલે મવાહેબિલે અઁઝીમતે વલે અયાદિલે જમીલતે વલે અંતાંયતે જઝીલતે. યા મને લા યુનેઅંતો બે તમ્સીલિન વ લા યોમસ્સંલો બે નઝીરિને વ લા યુગંલબો બે ઝહીરિને. યા મને ખંલકં ફરઝકં વ અલ્હમ ફ અન્તંકં વબ્તદઅં ફ શરઅં વ અંલા ફરેતફઅં વ કંદેદર ફ અહંસન વ સંવ્વર ફ અત્કંન વહેંતજેજ ફ અબ્લગં વ અનેઅંમ ફ અસ્બગં વ અઅંતાં ફ અજેઝલ વ મનહં ફ અફેઝંલ. યા મને સમા ફિલે ઈંઝેઝે ફફાત નવાઝેરલે અબ્સાંરે વ દના ફિલે લુતંફે ફ

જાઝ હવાજેસલે અફ્કારે. યા મને તવહૅહૅદ બિલે મુલ્કે ફ લા નિદેદ લહૂ ફી મલકૂતે સુલ્તાનેહી વ તફરેરદ બિલે આલાએ વલે કિબરેયાએ ફ લા ઝિંદેદ લહૂ ફી જબરૂતે શઅનેહી યા મને હારતે ફી કિબ્રેયાએ હયબતેહી દકાયેકો લતાયેફિલે અવ્હામે વન્હસરતે દૂન ઈદરાકે અઝમતેહી ખતાયેફો અબ્સારિલે અનામે યા મને અનતિલે વોજૂહો લે હયબતેહી વ ખઝઅતિરે રેકાબો લે અઝમતેહી વ વજેલતિલે કોલૂબો મિને ખીફતેહી અસ્અલોક બે હાઝેહિલે મિદહતિલ લતી લા તમ્બગી ઈલ્લા લક વ બે મા વ અયત

બેહી અંલા નફસેક લે દાઈક મેનલ મુઅમેનીન વ બે મા ઝંમિન્તલ ઈજાબત ફીહે અંલા નફસેક લિદ્‌ાઈન યા અસ્મઅંસ સામેઈન વ અબ્સંરન નાઝેંરીન વ અસ્રઅંલ હાંસેબીન. યા ઝંલ કુંવ્વતિલ મતીન સંલ્લે અંલા મોહંમ્મદિન ખાંતેમિન નબીય્યીન વ અંલા અહલે બય્તેહી વકંસિમ લી ફી શહરેના હાઝાં ખંય્ર મા કંસમ્ત વહંતિમ લી ફી કંઝાંએક ખંય્ર મા હંતમ્ત વખંતિમ લી બિસ્સઆંદતે ફી મન ખંતમ્ત અહંયેની માં અહંય્યતની મવ્ફરન વ અમિત્ની મસ્રૂરન વ મગ્ફૂરન વ તવલ્લ અન્ત નજાતી મિન મોસાઅલતિલ

**બરઝખેં વદરએં અંન્ની મુન્કરને વ નકીરને વ અરે અંટની મોબશ્શેરને વ બશીરને વજેઅંલે લી ઇલા રિઝંવાનેક વ જેનાનેક મસીંરને વ અંશ્શને કંરીરને વ મુલ્કને કબીરને વ સંલ્લે અંલા મોહંમ્મદિને વ આલેહી કસીંરા.**

અય મઅબુદ અય નેઅમતો આપનાર, અય નેઅમતોને વહેંચનાર, અય વિશાળ રહેમતવાળા, અય પૂરી કુદરત વાળા, અય મહાન નેઅમતવાળા, અય મહાન બક્ષિશવાળા, અય સારી સારી નેઅમતો આપવાવાળા અય મહાન અતાઓવાળા જેના ગુણ બયાન કરવા માટે

કોઇ મિસાલ નથી આપી શકાતી, તેના જેવો કોઇ નથી. કોઇની મદદથી તેને મગલૂબ કરી શકાતો નથી અય કે જેને પેદા કર્યા અને રોઝી આપી અય કે જેણે ઇલ્હામ કર્યુ અને બોલવાની શક્તિ આપી. અય કે જેણે નવીન નકશાઓ કર્યા અને તે જારી કર્યા, બુલંદ કર્યા, બહુ બુલંદ તકદીર કરી બેહતરીન તકદીર, આકાર આપ્યો મજબૂત, દલીલ કાયમ કરી તો સંપૂર્ણ રીતે પહોચાડી નેઅમત આપી તો લગાતાર આપી અતા કર્યુ તો વધારે પ્રમાણમાં અતા કર્યુ. અને જે આપ્યું તે વધતુ ગયુ. અય પોતાની ઇજ્જતમાં એવો બુલંદ જે આંખોથી ગાયબ છે. અને પોતાના લુત્ફો કરમથી નજદીક છે. એવો નજદીક કે

જેનો વિચાર પણ નથી આવી શકતો. અય બાદશાહીમાં એવો અજોડ કે જેની બાદશાહીમાં કોઇ પ્રકારની બાંધછોડ નથી, જે પોતાની નેઅમતો અને મહાનતામાં અજોડ છે. અને તેની મહાન અઝમતનો કોઇ મુકાબલો નથી કરી શકતો. એ એવી અઝમતવાળો છે કે જેની અઝમત સુધી વિચારોની સૂક્ષ્મતા પહોંચી નથી શકતી. તેની અઝમતની બુઝુર્ગી સુધી લોકોની નજર પહોંચી શકિત નથી. અય એ કે જેની હૈબત સામે ચહેરાઓ જૂકી જાય છે, અને ગરદનો નીચી થઇ જાય છે, દિલો ગભરાય જાય છે, હું તારા આ વખાણ દ્વારા કે જે તારા સિવાય કોઇ માટે યોગ્ય નથી, અને એના વાસ્તાથી કે

જેના કારણે દુઆ કરનાર મોઅમીનો માટે તારા નફસ પર લાઝીમ કર્યુ છે અને એના વાસ્તાથી કે જેના કારણે દુઆ કરનારની દુઆ કબૂલ કરવી તારા માટે જરૂરી ઠેરવ્યું છે. અય સાંભળનારાઓમાં બેહતરીન સાંભળનાર, અય જોનારમાં બહેતરીન જોનાર, અય ઝડપથી હિસાબ કરનાર, અય મજબૂત તાકતવર, રહેમત નાઝિલ ફરમાવ. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) પર જેઓ નબુવ્વતના સિલસિલાને ખતમ કરનાર છે અને તેના એહલેબૈત પર અને મારા માટે આ મહિનાની અંદર જે ભલાઇની વહેંચણી કરી છે તેમાં બેહતરીન હિસ્સો ઇનાયત ફરમાવ. અને મારા માટે બેહતરીન ફેંસલો કર અને

આ મહિનો ભલાઇ સાથે સંપૂર્ણ કર. અને જ્યા સુધી તુ મને જીવંત રાખ વિશાળ રોઝી અર્પણ કરજે અને જ્યારે તું મને મૌત આપ ત્યારે બક્ષિશ અને ખુશ્હાલીની હાલતમાં મૌત આપજે. અને બરઝખના સવાલ જવાબમાં મારો સરપરસ્ત બનીજા, મારાથી મુન્કીર અને નકીરને દૂર કરજે. અને બશીર અને મુબશ્શીરને દેખાડજે. મને તારા રિઝવાન અને જન્નતના રસ્તા પર ચલાવજે, અને આંખોને ઠંડક દેનાર જિંદગી અને મહાન હકૂમત ઇનાયત કરજે. મોહમ્મદ (સ.અ.વ.) અને તેની આલ ઉપર ઘણી-ઘણી રેહમતો નાઝિલ ફરમાવ.

# ઝિયારતે જામેઅ્હ

શેખ સદદુકે ફકીહ માં રિવાયત કરી છે કે તમારા માટે એટલું પુરતું છે કે જે કોઇ ઇમામ, નબી કે વસીની ઝિયારતે જાવ ત્યારે ત્યાં આ પઢો :

**અસ્સલામો અ઼લા અવ્લેયાઇલ્લાહે વ અસ્ફેયાએહી અસ્સલામો અ઼લા ઓમનાઇલ્લાહે વ અહિબ્બાએહી અસ્સલામો અ઼લા અન્સારિલ્લાહે વ ખો઼લફાએહી અસ્સલામો અ઼લા મહા઼લ્લે મઅ્રેફતિલ્લાહે અસ્સલામો અ઼લા મસાકેને ઝિક્રિલ્લાહે અસ્સલામો અ઼લા**

મુઝ્હેરી અમ્રિલ્લાહે વ નહ્યેહી
અસ્સલામો અ્લદ્ દુઆતે ઈલલ્લાહે
અસ્સલામો અ્લલ્ મુસ્તકિર્રીન ફી
મર્ઝાતિલ્લાહે અસ્સલામો અ્લલ્
મુખ્લેસીન ફી તાઅ્તિલ્લાહે અસ્સલામો
અ્લલ્ અદિલ્લાએ અ્લલ્લાહે અસ્સલામો
અ્લલ્ લઝીન મન્ વાલાહુમ્ ફ કદ્
વાલલ્લાહ વ મન્ આદાહુમ ફ કદ્
આદલ્લાહ વ મન્ અ્રફહુમ્ ફ કદ્
અ્રફલ્લાહ વ મન્ જહેલહુમ્ ફ કદ્
જહેલ્લલાહ વ મનિઅ્તસમ બેહિમ્ ફ
કદિઅ્ તસમ બિલ્લાહે વ મન્ તખલ્લા
મિન્હુમ્ ફ કદ્ તખલ્લા મેનલ્લાહે અ્ઝ્ઝ

**વ જલેલ વ ઉશહેદુલ્લાહ અનની સિલમુન લે મન સાલમતુમ વ હરબુન લે મન હારબતુમ મુઅમેનુન બે સિર્રેકુમ વ અલાનિયતેકુમ મોફવવેઝુન ફી ઝાલેક કુલલેહિ ઇલયકુમ લઅનલ્લાહો અદુવવ આલે મોહમ્મદિન મેનલ જિનને વલ ઈનસે વ અબરઓ ઇલલ્લાહે મિનહુમ વ સલ્લલ્લાહો અલા મોહમ્મદિન વ આલેહી.**

સલામ થાય અય અલ્લાહના દોસ્તો અને પસંદ કરાયેલા, સલામ થાય અય અલ્લાહના અમાનતદારો અને દોસ્તો, સલામ થાય અય અલ્લાહના મદદગારો અને જાનશીનો, સલામ થાય અય અલ્લાહની માઅરેફત મેળવવાની

જગ્યાઓ, સલામ થાય અય અલ્લાહના ઝિક્રની મંઝિલો, સલામ થાય અય અલ્લાહના હુકમ અને મનાઇને જાહીર કરનારાઓ, સલામ થાય અય અલ્લાહની તરફ, બોલાવનારાઓ સલામ થાય અય અલ્લાહની મરજીમાં સાબિત કદમ રહેનારાઓ, સલામ થાય અય અલ્લાહની તરફ હિદાયત કરનારાઓ, સલામ થાય અય લોકો ઉપર જેનાથી મોહબ્બત કરનારે અલ્લાથી મોહબ્બત કરી જેનાથી દુશ્મની કરનારે અલ્લાહથી દુશ્મની કરી, જેની માઅરેફત મેળવનારે અલ્લાહની માઅરેફત મેળવી જેનાથી જાહિલ રહેનાર અલ્લાહથી જાહિલ રહ્યો, જેનાથી અમાન મેળવનારે અલ્લાહથી અમાન મેળવ્યુ, જેને મૂકી દેનારે અલ્લાહ અઝ્ઝ વજલ્લને મૂકી દીધા, અલ્લાહને

ગવાહ બનાવું છું, હું એનાથી સુલહ રાખુ છું જેની તમારી સાથે સુલહ છે, હું એનાથી લડાઇ કરૂ છું જે તમારાથી લડાઇ કરે છે. તમારી છુપી અને જાહેર બાબતો પર ઇમાન રાખુ છું, દરેક બાબતો તમને સોપું છું, અલ્લાહ આલે મોહમ્મદના દરેક દુશ્મન જિનમાંથી હોય કે ઇન્સાનમાંથી તેના ઉપર લાનત કરે. હું અલ્લાહ પાસે તેમનાથી બેઝારી ચાહું છું અલ્લાહ મોહમ્મદ (સ.અ.વ.) અને તેની આલ પર રહેમત નાઝિલ કરે.

# દુઆએ આલીય્યતુલ મઝામીન

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

અય અલ્લાહ ! મે આ ઇમામ (અ.સ.) ની ઝિયારત તેમની ઇમામતના ઇકરાર અને તેમની ઇતાઅત ફરજ હોવાના અકીદાની સાથે કરી છે. મેં આ ઇમામ (અ.સ.) ની ઝિયારત-ગાહનો ઇરાદો મારા ગુનાહો, મારી ત્રુટિઓ, હલાકતમાં નાખનારી મારી નાફરમાનીઓ, મારી અસંખ્ય બૂરાઇઓ અને મારી ભૂલો અને જે કાંઇ તું મારા કરતાં વધારે જાણો છો તે બધાની સાથે કર્યો છે. તારી માફી થકી છુટકારો ચાહનારો છું, તારા હિલ્મ થકી પનાહ

ચાહનારો છું, તારી રહેમતની ઉમ્મીદ રાખનારો છું, તારા રૂકનને પકડ્યો છે. તારી મહેરબાનીમાં રક્ષણ મેળવનારો છું. તું તારા વલી અને તારા વલીઓના ફરઝંદ, તારા માનીતાઓના ફરઝંદ, તારા અમીન અને તારા અમીનોના ફરઝંદ, તારા ખલીફા અને તારા ખલીફાઓના ફરઝંદની શફાઅત ચાહું છું. કે જેઓને તેં તારી રહેમત અને તારી ખુશ્નુદી મેળવવાના વસીલા બનાવ્યા છે અને તારી મહેરબાની અને તારી માફીના માધ્યમો બનાવ્યા છે. અય અલ્લાહ ! તારી બારગાહમાં મારી સૌથી પહેલી હાજત આ છે કે મારા અગાઉના ગુનાહોને ઘણા હોવા છતાં તું માફ કરી દે અને મારી બાકીની જિંદગીમાં મને ગુનાહોથી બચાવ. અને મારા દીનને એવી

વસ્તુઓથી પાક રાખજે કે જે તેને કલંકિત અને અપમાનિત કરે છે. તું તેના શંકા, કુશંકા, શિર્ક અને ફસાદથી રક્ષણમાં રાખ. તું મને તારી ઇતાઅત અને તારા રસૂલ (સ.અ.વ.)ની ઇતાઅત અને તેમની ઉચ્ચ અને સઆદતમંદ આલની ઇતાઅત અને તાબેદારી ઉપર સાબિત કદમ રાખ. તેઓ ઉપર તારી સલવાત, તારી રહેમત અને તારી બરકતો નાઝિલ કર. અને જ્યાં સુધી તું મને જીવંત રાખ ત્યાં સુધી તેઓની ઇતાઅત ઉપર બાકી રાખજે અને જ્યારે તું મને મૃત્યુ આપ તો તેઓની ઇતાઅત ઉપર જ મને મૌત આપજે. અને એ કે તેઓની મવદ્દત, તેઓની મોહબ્બત, તેઓના દુશ્મનો પ્રત્યેની દુશ્મની અને તેઓના દોસ્તોને સાથ આપવાનું અને

તેઓ સાથે નેકી કરવાનું તું મારા દિલમાંથી મિટાવી નાંખતો નહીં. અય મારા પરવરદિગાર ! હું તારી પાસે સવાલ કરૂં છું કે મારી આ વાતને કબૂલ કર. અને તું તારી ઇબાદત અને તેની પાબંદીને મારા માટે પસંદીદા બનાવી દે અને તેમાં મને સ્ફૂર્તિ આપ. તારી હરામ કરેલ બાબતો અને ગુનાહોને મારી નજરમાં તિરસ્કાર ભર્યા બનાવી દે અને મને તેનાથી દૂર રાખ. અને મને એવી તૌફીક આપ કે નમાઝ પડવામાં સુસ્તી ન કરૂં, અને તેને હલ્કી ન સમજું અને તેને અદા કરવામાં મોડું ન કરૂં. અને મને તૌફીક આપ કે હું એ (નમાઝ)ને એવી રીતે અદા કરૂં કે જેવી રીતે તે ફર્ઝ કરી છે અને જેવી રીતે તેં હુકમ કર્યો છે. તારા રસૂલ, તેમના ઉપર અને તેમની આલ ઉપર તારી

સલવાત, તારી રહેમત અને તારી બરકતો મોકલ, કે (નમાઝને) તેમની સુન્નત પ્રમાણે નમ્રતા અને વિનમ્રતા સાથે અદા કરૂં. અને ઝકાત અદા કરવા માટે, સદકો આપવા માટે, નેક કાર્યમાં ખર્ચ કરવા માટે અને આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના શિયાઓ સાથે નેકી અને એહસાન કરવામાં, અને તેમની સાથે સદ્વ્વર્તાવ કરવા માટે તું મારા દિલને વિશાળ કરી દે. અને મને ત્યાં સુધી મૌત આપતો નહીં જ્યાં સુધી તારા મોહતરમ ઘર કા'બાની હજ અને તારા નબી (સ.અ.વ.) તથા ઇમામો (અ.મુ.સ.) ની કબરોની ઝિયારત ન કરી લઉં. અય મારા પરવરદિગાર ! હું તારી પાસે નસૂહના જેવી તૌબાનો સવાલ કરૂં છું. કે જેનાથી તું રાજી થઇ જા, એવી નિય્યત કે જેના

તું વખાણ કરે અને એવા નેક અમલ કે જેને તું કબૂલ કરી લે. અને એ કે તું મને માફ કરી દે અને જ્યારે તું મને મૌત આપ તો મારા ઉપર રહેમ કરજે અને મૌતના સમયે સકરાતની મુશ્કેલીને મારી ઉપર આસાન કરજે અને મોહમ્મદ અને આલે મોહમ્મદ તેમના ઉપર અને તેમની આલ ઉપર અલ્લાહની સલવાત થાય. તેઓના ચાહનારાઓના સમૂહની સાથે મને ઉઠાડજે અને તારી રહેમત થકી મને જન્નતમાં દાખલ કરજે. અને એ કે તારી ઇતાઅતમાં મારી આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગે અને એવી વાતોમાં મને રૂદન કરવાની તૌફીક દે કે જે મને તારાથી નજદીક કરી દે. અને મારા દિલને તારા દોસ્તો પ્રત્યે લાગણીશીલ બનાવી દે. અને આ દુનિયામાં

નુકશાનો, આફતો, મોટી બીમારીઓ, હઠીલા રોગો અને દરેક પ્રકારની બલાઓ અને દુર્ઘટનાઓથી તું મને બચાવજે. અને તું મારા દિલને હરામથી પાક કરી દે, તારી નાફરમાની પ્રત્યે તિરસ્કાર પૈદા કરી દે, અને મારામાં હલાલ પ્રત્યેની મોહબ્બત નાંખી દે. અને તું મારા માટે તે (હલાલ વસ્તુઓ) ના દરવાજા ખોલી નાખ અને તેની ઉપર જ મારી નિય્યત તથા અમલને મક્કમ રાખજે. અને મારી વય લાંબી કર. અને રંજો ગમના દરવાજાઓને મારા માટે બંધ કરી દે. અને મારા ઉપર તેં જ કાંઇ ઉપકાર કર્યા છે તેને મારી પાસેથી છીનવી લેતો નહીં. અને જે વસ્તુ આપીને તેં મારા ઉપર જે કાંઇ એહસાન કર્યો છે તેમાંથી મારી પાસે કાંઇ પાછું લઇ લેતો નહીં. અને તે

નેઅમતો કે જે તે મને અતા કરી છે તેનાથી મને વંચિત કરતો નહીં. અને તેં મને જે કાંઇ આપ્યું છે તેમાં વધારો કરજે, તેને બમણું અથવા તેનાથી વધારે કરી દેજે. અને તું ખૂબ જ વધારે અને વિશાળ માલ, જે બહોળો હોય, ખુશ કરનારો હોય, મુબારક હોય, વધતો રહે અને જોઇએ તેટલો હોય. અને એવી ઇઝઝત આપ કે જે બાકી રહેનારી અને પૂરતી હોય. અને એવો દરજ્જો આપ જે મજબૂત અને સુરક્ષિત હોય. અને એવી નેઅમત આપ જે વિપુલ અને બહોળી હોય. અને તેના થકી મને તકલીફ ભરેલી વસ્તુઓથી અને મુશ્કેલીભર્યા કામોથી બેનિયાઝ કરી દે. અને મારા દીન, મારી જાત, મારી ઔલાદ અને જે કાંઇ તેં મને અતા કર્યું છે અને નવાજ્યો છે તેના થકી એ બધા

(મુશ્કેલીભર્યા) કામોમાંથી મને નજાત આપ. તું મારા માલ અને જે કાંઇ તેં મને અતા કર્યું છે તે બધાને સુરક્ષિત રાખ. અને મને ઝાલિમોના હાથોથી બચાવજે, અને મને મારા વતન પરત પહોંચાડી દેજે. અને તું મારી દુનિયવી અને આખેરતની આરજૂઓને પૂરી કરી દે. અને તું મારા કાર્યનો અંજામ પ્રસંશનીય, સારો અને ત્રુટિ વગરનો કરજે. અને તું મને ઉદાર દિલવાળો, સમૃધ્ધ હાલતવાળો અને સારા અખ્લાકવાળો બનાવી દે કે જે કંજૂસી, નિફાક, જૂઠ, બોહતાન અને નકામી વાતોથી દૂર હોય. મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) અને તેમના શિયાઓની મોહબ્બતને મારા દિલમાં દ્રઢ કરી દે. અય મારા પરવરદિગાર ! મારી જાતને,

મારા કુટુંબીઓને, મારા માલને, મારી ઔલાદને, મારા હમદર્દોને મારા ભાઇઓને, મારાથી મોહબ્બત રાખનારાઓને અને મારા વંશજોને તારી રહેમત અને તારી સખાવત વડે રક્ષણમાં રાખજે. અય અલ્લાહ ! તારી બારગાહમાં આ મારી હાજતો છે, જેને મેં મારી ટૂંકી નજરના કારણે ઘણી માની છે, જ્યારે કે તારી નજરમાં તે તદ્દન નજીવી અને તેને પૂરી કરવી તારા માટે ઘણી સહેલી અને સરળ છે. તેથી મોહમ્મદ અને આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના જે દરજ્જા તારી નજદીક છે તેના વાસ્તાથી, તેઓના તે હક કે જે તારા ઉપર છે અને તેઓના માટે જે કાંઇ તેં તારા ઉપર જરૂરી ઠરાવ્યું છે તેના વાસ્તાથી અને તારા બીજા બધા નબીઓ, તારા રસૂલો,

તારા ચૂંટી કઢાએલા અને નિખાલસ કરાએલા બંદાઓના વાસ્તાથી અને તે ઇસ્મે આઝમના વાસ્તાથી તે બધી જ હાજતોનો તારી પાસે સવાલ કરૂં છું કે જેને તેં હજી સુધી પૂરી કરી નથી. અને મારી તે ઇચ્છાઓને જેને તેં પૂરી કરીને મારી આશા અને મારી અપેક્ષામાં મને નિરાશ કર્યો ન હતો તું આ સાહેબે કબ્રને મારી શફાઅત કરનાર બનાવજે. અય મારા સરદાર ! અય અલ્લાહના વલી ! અય અલ્લાહના અમાનતદાર ! આપના પાકીઝા અજદાદના હક્કના વાસ્તા અને આપના ચૂંટી કઢાએલા ફરઝંદના હક્કના વાસ્તા થકી સવાલ કરૂં છું કે મારી આ બધી જ હાજતો માટે આપ અલ્લાહ અઝઝ વ જલ્લની બારગાહમાં મારી શફાઅત કરો. કારણ કે અલ્લાહની નઝદીક, કે જેના

નામો પાકીઝા છે, આપના માટે આદરણીય દરજ્જો, ગૌરવશાળી મરતબો અને મજબૂત સ્થાન છે. અય અલ્લાહ ! અગર હું એવા કોઇને ઓળખતો હોત કે જે આ ઇમામ, તેમના અજદાદ અને તેમના પાકીઝા ફરઝંદો, તેઓ ઉપર સલામ અને સલવાત થાય, કરતા તારી બારગાહમાં વધારે માનવંત હોય તો હું તેઓને જ મારો શફીઅ બનાવત અને મારી આ હાજતો અને માંગણીઓને તેમની સામેજ રજૂ કરત. તેથી મને સાંભળ અને મારી દુઆને કબૂલ કર, અને તું મારી સાથે એવો વર્તાવ કર જે તારી શાનને લાયક છે. અય રહેમ કરનારાઓમાં સૌથી શ્રેષ્ઠ રહેમ કરનાર ! અય અલ્લાહ ! અને મારી માંગણીઓમાં જે કાંઇ કમી રહી ગઇ છે અને જ્યાં સુધી મારી સમજ

પહોંચી શકી નથી કે જે મારા દીન, મારી દુનિયા અને મારી આખેરતમાં ઉપયોગી હોય તું મને તેમનાથી નવાજ. અને તું મારી હિફાઝત કર અને મારૂં રક્ષણ કર અને મને બક્ષી દે અને મને માફ કરી દે. અને સરકશ શૈતાન અથવા દુશ્મન બાદશાહ અથવા દીનમાં મારો વિરોધી અથવા દુનિયામાં ઝઘડાખોર અથવા મારી નેઅમતો ઉપર ઈર્ષા કરનાર અથવા ઝાલિમ અથવા બગાવત કરનાર આ બધામાંથી જે કોઇ પણ મારૂં બૂરૂ ઇચ્છે અથવા મને સતાવવાનો ઇરાદો કરે તો તું તેના હાથને મારાથી રોકી લેજે, મને તેની જાળથી છુટકારો અપાવજે અને તેને જ તેમાં ફસાવી દેજે. અને તેની બૂરાઇ અને તેના અનુયાયીઓની તથા તેના શૈતાનોની બૂરાઇ સામે તું મારા માટે

પૂરતો થઇ જા. અને તેની બૂરાઇ મને નુકશાન પહોંચાડે અને મને ઇજા પહોંચાડે તે દરેકથી મને તારી પનાહમાં રાખ. અને બધી જ ભલાઇઓ કે જે કાંઇ હું જાણું છું અને જે કાંઇ હું નથી જાણતો તે બધીજ તું મને અતા કર. અય અલ્લાહ ! મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ. ઉપર રહેમત નાઝિલ કર. મને, મારા માં-બાપને, મારા ભાઇઓને, મારી બહેનોને, મારા કાકાઓને, મારી ફોઇઓને, મારા મામાઓને, મારી માસીઓને, મારા દાદાઓને, મારી દાદીઓને, તેઓની અવલાદને, તેઓના વંશજોને, મારી પત્નીઓને, મારા વંશજોને, મારા સગાઓને, મારા દોસ્તોને, મારા પાડોશીઓને, પૂર્વ તથા પશ્ચિમમાં રહેતા આપનાં સંબંધીથી જેઓ

મારા ભાઇઓ છે તે બધાને, મોમીનો અને મોમેનાતમાંથી મારી મોહબ્બત ધરાવનારા-ઓમાંથી જેઓ જીવતા છે અને તેઓમાંથી જેઓ મૃત્યુ પામ્યા છે તેઓને અને તેઓ કે જેમણે મને નેક વાતો શીખવાડી અથવા જેણે મારી પાસેથી ઇલ્મ હાંસિલ કર્યું તેઓ બધાને તું માફ કરી દે. અય અલ્લાહ ! તારી રહેમતના સદકામાં તું તેઓને મારી નેક દુઆઓમાં અને તારી હુજ્જત અને તારા વલીની ઝિયારતગાહમાં જે ઝિયારત કરી રહ્યો છું તેમાં તેઓને શરીક કરી દે અને તેઓની નેક દુઆઓમાં મને શરીક કરી દે. અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર ! અને તેમના તરફથી તારા વલીને સલામ પહોંચાડી દે. આપના ઉપર સલામ થાય અને

અલ્લાહની રહેમત અને તેની બરકતો થાય. અય મારા સરદાર ! અને અય મારા મૌલા ! (અહીં જેમની ઝિયારત કરી રહ્યા હોય તેમનું મુબારક નામ લે) અલ્લાહ આપના ઉપર આપની રૂહ ઉપર અને આપના બદન ઉપર સલવાત નાઝિલ કરે. અલ્લાહની બારગાહમાં આપ જ મારા વસીલા અને તેની તરફ આપજ મારા માધ્યમ છો. મારી પાસે તમારા પ્રતિ મોહબ્બતનો અને ઉમ્મીદનો હક છે. તેથી મારા આ રોકાણ દરમિયાન મારી આ વાત માટે અલ્લાહ અઝઝ વ જલ્લની બારગાહમાં મારી શફાઅત કરનારા બની જાવ. અને મારા રોકાણની આ જગ્યાએથી જે કાંઇ મેં તેની રહેમત અને તેની કુદરત થકી માંગ્યું છે તે બધાની કબૂલાત સાથે આપ મને પરત

ફરવાની રજા આપો. અય અલ્લાહ ! તું મને સંપૂર્ણ બુધ્ધિ, વધારો થાય તેવી સમજ, બાકી રહે તેવી ઇજ્જત પાકીઝા દિલ, વધારે અમલ અને ઉચ્ચ સંસ્કારોનું રિઝક અતા કર. અને તારી રહેમત થકી તે બધાને મારા ફાયદામાં કર અને તેને મારા ફાયદા વિરૂધ્ધ નહીં કરતો. અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.